MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૧૩-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 ૨૪ કલાકમાં નવા ૩૬૦૦ પોઝિટિવ કેસઃ વધુ ૮૭ લોકોના મોત

7 કોરોનાના કહેર વચ્ચે કમિશનર વિજય નહેરા પરત આવવાને લઇ ચર્ચાનો દોર

11 વિશ્વ નર્સિંગ દિવસે રાજપીપળા ખાતે કોરોના બાબતે ખાસ શપથ લઈ ઉજવણી કરાઈ

12 રાજપીપળા મુખ્ય મુખ્ય પોસ્ટ ઓફીસમાં સોસીયલ ડિસ્ટન્સિંગના ધજાગરા : અધિકારીઓ જવાબદારી લેવા તૈયાર નથી

નરેન્દ્ર મોદીએ ૨૦ લાખ કરોડ રૂપિયાના વિશેષ પેકેજની જાહેરાત કરી

લોકડાઉન ૪.૦ની માહિતી ૧૮મે પહેલા અપાશે

આ આફત પણ ભારત માટે એક સંકેત, એક સંદેશ, એક અવસર લઈને આવી છે

અમદાવાદઃ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અત્યારે રાષ્ટ્રજોગ સંબોધન કરી રહ્યા છે.આગામી ૧૭ મેએ લોકડાઉનની ત્રીજી અવધિ પૂર્ણ થઈ રહી છે ત્યારે વડાપ્રધાનના આજના સંબોધન પર સમગ્ર દેશની નજર મંડાયેલી છે.

સંબોધનના મુખ્ય અંશો

● સમગ્ર વિશ્વમાં ૪૨ લાખ લોક સંક્રમિત થયા છે.

● ૨.૭૫ લાખ લોકોના દુઃખદ મૃત્યુ થયા છે. ભારતમાં પણ અનેક લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. હું એ દરેક પ્રત્યે સંવેદના પ્રગટ કરું છું.

● સમગ્ર દુનિયા અત્યારે જિંદગી બચાવવાના જંગમાં વ્યસ્ત થઈ ગઈ છે. આપણે આજ સુધીમાં આવું સંકટ કદી જોયું નથી. આ અકલ્પનિય સંકટ છે.

● પરંતુ થાકવું, હારવું, તૂટી જવું, વિખેરાઈ જવું માનવને મંજૂર નથી.

● સતર્ક રહીને આપણે બચવાનું પણ છે અને આગળ પણ વધવાનું છે. આપણો દૃઢ સંકલ્પ આ સંકટથી પણ અનેક ગણો વિરાટ અને મક્કમ છે.

● એકવીસમી સદી ભારતની છે. કોરોના પહેલાં અને કોરોના પછી એમ વિશ્વને જો નવી નજરે જોવામાં આવે તો એ વિશ્વાસ મજબૂત બને છે કે એકવીસમી સદી ભારતની જ હશે.

● એ સ્વપ્ન સાકાર કરવા માટે એક જ રસ્તો છેઃ આત્મનિર્ભરતા

● એક રાષ્ટ્ર તરીકે આપણે બહુ જ મહત્વના વળાંક પર ઊભા છીએ.

● આ આફત પણ ભારત માટે એક સંકેત, એક સંદેશ, એક અવસર લઈને આવી છે.

● જ્યારે કોરોના સંકટ શરૂ થયું ત્યારે ભારતમાં એકપણ પીપીઈ કિટ બનતી ન હતી. એન-૯૫નું પણ નહિવત્ત ઉત્પાદન હતું.

● આજે ભારતમાં દરરોજ ૨ લાખ પીપીઈ કિટ અને ૨ લાખ એન-૦૫ માસ્ક બની રહ્યા છે. આ એટલાં માટે આપણે કરી શક્યા કે ભારતમાં આફતને અવસરમાં બદલવાની આવડત છે.

● આત્મનિર્ભરતાનો અર્થ એવો નથી કે આત્મકેન્દ્રિત અર્થ વ્યવસ્થા હોય. ભારતની આત્મનિર્ભરતા વસુધૈવ કુટુમ્બકમ પ્રકારની છે. જે પૂરા વિશ્વને પરિવાર માનતી હોય.

● ભારતની આત્મનિર્ભરતા એક સુખી, સમૃદ્ધ વિશ્વનું નિર્માણ કરશે.

● આપણો સદીઓનો ગૌરવપૂર્ણ ઈતિહાસ ગવાહી આપે છે, ભારત સોનાની ચિડિયા ગણાતું હતું ત્યારે પણ વિશ્વ કલ્યાણની ભાવના જ સર્વોપરી હતી.

● આ સદીના આરંભે રૂરા સંકટથી વિશ્વ ગભરાતું હતું ત્યારે ભારતીયોએ એ સંકટનો સામનો કર્યો હતો.

● આપણે શ્રેષ્ઠ ઉત્પાદનો

એકવીસમી સદી ભારતની છે કોરોના પહેલાં અને કોરોના પછી એમ વિશ્વને જો નવી નજરે જોવામાં આવે તો એ વિશ્વાસ મજબૂત બને છે કે એકવીસમી સદી ભારતની જ હશે

અનુસંધાન પાના નં. ૫

આજથી એક જ જજ જામીન અને કેસ ટ્રાન્સફર સહિતના કેસમાં સુનાવણી કરશે

સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં પહેલી વખત સિંગલ જજની પીઠ આપશે ચુકાદા

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટના ઈતિહાસમાં પહેલી વખત એવું બનશે કે યારે સીંગલ જજની બેન્ચ કેસનો ચુકાદો આપશે. આ સાથે જ પેન્ડીંગ કેસોના ઝડપી ઉકેલની દિશામાં મહત્ત્વનું પગલું ઉઠાવવામાં આવ્યું છે. અત્યાર સુધી સુપ્રીમ કોર્ટમાં ઓછામાં ઓછા બે સભ્યોની પીઠ બેસતી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા સરકયુલર જાહેર કરી આ જાણકારી આપવામાં આવી છે. કાલથી સીંગલ જજની બેન્ચ જામીન સાથે જોડાયેલી એ તમામ વિશેષ અનુમતિની અરજી પર સુનાવણી કરશે જે ગુનામાં મહત્તમ સાત વર્ષની સજાની જોગવાઈ છે.

સીંગલ જજની પીઠ આગોતરા જામીન અરજી ઉપર પણ સુનાવણી કરશે. સાથે જ આ પીઠ કોઈ કેસને એક જગ્યાએથી બીજી જગ્યાએ ટ્રાન્સફરના કેસને પણ સાંભળશે. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ૧૭ ડિસેમ્બરે જ સુપ્રીમ કોર્ટમાં સીંગલ જજની બેન્ચ બેસાડવાનો નિર્ણય લેવાયો હતો. હવે સુપ્રીમ કોર્ટે પોતાના નિયમોમાં ફેરફાર કરીને તેને અમલી બનાવી દીધા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે પુનઃવિચાર અરજીઓ પર

અનુસંધાન પાના નં. ૫

૨૦૧૭ની ધોળકા વિધાનસભા ચૂંટણીમાં પોસ્ટલ મત વિવાદઃ કોંગ્રેસની અરજી પર હાઈકોર્ટનો ચુકાદો

શિક્ષણમંત્રી ચુડાસ્માને ઝટકોઃ ધોળકા બેઠકની ચૂંટણી રદ્દ

ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં દૂરોગામી રાજકિય અસરો સર્જનાર હાઈકોર્ટના એક ચુકાદામાં સત્તાપક્ષ ભાજપને અને ખાસ કરીને શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની રાજકિય કારકીર્દીને અને વ્યક્તિગત અસર કરે તેમ તેમની ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ધોળકા બેઠકનું પરિણામ અને સમગ્ર ચૂંટણીને ગેરકાયદે જાહેર કરવામાં આવતા પક્ષ અને સરકારમાં ખળભળાટ મચી ગયો હતો. અને કેન્દ્રીય મોવડીમંડળનું

● ચુડાસમા ૨૦૧૭માં ધોળકા બેઠક પર માત્ર ૩૨૭ મતોથી જીત્યા હતા,ભાજપના કોઈ મંત્રીની ચૂંટણી જ ગેરકાયદે જાહેર કરાઈ હોવાનો પહેલો કિસ્સો, સુપ્રિમમાં પડકારાશે,બેલેટ પેપરની ગણતરીમાં ગેરરીતિનો આક્ષેપ કરાયો હતો જે આખરે સાચો ઠર્યો

● ચુડાસ્માની ચૂંટણી રદ્દ કરવાનો હાઈકોર્ટનો ચુકાદો આઘાતજનકઃ નીતિન પટેલ

● આખરે પુરવાર થયુ ભુપેન્દ્રસિંહની જીત ગેરકાયદેસર હતીઃ શક્તિસિંહનું ટ્વિટ

માર્ગદર્શન માંગવામાં આવ્યું હતું. શિક્ષણમંત્રી હાઈકોર્ટના ચુકાદાને સુપ્રિમ કોર્ટમાં પડકારે તેમ છે. જો કે ભાજપ સરકારના કોઈ મંત્રીનું ચૂંટણી પરિણામ રદ્દ થયું હોય અને હાઈકોર્ટના મતે તેઓ ગેરકાયદે જીત્યા હતા એમ જાહેર કરવામાં આવે તેવું કદાચ પહેલીવાર બન્યું છે. ધોળકા બેઠકના પરિણામને પડકારનાર કોંગ્રેસના ઉમેદવારની તરફેણમાં ચુકાદો આવતાં કોંગ્રેસ છાવણીમાં ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું.. કોંગ્રેસના નેતાઓએ ટ્વીટ કરીને સત્યમેવ જયતે લખીને ભાજપ પર આકરા પ્રહારો પણ કર્યા હતા. કોરોના લોકડાઉનને કારણે હાઈકોર્ટે વિડિયો કોન્ફરન્સથી ચુકાદો જાહેર કર્યો હતો. ચુકાદાના પગલે ચુડાસમા

અનુસંધાન પાના નં. ૫

અમેરિકા આકરા પાણીએઃ ટ્રમ્પે ચીન સાથે વ્યાપાર સમજૂતી માટે સ્પષ્ટ ઈન્કાર કર્યો

અમેરિકાએ ચીનને વ્યાપાર સમજૂતીનું પાલન ન કરવા પર ગંભીર પરિણામ ભોગવવાની ચેતવણી આપી

બેઇજિંગ/વોશિંગ્ટન

ચીનથી ફેલાયેલ વૈશ્વિક મહામારી કોરોના વાયરસે આખી દુનિયાને હચમચાવી દીધી છે. કોરોનાની સૌથી વધુ અસર અમેરિકામાં જોવા મળી છે. કોરોના વાયરસના કારણે અમેરિકાની અર્થવ્યવસ્થા પર પણ માઠી અસર થઈ છે. તેથી અમેરિકા અને ચીન વચ્ચે સંબંધો ફરી એકવાર વણસ્યા છે. આ પરિસ્થિતિઓ વચ્ચે એવી માહિતી મળી છે કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન સાથે વ્યાપાર સમજૂતી અંગે ચર્ચા કરવાથી હવે સ્પષ્ટ ઇકાર કર્યો છે. એક દિવસ પહેલા અમેરિકાએ બેઇજિંગને વ્યાપાર યુદ્ધ સમાપ્ત કરવા માટે આ વર્ષની શરૂઆતમાં થયેલ સમજૂતીનું સન્માન ન કરવા પર 'ખૂબ જ ગંભીર પરિણામ' ભોગવવાની ચેતવણી આપી હતી. રિપોર્ટ મુજબ હોંગકોંગના એક મીડિયા રિપોર્ટમાં કહ્યું કે ચીન ફરીથી વેપાર સમજૂતી કરવા અંગે વાતચીત કરવા માંગે છે. ત્યારે ટ્રમ્પને આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે,'નાપક્ચારે નહીંપઅમુક

અનુસંધાન પાના નં. ૫

ભારતે યુદ્ધ વિમાનોને લદ્દાખના સરહદી વિસ્તારમાં ખસેડ્યા

એલએસી પર તણાવઃ લદ્દાખ બોર્ડર નજીક ચીનના સૈન્ય હેલિકોપ્ટરે આંટા મારતા વિવાદ

ન્યુ દિલ્હી

ચીનને લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) પર ફરી પોતાની અવળચંડાઈ શરૂ કરી દીધી છે. ભારતીય એરફોર્સે ચીનને પણ વળતો જડબાતોડ જવાબ આપતા લદ્દાખમાં યુદ્ધ વિમાન ખડક્યા છે. તાજેતરમાં જ ભારતીય ક્ષેત્ર નજીક ચીનના સૈન્ય હેલિકોપ્ટર આંટાફેરા મારતા જોવા મળ્યા હતા અને તેઓ ભારતના એરસ્પેસનું ઉલ્લંઘન કરે તેવી આશંકા વ્યક્ત કરાઈ હતી. ટોચના સરકારી સૂત્રોએ જણાવ્યા મુજબ ચીનના હેલિકોપ્ટરના આંટાફેરા વધતા ભારતીય વાયુસેનાએ પણ તેના યુદ્ધ વિમાનોને લદ્દાખના સરહદી વિસ્તારમાં ખસેડ્યા છે. ભારતીય એરફોર્સના યુદ્ધ વિમાને નજીકના બેઝ કેમ્પમાંથી ઉડાન ભરી હતી. જો કે પ્રાપ્ત વિગતો મુજબ ચીનના હેલિકોપ્ટરે અત્યાર સુધી ભારતીય એરસ્પેસનું ઉલ્લંઘન કર્યું નથી.

એકતરફ વિશ્વ કોરોના વાયરસની મહામારી સામે ઝઝૂમી રહ્યું છે તેવા સમયે ચીન પોતાની અવળચંડાઈ દાખવી રહ્યું છે. ચીન ભારત માટે આવા કપરા સમયમાં મુશ્કેલી ઊભી કરી રહ્યું છે. ભારતીય લશ્કર પણ દુશ્મનોને જડબાતોડ જવાબ આપવા દરેક પળે તૈયાર છે. આ સપ્તાહે જ ભારતીય સૈનિકો અને ચીનના સૈનિકો વચ્ચે બોર્ડર પર ઝપાઝપી થઈ હતી. સરકારે આપેલી વિગતો મુજબ ગત સપ્તાહે જ ૧૫૦થી વધુ ચીનના સૈનિકોએ બોર્ડરની અંદર ઘૂષણખોરી કરવા પ્રયાસ કર્યો હતો ત્યારે ભારતીય સૈનિકો સાથે ઝપાઝપી થઈ હતી. સૂત્રોના મતે ચીન તાજેતરમાં તેની સામે કોરોના વાયરસને લઈને ઉઠી રહેલા સવાલો તેમજ પાકિસ્તાનને મદદ કરવાની રણનીતિથી ધ્યાન અન્યત્ર ભટકાવવા માટે આ

અનુસંધાન પાના નં. ૫

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002



કોલકાતામાં કોરોના વાઈરસનું ટેસ્ટિંગ કરી રહેલા નિષ્ણાતો.

દેશમાં કુલ કોરોના સંક્રમિતોનો આંકડો ૭૦ હજારને પાર,મૃત્યુઆંક ૨૨૯૩એ પહોંચ્યો

૨૪ કલાકમાં નવા ૩૬૦૦ પોઝિટિવ કેસઃ વધુ ૮૭ લોકોના મોત

ન્યુ દિલ્હી

દેશમાં કોરોના વાયરસના કેસ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૩૬૦૦થી વધારે નવા કોરોના વાયરસના કેસ અને ૮૭ લોકો મોતને ભેટ્યા છે. દેશમાં કુલ કોરોના વાયરસના કેસ વધીને ૭૦૭૫૬ સુધી પહોંચી ગયા છે. સોમવારે સવારે ૯ વાગ્યાથી મંગળવાર સવારે ૯ વાગ્યા સુધી દેશમાં કોરોના વાયરસના ૩૬૦૪ નવા કેસ નોંધાયા છે જોકે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં કોરોના વાયરસથી સ્વસ્થ થનારા લોકોની સંખ્યા ૧૫૦૦થી વધારે છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા અનુસાર અત્યાર સુધીમાં દેશમાં કુલ ૭૦૭૫૬ કોરોના વાયરસના કેસ નોંધાયા છે જેમાંથઈ ૨૨૪૫૪ લોકો એવા છે કે જેઓ સંપૂર્ણ રીતે સ્વસ્થ્ય થઈ ચૂક્યા છે. પરંતુ ૨૨૯૩ લોકોએ કોરોના વાયરસના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે મંગળવારે સવાર સુધીમાં દેશભરમાં કોરોના વાયરસના કુલ ૪૬૦૦૮ એક્ટિવ કેસ છે. દેશમાં કોરોના વાયરસના કુલ કેસમાંથી સૌથી વધારે કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. દેશભરમાં જેટલા પણ કેસ નોંધાયા છે તેમાંથી લગભગ એક તૃત્યાંશ કેસ ફક્ત મહારાષ્ટ્રમાંથી સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોનાના ૨૩૪૦૧ કેસ નોંધાયા છે જેમાંથી ૮૬૮ લોકોએ પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. જોકે, મહારાષ્ટ્રમાં ૪૭૮૬ લોકો સ્વસ્થાય પણ થઈ ચૂક્યા છે.

મહારાષ્ટ્ર બાદ ગુજરાતમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૮૫૪૧ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૫૧૩ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ગુજરાત બાદ તમિલનાડૂમાં ૮૦૦૨, દિલ્હીમાં ૭૨૩૩, રાજસ્થાનમાં ૩૯૮૮, મધ્યપ્રદેશમાં ૩૭૮૫ અને ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૩૫૭૩ કેસ સામે આવ્યા છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૨.૫૫ લાખથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે.

ભૂપેન્દ્રસિંહની મનોવ્યથા- લાગા ચૂંદરી મેં દાગ મિટાઉ કૈસે...!

સંગઠન અને સરકારમાં સારી કામગીરી, ૩૦ વર્ષથી મંત્રીપદે સેવા આપી રહ્યાં છે

ગાંધીનગર

ગુજરાત ભાજપના સૌથી સિનિયર મંત્રી અને આગેવાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાની વિધાનસભાની ચૂંટણીમાં થયેલી જીતને હાઈકોર્ટે રદ કરી દીધી છે. ત્યારે માત્ર ભાજપ નહીં ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ૩૦ વર્ષ કરતાં વધુ સમયની રાજકીય કારકિર્દી પર મોટો ડાઘ લાગ્યો છે. ભાજપમાં શંકરસિંહ વાઘેલા પછી 'બાપુ'ના હુલામણા નામથી તેઓ ઓળખાય છે. ભાજપમાં એક સન્માનનીય વ્યક્તિ તરીકે ભુપેન્દ્રસિંહનું સ્થાન રહેલું છે. ૭૧ વર્ષની વયના ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ગુજરાત ભાજપમાં છેલ્લા ૩૦ વર્ષ કરતાં વધુ સમયથી સક્રિય રીતે કામ કરી કરતા આવ્યા છે. તેઓ એક શાંત સૌમ્ય અને સિનિયર આગેવાનો તરીકેની છાપ ધરાવે છે. ૩૦ વર્ષની પોતાની રાજકીય કારકિર્દીમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ભાજપ સંગઠનથી માંડીને સરકારમાં અનેક હોદ્દાઓ અને મંત્રી પદ પર રહ્યા છે.

ભૂતકાળમાં કેશુભાઈ પટેલની સરકાર હોય નરેન્દ્ર મોદીની સરકાર હોય કે આનંદીબેનની સરકાર હોય બધી જ સરકારોમાં એક ડેમેજ કંટ્રોલર ની સાથે સંગઠન અને સરકારનો વ્યવસ્થિત સમન્વય રાખવામાં ભુપેન્દ્રસિંહનો સૌથી મોટો ફાળો રહેલો છે.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ૧૯૯૦થી મંત્રી પદે રહ્યા હતા. જ્યારે ૨૦૧૯ની વિધાનસભાની ચૂંટણીમાં ધોળકા વિધાનસભામાંથી ચૂંટાયા બાદ તેઓ પ્રથમ વખત શિક્ષણ મંત્રી અને કાયદા મંત્રી બન્યા હતા. વર્તમાન સરકારમાં શિક્ષણ મંત્રી બન્યા બાદ ભુપેન્દ્રસિંહ ચુડાસમા સામે અનેક વિવાદો અને આરોપો થયા હતા.



પરસેવો પાડી પેટિયું રડતાં આ મજૂરોએ પોતાના વતન ભણી વાત પકડી છે ત્યારે તેમના ખિસ્સાઓ તો ખાલી થઈ ગયા છે પણ જે આશાઓનું પોટલું બાંધી મુંબઈ આવ્યા હશે તે આશા પણ છીનવાઈ ગઈ છે.

મોદી સરકારે રાજ્યો માટે ખજાનો ખોલ્યોઃ રૂ. ૬૧૯૫ કરોડની ફાળવણી

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસ સામેની લડાઈમાં કેન્દ્ર સરકારે રાજ્યોને ફરી એક વાર આર્થિક મદદ કરી છે. નાણાપ્રધાન નિર્મલા સીતારામને ગઈ કાલે ૧૪ રાજ્યોને આવકમાં થતા નુકસાન સામે રૂ. ૬૧૯૫ કરોડ જારી કર્યા છે. નાણાં મંત્રાલય દ્વારા કોરોના કાળમાં સંસાધન વધારવા માટે આ આર્થિક મદદ કરવામાં આવી છે.

કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામનની ઓફિસ દ્વારા ટ્વીટમાં કહેવામાં આવ્યું છે કે ૧૧ મે, ૨૦૨૦એ ૧૪ રાજ્યોને આવકના નુકસાનની ભરપપાઈ કરવા માટે અનુદાન સ્વરૂપે રૂ. ૬૧૯૫ કરોડનું ફંડ જારી કરવામાં આવ્યું છે. આ ૧૫મા નાણાં પંચની ભલામણોને અનુરૂપ છે. આવકમાં નુકસાનની ભરપાઈ કરવા માટે અનુદાન આપવામાં આવે છે. જે રાજ્યોને કેન્દ્રીય કરોમાં હિસ્સેદારી પછી આવકમાં કોઈ પણ પ્રકારનું નુકસાન થાય ત્યારે આવકમાં થતા નુકસાન સામે અનુદાન આપવામાં આવે છે, જેમાં કેરળને રૂ. ૧૨૭૬.૯૧ કરોડ, પંજાબને રૂ. ૬૩૮ કરોડ અને પશ્ચિમ બંગાળનો રૂ. ૪૧૭.૭૫ કરોડ આપવામાં આવ્યા છે.

આ પહેલાં પણ કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યોને આર્થિક પેકેજ આપવામાં આવ્યાં છે. ત્રીજી એપ્રિલે મંત્રાલયે ૧૪ રાજ્યોને કેન્દ્રીય કરોમાં હિસ્સેદારી પથી આવકમાં નુકસાનના અનુદાન સ્વરૂપે રૂ. ૬૧૯૫ કરોડ આપવામાં આવ્યા હતા, જેમાં આંધ્ર પ્રદેશ, આસામ, હિમાચલ પ્રદેશ, કેરળ, મણિપુર, મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, પંજાબ, સિક્કિમ, પશ્ચિમ બંગાળ, ઉત્તરાખંડ, તામિલનાડુ અને ત્રિપુરા સામેલ છે.

કોરોના મહામારીને પગલે ભારતીય અન્ય દેશો કરતા વધારે ગંભીર અને જાગૃત : રિપોર્ટ

ન્યુ દિલ્હી

કોરોનાને પગલે દેશના લોકો દુનિયાના અન્ય દેશોની તુલનામાં વધારે ગંભીર અને સતર્ક જોવા મળ્યા. આંતરરાષ્ટ્રીય સંસ્થા આઈ સ્કવોયર દ્વારા ૨૦ માર્ચથી બે એપ્રિલ વચ્ચે ૩૦૦ લોકો પર થયેલા અભ્યાસમાં આ ખુલાસો થયો છે.

અધ્યયન અનુસાર ૭૯% ભારતીય લોકોએ વાઈરસને ખતરનાક માન્યો જ્યારે ૭૮% એ મોટી સમસ્યા ગણાવી. ૫૮% લોકો ઉદાસ જોવા મળ્યા, જે અમેરિકા અને જર્મનીથી કરતા વધારે છે. વિશ્વાસ, જાણકારી અને સ્પષ્ટતાના મામલે ભારત ૫૯થી ૬૯% ની વચ્ચે રહ્યુ જ્યારે અમેરિકા અને જર્મનીમાં આ આંકડો નીચે રહ્યો.

રિપોર્ટ અનુસાર સંશોધનમાં સામેલ અડધા લોકો જે કોઈ સંક્રમિતને જાણતા હતા, જેમની સારવાર થઈ અથવા કોરેન્ટાઈન રહ્યા તે પોતાના આરોગ્ય અને અર્થવ્યવસ્થાને લઈને પણ ચિંતિત જોવા મળ્યા. તેમનુ માનવુ છે કે વાઈરસ જીવનનો એક-એક પળ પ્રભાવિત કરી શકે છે.

૧૬થી ૩૯ વર્ષના યુવાઓની તુલનામાં ૪૦થી ૬૯ વર્ષના લોકો વાઈરસને લઈને વધારે સતર્ક જોવા મળ્યા અને તેના વિશે દરેક જાણકારી રાખવા ઈચ્છે છે.

આ લોકો સ્વચ્છતાથી લઈને વિસ્તારના લોકો માટે સજાગ રહ્યા પરંતુ યુવાન થોડા નિરાશ છે. લોકો પોતાના સગા-વ્હાલા સાથે ફોનથી જોડાયેલા રહ્યા અને તેમના ખબર અંતર જાણવામાં રસ દાખવતા રહ્યા.

કેન્દ્રના સરકારી કર્મચારીઓના પગાર નહીં કપાયઃ આખરે સ્પષ્ટતા

ન્યુ દિલ્હી

આર્થિક મંત્રાલયે સ્પષ્ટતા કરી હતી કે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગાર કાપવામાં નહીં આવે. એક સમાચાર અહેવાલ પર સ્પષ્ટતા કરતા મંત્રાલયે ટ્વીટ કર્યું હતું કે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં કાપ મૂકવાની કોઈ દરખાસ્ત હાલમાં વિચારણા હેઠળ નથી. અમુક મીડિયામાં આ અંગે જાહેર થયેલા અહેવાલો ખોટા છે. ગયા મહિને સરકારે તેના ૫૦ લાખ કર્મચારીઓનું અને ૬૧ લાખ પેન્શનરોનું મોંઘવારી ભથ્થુ ૩૦ જૂન, ૨૦૨૧ સુધી મોકુફ રાખ્યું હતું.

ઉદ્ધવ ઠાકરે પાસે કુલ ૧૪૩ કરોડની સંપત્તિ છતાં એક પણ કાર નહિ

મુંબઈ

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પાસે કુલ ૧૪૩ કરોડ રૂપિયાની સંપત્તિ છે. ઉદ્ધવ અને તેમની પત્ની પર ૧૬ કરોડ રૂપિયાનુ દેવું પણ છે. આ ખુલાસો સોમવારે ચૂંટણી પંચ સમક્ષ રજૂ કરવામાં આવેલા સોગંધનામામાં ઉદ્ધવ ઠાકરેએ ખુદ કર્યો છે. આ પ્રથમ વખત છે, જ્યારે ઉદ્ધવ ઠાકરેએ પોતાની સંપત્તિનો ખુલાસો કર્યો હોય.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, વિધાન પરિષદ ચૂંટણીમાં નોમિનેશન દાખલ કરવા સમયે ઉદ્ધવ ઠાકરેએ પોતાની સંપત્તિની વિગતો આપી છે. ઉદ્ધવ પાસે કુલ ૨૪,૧૪,૯૯,૫૯૩ રૂપિયાની ચલ અને ૫૨,૪૪,૫૭,૦૦૦ રૂપિયાની અચલ સંપત્તિ છે. ઉદ્ધવની પત્ની રશ્મિ ઠાકરે પાસે ૬૬ કરોડ રૂપિયાની કુલ સંપત્તિ છે. મુખ્યમંત્રી પર ૪.૬ કરોડ રૂપિયા, જ્યારે તેમની પત્ની પર ૧૧.૪૪ કરોડ રૂપિયાનું દેવું છે. પ્રથમ વખત ચૂંટણીના મેદાનમાં ઉતરી રહેલા ઉદ્ધવ ઠાકરે વિરૂદ્ધ પોલીસમાં કુલ ૨૩ ફરિયાદો નોંધાઈ છે. ઠાકરેએ પોતાના સોગંધનામામાં પોતાની પાસે કોઈ કાર ના હોવાનો ઉલ્લેખ કર્યો છે.

વિધાનસભા ચૂંટણી સમયે મુખ્યમંત્રીના પુત્ર આદિત્ય ઠાકરેએ પણ પોતાની પાસેની કુલ ૧૭.૭૯ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી છે. શિવસેનાના બીજા ઉમેદવાર તરીકે નીલમ ગોરેએ પણ નોમિનેશન નોંધાવ્યું છે. તેમણે પોતાની કુલ ૬૨.૮૨ કરોડ રૂપિયાની સંપત્તિ દર્શાવી છે.

તેલંગાણાના મુખ્યમંત્રી રાવે પ્રધાનમંત્રીને કહ્યુ

જુલાઈ-ઓગસ્ટ સુધી ભારતમાં કોરોનાની વેક્સીન તૈયાર થઈ શકે છે

હૈદરાબાદ

તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને કહ્યું હતું કે જુલાઈ-ઓગસ્ટ સુધીમાં હૈદરાબાદમાં કોવિડ-૧૯ની વેક્સીન તૈયાર થઈ શકે છે. સોમવારે પીએમ સાથે થયેલી વીડિયો કોન્ફ્રેંસિંગમાં તેઓએ આ વાત કહી હતી.

મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા બહાર પડેયાલ નિવેદનમાં જણાવાયું છે કે રાવે પ્રધાનમંત્રીને કહ્યું કે કોરોના વાઈરસ માટે વેક્સીન તૈયાર કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. એક સંભાવના છે કે વેક્સીન આપણા દેશમાં જ તૈયાર થઈ જશે. હૈદરાબાદમાં કંપનીઓ આ માટે ખૂબ મહેનત કરી રહી છે. સંભાવના એવી છે કે હૈદરાબાદમાં વેક્સીન જુલાઈ-ઓગસ્ટમાં તૈયાર કરી લેવામાં આવશે. જો વેક્સીન ઉપલબ્ધ થઈ જશે તો તે પરિસ્થિતિને બદલવામાં મદદરૂપ સાબીત થશે. ઉલ્લેખનિય છે કે ભારત બાયોટેકે તાજેતરમાં જ સીએમને જાણ કરી હતી કે કોવિડ-૧૯ વેક્સીન ઉપર કામ ચાલું છે. અમુક અન્ય કંપનીઓ પણ આ કવાયતમાં લાગેલી છે.

ખાદ્ય મંત્રાલયે રાશન કાર્ડને આધાર સાથે જોડવાની સીમા સપ્ટેમ્બર સુધી વધારી

ન્યુ દિલ્હી

ખાદ્ય મંત્રાલયે રાશન કાર્ડને આધાર સાથે જોડવાની સમય સીમા સોમવારે સપ્ટેમ્બરના અંત સુધી વધારી છે. આ સાથે જ કહ્યું કે, આધાર સાથે જોડાયેલા ન હોવા છતાં લાભાર્થીઓને કાર્ડ પર તેમના ભાગનું રાશન મળશે. આધાર સાથે ન જોડાયેલા રાશન કાર્ડ રદ હોવાની માહિતી પર સ્પષ્ટતા કરી હતી.

આધિકારીક નિવેદન અનુસાર બધા રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને રાશન કાર્ડને આધાર સંખ્યામાં જોડવાની જવાબદારી ખાદ્ય અને સાર્વજનિક વિતરણ વિભાગની સાત ફેબ્રુઆરી ૨૦૧૭ની અધિસૂચનાના આધારે આપવામાં આવી છે.આ અધિસૂચનાઓ સમયાંતરે સંશોધિત કરવામાં આવે છે. હવે આ કામની સમયસીમાને વધારીને ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ સુધી કરવામાં આવી છે.

વધુમાં નિવેદન અનુસાર જ્યાં સુધી મંત્રાલય બધા રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સ્પષ્ટ નિર્દેશ જાહેર ન કરે ત્યાં સુધી કોઈ પણ લાભાર્થીને તેનો ભાગનું રાશન આપવામાં આવશે. મંત્રાલયે કહ્યું કે, કોઈપણનું રાશન કાર્ડ આધાર કાર્ડ સંખ્યા જોડાયું ન હોવાથી રદ કરવામાં આવશે નહીં.

બ્રિટનમાં કોરોના વાયરસથી ૭ લાખ લોકોના મોત થઈ શકેઃ બ્રિસ્ટોલ યુનિવર્સિટી

લંડન

બ્રિટનમાં કોરોના વાયરસને કારણે છેલ્લા ૨૪ કલાકમાં ૨૬૯ લોકોના મોત થયા છે. આ સંખ્યા છેલ્લા છ અઠવાડિયામાં સૌથી ઓછી છે. બ્રિટનમાં કોરોના રોગચાળાને કારણે અત્યાર સુધીમાં ૩૧૮૫૫ લોકોનાં મોત નીપજ્યાં છે. દરમિયાન વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે કોરોનાને કારણે હજારો લોકો મરી શકે છે. અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે જો રોગચાળાને અંકુશમાં લેવામાં નહીં આવે તો આ વર્ષના અંત સુધીમાં બ્રિટનમાં મોતની સંખ્યા ૧૦૦૦૦૦ સુધી થઈ શકે છે.

બીજી તરફ, એક અન્ય અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે બ્રિટનમાં કોરોના વાયરસ અને તેના માટે લેવામાં આવેલા પગલાને કારણે સાત લાખ લોકો મરી શકે છે. બ્રિસ્ટોલ યુનિવર્સિટીના અભ્યાસ મુજબ બ્રિટનમાં સાત લાખ લોકો જીવલેણ વાયરસથી પોતાનો જીવ ગુમાવી શકે છે. આ સંખ્યા બીજા વિશ્વયુદ્ધના મૃત્યુાંક કરતા પણ વધારે છે. અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે મંદી, ગરીબી અને બેદરકારીની સ્થિતિમાં પણ આ આંકડો વધી શકે છે.

સંશોધનકારોનું અનુમાન છે કે વેક્સિન વગર કોવિડ -૧૯ને હરાવવા બ્રિટનને ૨૦૨૪ સુધીમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવાની ફરજ પડી શકે છે. સંશોધનકારોએ જણાવ્યું હતું કે લોકડાઉનને કારણે મંદી પણ થઈ શકે છે. આવી સ્થિતિમાં કોરોના વાયરસ નબળી આરોગ્ય પ્રણાલી અને ગરીબીને લીધે પાંચ વર્ષમાં ૬.૭૫ લાખ લોકોના મોત થઈ શકે છે. યુકેમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૦૦૦થી વધુ કોરોના વાયરસના કેસ સામે આવ્યા છે. આ સાથે કુલ પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૨.૧૦ લાખ થઈ ગઈ છે.



આ તસવીર લખનઉ છે. લોકડાઉન વચ્ચે લોકોને ઘરે સુધી પહોંચવા માટે વાહન નથી મળી રહ્યા. એટલા માટે પરિવારે સ્કૂટર પર જ વ્યવસ્થા કરીને જેથી આખો પરિવાર બેસી શકે.

જમ્મુ-કાશ્મીરમાં સીઆરપીએફના જવાને ગોળી મારી આત્મહત્યા કરી

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરનાં શ્રીનગરમાં તૈનાત સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)નાં એએસઆઈએ મંગળવારે સવારે પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી હતી. આત્મહત્યાનું કારણ હજી જાણી શકાયું નથી. મૃતકનાં સબંધીઓને આ અંગે જાણ કરવામાં આવી છે.

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ એએસઆઈએ મંગળવારે વહેલી સવારે જમ્મુ-કાશ્મીરનાં શ્રીનગરમાં ગોળી મારીને હત્યા કરી દીધી હતી. મૃતક એએસઆઈ શ્રીનગરમાં જ તૈનાત હતા અને સીઆરપીએફ દ્વારા આ સમાચારની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી હતી. તેના પરિવારને આ અંગે સીઆરપીએફ દ્વારા જાણ કરવામાં આવી છે. એએસઆઈએ આત્મહત્યા કેમ કરી તેનાં કારણો જાણી શકાયા નથી. તેમજ આ સીઆરપીએફ જવાન કોણ હતા અને તેઓ ક્યાં હતાં તે અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ડ્રો 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

સેનાને નવા શસ્ત્ર આપવાની જરૂર

જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં હાલમાં ત્રાસવાદી હુમલા કરવામાં આવ્યા બાદ ભારતીય પોલીસ અને અન્ય સુરક્ષા જવાનોને આધુનિક બનાવવા માટેનો મામલો ફરી એકવાર સપાટી પર આવ્યો છે. આજે જ્યારે વિશ્વભરમાં સક્રિય થયેલા ત્રાસવાદી સંગઠનો અને અપરાધીઓ જુદી જુદી અને અતિ આધુનિક ટેકનોલોજી અપનાવી રહ્યા છે ત્યારે ભારતીય સુરક્ષા જવાનો પાસે હજુ પણ આધુનિક હથિયારોનો સતત અભાવ નજરે પડે છે. વારંવાર પોલીસ અને સુરક્ષા જવાનો તેમજ સેનાને આધુનિક બનાવવા માટેની વાત કરવામાં આવે છે. સુરક્ષા સાથે કોઈ બાંધછોડ નહી કરવાની વાત પણ કરવામાં આવે છે પરંતુ આ દિશામાં નક્કર પગલા એક નિશ્ચિત સમયગાળામાં કેમ લેવાતા નથી તે પ્રશ્ન છે. ત્રાસવાદીઓ અને ગુનેગારો સામે જીવ સટોસટનો જંગ ખેલનાર ભારતીય સેનાના જવાનો અને પોલીસ જવાનોને તાત્કાલિક રીતે નવી ટેકનોલોજીના તમામ હથિયાર અને સાધનો આપવાની જરૂર છે. સુરક્ષા દેશના સન્માન સાથે જોડાયેલા મુખ્ય મામલા પૈકી એક છે જેથી તેની સાથે બાંધછોડ કરવી યોગ્ય નથી. સાથે સાથે આમાં વિલંબ કરવાની બાબત યોગ્ય નથી. ઓછા સંશાધનો હોવા છતાં ભારતીય જવાનો અને પોલીસ જવાનો દુશ્મના દાંત ખાટા કરવા સક્ષમ છે. આવી સ્થિતીમાં જો તેમની પાસે પોતાના રક્ષણના સાધનો વધારે રહેશે તો ત્રાસવાદીઓને વધારે ખુલ્લી રીતે પડકાર ફેંકી શકશે અને તેમને વધારે નુકસાન કરતા પહેલા જ મોતને ઘાટ ઉતારી દેવામાં સફળતા મળશે. ખુબ ઓછા લોકોને આ અંગે માહિતી છે કે દુનિયાને સુરક્ષા અમે આપી રહ્યા છીએ પરંતુ પોતાની સુરક્ષાની જ અમને ચિંતા નથી. આજે વિદેશી જવાન મેડ ઈન ઈન્ડિયા બુલેટ પ્રુફ જેકેટ પહેરી રહ્યા છે ત્યારે અમારા જવાનો પાસે આની સંખ્યા અપુરતી છે. ૨૦૦૧માં સંસદ પર હુમલો અને ૨૦૦૮માં મુંબઈમાં ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ પોલીસ અને સુરક્ષા દળોને આધુનિક બનાવવા માટે ઝડપથી કેટલીક જાહેરાતો કરવામાં આવી હતી. કેટલાક કામ થયા પણ હતા પરંતુ આ દિશામાં ઝડપથી આગળ વધવાની જરૂર છે. શરૂઆતમાં કેટલાક કામ થયા તો છે પરંતુ પ્રયાસો સંપૂર્ણ સફળ રહ્યા નથી. જ્યારે સૌથી હેરાન કરનાર બાબત એ છે કે બુલેટ પ્રુફ જેકેટ અને અન્ય સુરક્ષા કવચના મામલે આજે પણ મેડ ઈન ઈન્ડિયા પ્રોડક્ટ વિશ્વમાં નંબર વન છે. બ્રિટન, ફ્રાન્સ, જર્મની સહિતના દેશોના પોલીસ જવાનો અને સેનાના જવાનો આજે ભારતમાં બનેલા સુરક્ષા પ્રોડક્ટનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ કમનસીબ બાબત છે કે ભારતીય જવાનોને આ સુવિધા મળી રહી નથી. વિશ્વના દેશોના જવાનોને અમે સુરક્ષા આપી રહ્યા છીએ પરંતુ અમારા જવાન સુવિધાથી વંચિત રહે તે ખુબ દુખદ બાબત છે. આ જ કારણસર એક શતાબ્દી બાદ પણ અમારા પોલીસ જવાનો પ્રથમ વિશ્વ યુદ્ધના જવાનો કરતા પણ વધારે બિનસુરિક્ષત છે. જુદા જુદા દેશોને બોડી આર્મર કાનપુર સ્થિત એમકેયુ પ્રાઇવેટ લિમિટેડ ઉપલબ્ધ કરાવે છે. કંપનીની વેબસાઇટ મુજબ હજુ દુનિયાના ૧૫ લાખ જવાનો તેમના દ્વારા બનાવવામાં આવેલા સુરક્ષા કવચ પહેરે છે. વિશ્વમાં બોલબાલા છે પરંતુ ઘરમાં ઉદાસીનતા છે. જમ્મુ કાશ્મીરમાં હાલમાં ત્રાસવાદીઓ દ્વારા ફરી એકવાર હુમલા વધારી દેવામાં આવ્યા છે. કોરોના વાયરસના હાહાકાર વચ્ચે એકબાજુ સરક્ષા દળો લોકોને બચાવવામાં લાગેલા છે. ત્યારે પાકિસ્તાની સમર્થન ધરાવતા ત્રાસવાદીઓ ફરી એકવાર જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારમાં હુમલા કરી રહ્યા છે હાલમાં સેના અને સીઆરપીએફના જવાનોને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. હાલમાં ભારે હાહાકાર કોરોનાને લઈને જોવા મળે છે. સુરક્ષા દળો દ્વારા પણ પોતાની રીતે આ લડાઈમાં મદદ કરવામાં આવી રહી છે. જો કે હાલતમાં સુધારો થઈ રહ્યો છે.

૫૨ પ્રાન્તિઓથી વતન જવા ભાડાની વસુલાત અને વિદેશથી આવનારાનુ ભાડું માફ આ કઈ નીતિ.....?!

કોરોનાવાયરસે વિશ્વભરમા ૨.૮૪ લાખથી વધુ લોકોને જ્ઞાતિ-જાતિ, કોમ કે ગરીબ-શ્રીમંત જોયા વગર મોતના મુખમાં ધકેલી દીધા છે. જ્યારે કોરોનાગ્રસ્તોની સંખ્યા ૪૨ લાખને આંબી જવા પર છે. ભારતમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા ૭૦ હજાર ને પાર કરી ગઈ છે અને મૃતાક ૨૨૨૦ થી આગળ વધવા લાગ્યો છે. ગુજરાતમાં કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ૮૫૪૭ પહોંચી છે અને મૃતાક ૫૧૫ થયા છે. પરંતુ ગુજરાતમાં અમદાવાદ સૌથી વધુ કોરોના સંક્રમિતોનું શહેર બની ગયું છે... પછી સુરત અને વડોદરા શહેર આવે. અમદાવાદમાં ૨૦૮૫ થી વધુ કેસ નોંધાયા છે ,મૃતાક ૪૦૦ થી આગળ વધી ગયો છે. ત્યારે અગત્યની વાત એ છે કે કોરોના ચેપનો સામનો કરી શકે તેવી આયુર્વેદ દવાને સફળતા મળતા રાજય સરકાર અને આરોગ્ય તંત્રમાં ખુશી ફરી વળી છે. રાજય સરકારે વધુ આયુર્વેદિક દવાઓ મંગાવીને લેતાં તેનો મોટો જથ્થો પણ આવી પહોંચ્યો છે. અમદાવાદના સમરસ હોસ્ટેલ ખાતે કોવિડ કેર સેન્ટર ઉભુ કરવામાં આવેલ છે જ્યાં ૨૧૩ દર્દીઓને આયુષ્ય મંત્રાલયની માર્ગદર્શિકા અનુસાર આયુર્વેદ દવા આપવાનું શરૂ કર્યું અને તેનું પરિણામ ઘણું જ સફળ રહ્યું જે પોઝિટિવ દર્દી હતા તેઓને ૭ દિવસ સુધી રેગ્યુલર આયુર્વેદિક દવા આપ્યા બાદ પુનઃ ટેસ્ટ કરવામાં આવતા આ પૈકીના ૨૦૩ જેટલા દર્દીઓના રીપોર્ટ નેગેટીવ આવ્યા જેને લઈને આરોગ્ય તંત્ર અને આરોગ્ય મંત્રાલયમાં ખુશી ફરી વળી હતી જેને ૧૦૦ ટકા સફળ પરિણામ કહી શકાય.... આમ છતાં બાકીના દર્દુઓની દવાઓ ચાલુ રાખી છે એટલે તેના પરિણામોમા પણ સફળતા મળશે તેવો દરેકને વિશ્વાસ છે. બીજી તરફ શરમજનક ઘટના એ બની ગઈ કે માનવતા મરી પરવારી હોય તેમ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે એક મૃતક મહિલાના શરીર પરથી કોઈ નરાધમે સોનાના દાગીના કાઢી લીધા હતા જેના કારણે લોકોમાં આ દાગીના ચોરનાર પ્રતિ ધિક્કારની લાગણી વરસી પડી છે..

ગુજરાતમાંથી મોટા પ્રમાણમાં પરપ્રાંતીઓ વતન જવા રવાના થઈ ગયા છે અને હજુ વધુ રવાના થઈ રહ્યા છે. સરકારી તંત્રે વતન જનારાઓ પાસેથી ટ્રેન તથા બસના ભાડા વસુલ કર્યા છે આ બધામાં વિદેશથી પરત ફરેલા-લાવવામા આવેલા લોકોને તેમના વતન જવા માટે બસ વગેરેની વ્યવસ્થા કરી પરંતુ તેમનું ભાડું માફ કરવામાં આવ્યું....! વતન પહોંચાડવાનું ભાડુ જ ન વસુલ્યુ... તેના કારણે આમ પ્રજામાં આશ્ચર્ય સાથે આક્રોશ ફરી વળ્યો છે..... લોકોનું કહેવું છે કે પર પ્રાન્તિઓ તો ઠીક આમ પ્રજા પૈકીના અનેક લોકો ભૂખથી ટળવળતા રહ્યા છે, ખીસામાં પૈસા રહ્યા નથી કે આવક નથી અને સરકારી સહાય કે અનાજ પણ મળ્યું નથી.....! ત્યારે ભારતના જ કામદારો, ગરીબો પાસેથી વતન જવાબ ભાડું લેવુ તે કેટલું યોગ્ય ગણાય....? ક્યાક ગુજરાત સરકાર માનવતા તો નથી ભૂલીને.....? કારણ આદિત્ય દેવો ભવમા ગુજરાત માને છે... બીજી તરફ વિદેશથી લાવવામાં આવેલા ભારતના સુખી પરિવારના લોકોને વતન પહોંચાડવાની મફત વ્યવસ્થા કરી આને શું કહેવાય.....? શું સરકારની નીતિ ગરીબ, મજૂર, રોજમદારો,લોઅર મધ્યમ વર્ગ વિરુદ્ધની છે.....? ૬૯ઠ્ઠાર્હ્લહ ને બે મહિનાથી વધુ દિવસ થયા... ધંધા-રોજગાર ઠપ્પ છે, આવક નથી, ખીસામાં પૈસા રહ્યા નથી ત્યારે ગુજરાત સરકાર વીજળી બિલ- શિક્ષણ ફી, મકાન ટેક્સ છ મહિના માટે માફ ન કરી શકે.....? કારણ કે સીએમ ખંડમાં દાતાઓએ નાણાં આપ્યા છે..... ધારાસભ્યોના પગાર- ભથ્થા બંધ કરીને આ જરૂરિયાતમંદોને માફી અને સહાય આપો તો સરકારનુ મોટામાં મોટુ માનવતાનું કાર્ય ગણાશે.... શું ગુજરાત સરકાર આ માટે નિર્ણય કરી શકશે....?

ગુજરાતના શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સામે ગુજરાત હાઈકોર્ટમાં કરવામા આવેલ વિધાનસભાની ચૂંટણીનો કેસ કોંગ્રેસના ઉમેદવાર સામે હારી ગયા છે. તેનાથી ભાજપમાં અને સરકારમાં હડકંપ મચી ગઈ છે. તો દિલ્હી ખાતે પણ તેના પડઘા પડયા છે. જોકે આ સમયે કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા એ પ્રતિક્રિયા આપતા કહ્યું કે નૈતિકતાના ધોરણે ભુપેન્દ્રસિંહે રાજીનામું આપવું જોઈએ. જ્યારે કે નાણા મંત્રી શ્રી નીતિન પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે કેસના ચુકાદાનો અભ્યાસ કરી લીધા બાદ નિર્ણય લેવામાં આવશે. આ ચુકાદાથી ઘણું દુઃખ થયું છે પરંતુ હાઈકોર્ટ ચુકાદા ઉપર સ્ટે મળી શકે તેવી આશા છે. સરકાર ભુપેન્દ્રસિંહ સાથે છે અને પુરો સહયોગ સરકાર આપશે. ત્યારે રૂપાણી સરકારે એક પત્રકારે ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તનના સમાચાર પ્રસિદ્ધ કરવા બાબતે પત્રકારની ધરપકડ કરી તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે...લોકો રૂપાણી સરકારને ઈન્દિરા સરકારના રસ્તે જઈ રહી હોવાની સાથે સરખાવી રહ્યા છે.... તો ભાજપાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ નેતૃત્વ પરિવર્તન ની વાત કરી હતી અને કેન્દ્રીયમંત્રી રૂપાલા જીએ સુરતનો ગંદવાડ અંગેની વાતો કરી હતી તો શું ગુજરાત સરકાર આ માટે પગલાં લેશે કે કેમ તેવા સવાલો આમ પ્રજામાં ઉઠવા પામ્યા છે. જ્યારે બીજી તરફ ઓનલાઈન ખરીદી કરવાનું ફરજિયાત કરવા બાબતે આમ પ્રજામાં ભારે આક્રોશ ફરી વળ્યો છે અને સવાલ કરે છે કે શું અધિકારીઓ મોલ સંસ્કૃતિને મહત્વ આપી નાના વેપાર ધંધાને બંધ કરાવી દઈને રૂપાણી સરકારને બદનામ કરવા માંગે છે કે શું.....? વંદે માતરમ્

૧૧૦૦ લોકોની વસ્તી ધરાવતું ગામ હાલ ઉજ્જડ બન્યું

સુરેન્દ્રનગરમાં બે લોકો કોરોનાગ્રસ્ત થતા આખું ગામ થઈ ગયું ખાલી

સુરેન્દ્રનગર

કોરોનાનો પેસારો હવે શહેરથી ગામડાઓ માં પણ ફેલાયો છે. સરકારે જિલ્લા સ્થળાંતરની મંજૂરી સાથે છૂટ આપતા શહેરના લોકો ગામડાઓમાં પહોંચી રહ્યા છે. જેના પગલે ગામડાઓમાં પણ કોરોના ફેલાયો છે. સુરેન્દ્રનગર ની વાત કરવામાં આવે તો અહીં ગામમાં બે લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા આખું ગામ ખાલી થઈ ગયું છે. ચેપ ન ફેલાય તે માટે ગામના લોકો પોતાના ખેતર પર રહેવા જતા રહ્યા છે. ૧૧૦૦ લોકોની વસ્તી ધરાવતું ગામ હાલ ઉજ્જડ બની ગયું છે. સુરેન્દ્રનગર જિલ્લાના મૂડી તાલુકાના આસુન્દ્રાળી ગામમાં આવું થયું છે. મળતી માહિતી પ્રમાણે ગામના ઉપ-સરપંચના પત્ની અને તેના ભાણેજનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જે બાદમાં ૧૧૦૦ લોકોની વસ્તી ધરાવતા ગામમાંથી ૭૦૦ લોકો ગામ છોડીને ખેતર પર રહેવા માટે ચાલ્યા ગયા છે.

લોકોને એવો ડર છે કે તેમને પણ કોરોના થઈ જશે. જે બાદમાં જ ગામમાંથી હિજરત શરૂ થઈ હતી. બંને પોઝિટિવ દર્દીને સારવાર માટે સુરેન્દ્રનગરની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ બંને લોકો અમદાવાદથી પરત ફર્યા હતાં.ગામમાં મોટાભાગના લોકો પલાયન કરી ગયા છે ત્યારે ગામમાં ચોરી જેવા કોઈ બનાવો ન બંને તેમજ બહારથી કોઈ વ્યક્તિ ખબર વગર ન ઘૂસી જાય તેના પર નજર રાખવા માટે ગામમાં તાત્કાલિક સીસીટીવી કેમેરા લગાવી દેવામાં આવ્યા છે. ફક્ત આસુન્દ્રાળી ગામ જ નહીં પરંતુ તેની બાજુમાં આવેલા ભવાનીગઢ ગામમાં પણ આવી જ હાલત છે. બંને ગામના લોકો આઠથી દસ દિવસ સુધી ચાલે એટલું અનાજ લઈને ખેતર ચાલ્યા ગયા છે.આ ઉપરાંત ગામના લોકોને કોઈ

વસ્તુની જરૂરિયાત પડે તો તેને લાવવા માટે ૨૦ યુવકોની એક ટીમ બનાવવામાં આવી છે. આ લોકો ગામના લોકોની મદદ કરશે. ગામમાં બે કોરોના પોઝિટિવ કેસ આવ્યા બાદ ગામમાં ચાલતી ડેરી બંધ કરી દેવામાં આવી છે. ડેરીએ ખેડૂતો પાસેથી દૂધ લેવાનું બંધ કરતા ફક્ત પશુપાલન સાથે જોડાયેલા લોકો મુશ્કેલીમાં મૂક્યા છે. ગામના લોકોની સૌથી મોટી સમસ્યા દૂધનું શું કરવું તે છે. એક તરફ કોરોનાનો ખતરો છે અને બીજી તરફ ઉનાળો બરાબર તપી રહ્યો છે. આ બંને પરિસ્થિતમાં ગામના લોકો ખૂબ પરેશાની ભોગવી રહ્યા છે. ગામમાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો છે. ગામમાં પોલીસ બંદોબસ્ત પણ ગોઠવાયો છે.

અમેરિકા સ્થિત કાર્ડિયોલોજિસ્ટ ડૉ.બાસુ રેએ મમતા બેનર્જીને પત્ર લખ્યો

પં.બંગાળમાં ગીચ વસ્તી હોવાથી ચેપ વધવાની સંભાવના, તકેદારીના પગલાં ભરો

વૉશિંગ્ટન

ભારતીય મૂળના અમેરિકા સ્થિત કાર્ડિયોલોજિસ્ટ ડો.ઈન્દ્રનીલ બાસુ રેએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને કોરોના વાયરસ અંગે એક પત્ર લખ્યો છે. આમાં રેએ મમતાને રાજયમાં વધતા કોરોના ઈન્ફેક્શનના કેસોમાં જાગૃત રહેવાની સલાહ આપી હતી. તેમણે મુખ્યમંત્રીને પશ્ચિમ બંગાળમાં રોગચાળો રોકવા માટે જરૂરી અને સાવચેતીનાં પગલાં ભરવા જણાવ્યું હતું.

અમેરિકાના ટેનેસીમાં રહેતા ડો. રેએ જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળ સહિત આખા ભારત માટે સારું છે કે અહીં વાયરસ ફેલાયો છે તે એટલો ચેપી અને જીવલેણ નથી. તેમણે કહ્યું કે મને આ હકીકત કહેવાની ફરજ પડી છે કે જો આ વાયરસ બંગાળમાં ઝડપથી ફેલાશે તો તેનાથી ઘણું નુકસાન થશે. કારણ કે રાજયમાં ગીચ વસ્તી છે. જો ચેપ અગ્નિની જેમ ફેલાય તો તે હજારો લોકોને અસર કરશે અને ઘણા લોકોને બરબાદ કરશે.

ડો. રેએ પત્રમાં જણાવ્યું હતું કે, આ માટે સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવું જરૂરી છે. આ સાથે જ ચેપને ફેલાવવાથી રોકવો અને તેના કારણે થતા મૃત્યુને પણ કાબુમાં કરાવી પડશે. જેમ અન્ય દેશોમાં થઈ રહ્યું છે. હું તમને પ્રાર્થના કરું છું કે, તમે તેને રોકવા માટે તમામ પગલાં ભરો. આમાં ટેસ્ટિંગમાં વધારો, આઈસોલેશન અને કડક લોકડાઉન શામેલ છે. રે એક કાર્ડિયોલોજિસ્ટ અને ક્લિનિકલ ઈલેક્ટ્રોફિઝિયોલોજિસ્ટ છે. તેઓ અમેરિકા અને ભારતની અનેક યુનિવર્સિટીઓમાં મેડિસિન અને પબ્લિક હેલ્થના પ્રોફેસર પણ રહી ચૂક્યા છે.

જર્મન નાગરિક માટે લોકડાઉન વચ્ચે દિલ્લી એરપોર્ટ બન્યુ ઘર, ૫૫ દિવસ પસાર કર્યા

ન્યુ દિલ્હી

કોરોનાના કારણે લાગુ થયેલા લોકડાઉનના પગલે તમામ પ્રકારની વિમાની સેવા બંધ થઈ જવાના કારણે ઘણા લોકો ફસાઈ ગયા હતા.

આ બધાની વચ્ચે એક જર્મન નાગરિક એવો હતો જેણે એરપોર્ટ પર જ ૫૫ દિવસ પસાર કરવાનો વારો આવ્યો હતો.આખરે આજે તે ભારતથી રવાના થયો હતો.૪૦ વર્ષીય એડગાર્ડ જીબત ૧૮ માર્ચે ટ્રાન્ઝિટ પેસેન્જર તરીકે ભારત આવ્યો હતો.અહીંથી તેને તુર્કી જવાનુ હતુ.જોકે આ જ દિવસે ભારતે તુર્કી જતી ઉડાનો બેન કરી દીધી હતી.જેના પગલે જીબત માટે ટ્રાન્ઝિટ એરિયા જ ઘર બની ગયુ હતુ.કારણકે તેની પાસે ભારતનો વિઝા નહોતો.

જીબતનો જર્મનીમાં ગુનાઈત રેકોર્ડ પણ છે.તેના કારણે પણ તેણે ભારતમાં વિઝા માટે એપ્લાય કર્યુ નહોતુ.જર્મન એમ્બેસીએ તેને જર્મની પાછા ફરવા માટે પ્રસ્તાવ આપ્યો હતો.જીબતે તેનો ઈનકાર કરી દીધો હતો.

જોકે એરપોર્ટ પર જ ૫૫ દિવસ પસાર કર્યા બાદ હવે ભારત સરકારે તેને નોટિસ આપીને દેશ છોડવા માટે જણાવ્યુ છે.જેના કારણે હવે તેને પાછા જવાનો વારો આવ્યો છે.જીબત કદાચ એવો પહેલો નાગરિક છે જેણે ભારતના એરપોર્ટ પર ૫૫ દિસ પસાર કર્યા હશે.આજે તેને નેધરલેન્ડ જતી ફ્લાઈટમાં રવાના કરી દેવાયો હતો.

લોકડાઉનમાં વતન જવા માંગતા બિનગુજરાતી લોકોને સમજાવવા નવો પ્રયોગ

ધીરજ ખોઈ બેઠેલા શ્રમિકોને પોલીસ હવે બેનરો અને પોસ્ટરો લગાવી સમજાવશે

અમદાવાદ

કોરોના વાઈરસને નાથવા ગુજરાત સહિત દેશભરમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. લોકડાઉનના કારણે રાજ્યમાં વેપાર-ઉદ્યોગ ઠપ થયા છે. જેના કારણે અનેક શ્રમિકો, કારગીરોની રોજગારી છીનવાઈ છે. અન્ય રાજ્યમાંથી ગુજરાત કમાણી અર્થે આવેલા લોકોની ધીરજ હવે ખૂટી છે અને તેઓ આ કપરા સમયમાં પોતાના વતન પરત જવા માટે આમ તેમ ફાંફા મારી રહ્યાં છે. જે લોકોથી વ્યવસ્થા થાય છે તેઓ ટ્રેન કે અન્ય વાહનો થકી પોતાના વતન પહોંચી રહ્યાં છે પરંતુ ઘણા શ્રમિકો છે જે પગપાળા પોતાના વતન જવા નીકળ્યા છે. વતન જવા માટે અધીરા બનેલા લોકોને સમજાવવા અને રોકવા માટે ગુજરાત પોલીસે નવતર પ્રયોગ કર્યો છે. પોલીસ અનેક સ્થળે હાથમાં બેનરો લઈને જ્યાં છો ત્યાં રહેવા સમજાવી રહી છે.

ગુજરાત પોલીસે અગલ-અલગ વિસ્તારમાં રહેતા શ્રમિકો ને અન્ય રાજયના લોકોની ખૂટી ગયેલી હિંમતને વધારવા અને તેમને સમજવા પ્રયાસો હાથ ધર્યા છે. લોકો પોતાના બાળકો અને પરિવારની ચિંતામાં ઘરેથી ચાલતા નીકળી રહ્યાં છે. તેવામાં પોલીસ દ્વારા હિન્દી અને ગુજરાતીમાં બેનરો છપાવીને તેમને અહીં રોકાવા અને પલાયન ન કરવા સમજાવવામાં આવી રહ્યાં છે. આ માટે પોલીસ દ્વારા અન્જય જગ્યાએ જવાથી કોરોનાનો વ્યાપ વધશે, સંક્રમણના કારણે લોકોનો જીવ જોખમમાં મુકાશે, પોતાનો અન્ય લોકોનો જીવ ખતરામાં આવી જશે, જ્યાં છો ત્યાં જ રહો જેવા બેનર બનાવવામાં આવ્યા છે.

મંજૂરી વિના જૂનાગઢમાં પ્રવેશવા પર પ્રતિબંધ છતાં ૧૮ લોકો ઘૂસ્યા, ગુનો નોંધાયો

જૂનાગઢ

કોરોના વાઈરસના સંક્રમણને રોકવા મંજૂરી વિના જૂનાગઢ જિલ્લામાં પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં રોજ મંજૂરી વિના જિલ્લામાં ઘુસણખોરી થાય છે. સુરત, રાજકોટ અને મોરબી સહિતના વિસ્તારોમાંથી વધુ ૧૮ લોકો જૂનાગઢ જિલ્લામાં મંજૂરી વિના ઘુસી ગયા હતા. તેની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત જાહેરનામાનો ભંગ કરનાર વધુ ૨૮ લોકો સામે કાર્યવાહી કરાઈ હતી.

જૂનાગઢ જિલ્લામાં બહારથી આવેલા લોકોના લીધે કોરોનાના પોઝીટીવ કેસ થવા લાગ્યા છે. મંજૂરી વિના અને આરોગ્ય ચકાસણીવિના જૂનાગઢ જિલ્લામાં પ્રવેશ પર પ્રતિબંધ યથાવત છે. તેમ છતાં રોજ જૂનાગઢ જિલ્લામાં મંજૂરી વિના લોકો ઘસી રહ્યા છે.ગઈ કાલે રાજકોટ થી જૂનાગઢના ગાંધીગ્રામમાં એક સુરતથી વિસાવદરના ચાંપરડામાં ત્રણ, રાજકોટથી વડાલમાં બે, કોડીનારથી મેંદરડાના ભાલછેલમાં બે, સુરતથી મોટી કોડીપારમાં એક, પ્રભાતપુરમાં ત્રણ, શાપરથી મંગલપુરમાં એક, મોરબીથી ઉમટવાડા એક, અમદાવાદથી માણાવદરના મિતરડીમાં એક, તથા ગીર સોમનાથથી માંગરોળમાં એક મળી કુલ ૧૮ લોકો જૂનાગઢ જિલ્લામાં મંજૂરી વિના ઘુસી ગયા હતા.

અનિલ અંબાણી દિલ્હીનો વીજ વિતરણ વ્યવસાય વેચવા તૈયાર

ન્યુ દિલ્હી

અનિલ અંબાણીની આગેવાની વાળી અનિલ ધીરૂભાઈ અંબાણી ગ્રુપની કંપની રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાટનગર દિલ્હીમાં તેનો પાવર ડિસ્ટ્રિબ્યુશન બિઝનેસ વેચવા માંગે છે. રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની દિલ્હી સ્થિત બીએસઈએસ રાજધાની પાવર લિમિટેડ (બીઆરપીએલ) અને બીએસઈએસ યમુના પાવર લિમિટેડ (બીવાયવાયલ)માં ૫૧-૫૧% હિસ્સો છે. આ મામલાથી પરિચિત ત્રણ સ્રોતોના જણાવ્યા અનુસાર રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર આ બંને કંપનીઓમાં પોતાનો સંપૂર્ણ હિસ્સો વેચવા માંગે છે.

આ બાબતથી પરિચિત સૂત્રોના જણાવ્યા અનુસાર સંસ્થાકીય રોકાણકાર સીડીપીક્યુ, એક્ટિસ એલએલપી અને બ્રુકફિલ્ડ એસેટ મેનેજમેન્ટે રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પાવર ડિસ્ટ્રિબ્યુશન બિઝનેસ ખરીદવાની તૈયારી દર્શાવી છે. આ સિવાય ગ્રીનકો એનર્જી હોલિંગ્સ, ઈનીલ ગ્રુપ, આઈ સ્ક્વાર્ડ કેપિટલ, ટોરેન્ટ પાવર અને વેડ કેપિટલ ગ્રુપ એલએલસીએ પણ આ સોદામાં રસ દાખવ્યો છે. લાઈવ મિન્ટના અહેવાલ મુજબ, રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા હિસ્સો વેચવા માટે ખરીદદારો શોધવાની જવાબદારી કેપીએમજીને સોંપવામાં આવી છે.

એશિયન પત્રકારના પ્રશ્ન પર ટ્રમ્પ ભડક્યા, પ્રેસ કોન્ફરન્સ અધવચ્ચે છોડી

વૉશિંગ્ટન

અમેરિકામાં કોરોનાના વધતા કહેરની વચ્ચે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો વ્યવહાર પણ ચર્ચાનો વિષય બન્યો છે. વ્હાઈટ હાઉસમાં આયોજીત પત્રકાર પરિષદ દરમ્યાન જ્યારે એક પત્રકારે પ્રશ્ન કર્યો કે અમેરિકામાં દરરોજ લોકો કેમ મરી રહ્યા છે તો ટ્રમ્પે તેનો જવાબ ચીનને પૂછવાનું કહી દીધું. એટલું જ નહીં ત્યારબાદ તેમણે કોઈપણ બીજા પ્રશ્નોના જવાબ આપ્યા નહીં અને પ્રેસ કોન્ફરન્સ છોડીને જતા રહ્યા.

આપને જણાવી દઈએ કે વ્હાઈટ હાઉસમાં અમેરિકામાં કોરોનાના હાલની સ્થિતિ પર દરરોજ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરાય છે જેમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ પણ ભાગ લે છે. આ દરમ્યાન એક એશિયન અમેરિકન પત્રકાર જિયાંગ એ ટ્રમ્પને પ્રશ્ન કર્યો કે તેઓ કોરોના વાયરસ પરીક્ષણને વૈશ્વિક પ્રતિયોગિતાના રૂપમાં કેમ જુએ છે, જ્યારે ૮૦૦૦૦થી વધુ અમેરિકનોના મોત થઈ ગયા છે.

તેના જવાબમાં ટ્રમ્પે આકરા શબ્દોમાં કહ્યું કે મના ના પૂછો, ચૂનને પ્રશ્ન પૂછો, ઠીક છે? ત્યારબાદ ટ્રમ્પે સીએનએન માટે વ્હાઈટ હહાઉસના સંવાદદાતા કેટલન કોલિન્સને આગળનો પ્રશ્ન પૂછવા કહ્યું પરંતુ જિયાંગે બીજો પ્રશ્ન કર્યો કે સર તમે મને ખાસ આવું કેમ કહી રહ્યા છો?

તેના જવાબમા ટ્રમ્પે કહ્યું કે હું તમને કહી રહ્યું છું. હું તેને કોઈ માટે ખાસ રીતે કહી રહ્યો નથી. આ જવાબ એ બધા માટે છે જે મને ખરાબ પ્રશ્નો પૂછે છે. તેના પર જિયાંગ એ કહ્યું કે આ એક ખરાબ પ્રશ્ન નથી. પછી ટ્રમ્પ બોલ્યા, તેનાથી શું ફરક પડે છે?

ત્યારબાદ ટ્રમ્પે કોઈપણ બીજા પત્રકારોને પ્રશ્નના જવાબ આપ્યા નહીં અને તેઓ પ્રેસ કોન્ફરન્સને અધૂરી છોડીને જતા રહ્યા.

પ્રતિબંધો હટાવનાર દેશ સાવચેત રહે, સંક્રમણ ફરી ફેલાવાનું જોખમઃ વિશ્વ આરોગ્ય સંસ્થા

જિનિવા

વિશ્વમાં ઘણા દેશોએ કોરોના મહામારીના કારણે લગાવેલા પ્રતિબંધોને હટાવવાની શરૂઆત કરી દીધી છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)એ આવા દેશોને સાવચેત રહેવાની અપીલ કરી છે. WHOના ઈમરજન્સી પ્રોગ્રામના પ્રમુખ ડો. માઈક રેયાને કહ્યું હતું કે હવે અમને થોડી આસા નજરે પડી રહી છે. વિશ્વના ઘણા દેશો લોકડાઉનને હટાવી રહ્યા છે. પરંતુ તેને લઈને વધારે સાવધાની રાખવાની જરૂર છે.

તેમણે કહ્યું કે જો બીમારી ઓછા પ્રમાણમાં હાજર રહે છે અને તેનાથી ક્લસટર્સની ઓળખ કરવાની ક્ષમતા ન હોય તો હંમેશા વાઈરસ બીજીવાર ફેલાવાનું જોખમ રહે છે. જે દેશ મોટા પ્રમાણમાં સંક્રમણ રોકવાની ક્ષમતા ન હોવા છતા પ્રતિબંધો હટાવી રહ્યા છે, તેઓ માટે આ ખતરનાક સાબિત થઈ શકે છે.

રેયાને કહ્યું કે મને આશા છે કે જર્મની અને દક્ષિણ કોરિયા નવા ક્લસટર્સની ઓળખ કરી શકશે. આ બન્ને દેશમાં લોકડાઉન હટાવ્યા પછી ફરીવાર સંક્રમણ ફેલાયું છે. આ બન્ને દેશમાં દેખરેખની વ્યવસ્થા પ્રસંશાને પાત્ર છે. સારું સર્વેલન્સ વાઈરસને ફરી ફેલાતું રોકવા માટે જરૂરી છે. અમે એવા દેશોના ઉદાહરણ સામે રાખીએ જે આપણી આંખો ખોલી રહ્યા છે અને પ્રતિબંધો હટાવવા ઈચ્છુક છે. અમુક દેશો આંખો બંધ રાખીને બીમારીથી બચવાની કોશિશ કરે છે.

મુખ્યમંત્રી કેજરીવાલે ૧૭મે બાદ શું કરવું તેના પર જનતા પાસે સૂચનો માંગ્યા

ન્યુ દિલ્હી

લોકડાઉનને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે બધા રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીઓને પૂછવામાં આવ્યુ છે કે, રાજ્યો શુ ઈચ્છે છે. આ પ્રક્રિયાને આગળ વધારતા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જનતા પાસે સલાહ માગી છે કે, ૧૭ મે બાદ કેવી રીતે કઈ દિશામાં આગળ વધવુ જોઈએ. સીએમ અરવિંદ કેજરીવાલે મંગળવારે જણાવ્યુ છે કે, વડાપ્રધાને લોકડાઉન પર ચર્ચા કરી છે અને પૂછ્યુ છે કે, કંઈ રાજ્ય શુ ઈચ્છે છે. કેજરીવાલે કહ્યુ છે કે, વડાપ્રધાને રાજ્યો પાસે સલાહ માંગી છે, જેના આધાર પર કેન્દ્ર સરકાર નિર્ણય લેશે. કેન્દ્ર સરકારને પોતાની સલાહ મોકલતા પહેલા અરવિંદ કેજરીવાલે જનતા પાસેથી તેમનો મત લેવાનો નિર્ણય કર્યો છે. કેજરીવાલે કહ્યુ છે કે, હું આજે દિલ્હીના લોકો પાસેથી સલાહ લેવા માગુ છુ કે, ૧૭ મે બાદ શુ થવુ જોઈએ.

મનમોહનસિંહનો કોરોના રિપોર્ટ નેગેટિવઃ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ

ન્યુ દિલ્હી

પૂર્વ પીએમ મનમોહનસિંહને આજે દિલ્હીની એઈમ્સમાંથી રજા આપી દેવામાં આવી છે.

આજે તેમનુ મેડિકલ ચેક અપ કરાયુ હતુ અને તેમાં પૂર્વ પીએમ સ્વસ્થ હોવાનુ જણાયા બાદ ડોક્ટરોએ તેમને ઘરે જવા માટે મંજૂરી આપી હતી.

રવિવારે રાતે મનમોહનસિંહને નવી દવાના કારણે આવેલા રીએક્સશન અને તાવના પગલે એઈમ્સમાં દાખલ કરાયા હતા. જોકે સોમવારે તેમની તબિયતમાં સુધારો થયો હતો. તેમને દિવસભર તાવ પણ આવ્યો નહોતો. હોસ્પિટલમાં મનમોહનસિંહનુ અલગ અલગ ચેકઅપ કરવામાં આવ્યુ હતુ. કોરોના વાયરસનો પણ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જોકે કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો હતો. આ ઉપરાંત હૃદય અને છાતીના નિષ્ણાત ડોક્ટરોની દેખરેખ હેઠળ તેમને રાખવામાં આવ્યા હતા.

મનમોહનસિંહ વડાપ્રધાન હતા તે દરમિયાન ૨૦૦૯માં એઈમ્સમાં તેમની બાયપાસ સર્જરી કરવામાં આવી હતી.



અમૃતસરમાં એક મહિલા પોતાના પરિવારને લઈને જતી નજરે પડે છે.



કોરોના વાયરસના લીધે દેશમાં ચાલી રહેલ લોકડાઉનની વચ્ચે હજારો-લાખો પ્રવાસી મજૂર પગપાળા કે ટ્રકોની મદદથી ઘરની તરફ જવા પ્રયાસ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે પગપાળા જવાથી બચવા માટે અત્યારે એક જ સહારો છે. આ દરમ્યાન એક તસવીર સામે આવી છે, જેમાં પિતા પોતાના નાનકડા બાળકને એક હાથે બાવડું પકડીને ટ્રકની ઉપર ચઢવાની કોશિષ કરી રહ્યા છે. હૃદય કંપાવનારી આ તસવીરમાં દેખાય છે કે કેવી રીતે પ્રવાસી મજૂર પોતાના પરિવારને ઘર સુધી પહોંચાડવાની મથામણમાં લાગી ગયો છે જેમાં ખૂબ જ ખતરો છે. ૨૦ સેકન્ડની ક્લિપનો આ વીડિયો ખૂબ વાયરલ થયો છે. એક શખ્શ ટ્રક પર ચઢીને દોરડાના સહારે પોતાના બાળકને ચઢાવાની કોશિશમાં દેખાય છે. આ તસવીર ખૂબ જ ખતરનાક લાગી કારણ કે બાળકની સાથો સાથ પિતાનો પણ પડવાનો ડર છે પરંતુ તેને કોઈ પણ સ્થિતિમાં ઘરે જવું છે.

વંદે ભારત મિશન અંતર્ગત મલેશિયાથી ભારત આવ્યા ૧૮૦ નાગરિકો

ન્યુ દિલ્હી

વંદે ભારત મિશન અંતર્ગત એર ઈન્ડિયાની ફ્લાઈટ મલેશિયાથી ૧૮૦ ભારતીયોને લઈ ચેન્નઈ એરપોર્ટ પહોંચી હતી. આ વિમાનમાં ત્રણ નવજાત બાળકો પણ સવાર હતા. એર ઈન્ડિયા એક્સપ્રેસ આઈએક્સ ૬૮૭ ની આ ફ્લાઈટ મંગળવારે વહેલી સવારે ચેન્નઈ એરપોર્ટ પર ઉતરી હતી. વંદે ભારત મિશન અંતર્ગત સરકારે વિશ્વના વિવિધ દેશોમાં ફસાયેલા ભારતીયોને દેશમાં પરલ લાવવાની કામગીરી શરૂ કરી છે. આ પહેલા લંડનથી એર ઈન્ડિયાની ફ્લાઈટ કુલ ૩૨૦ ભારતીય નાગરિકો સાથે કર્ણાટક પહોંચી હતી. આ બધા લોકો ૧૪ દિવસ માટે ક્વોરેન્ટાઈન રહેશે. જ્યાં તેમના ગાઈડલાઈન્સ અનુસાર ચેકઅપ કરવામાં આવશે.

જમ્મુ કાશ્મીરઃ ખીણના ૮ જિલ્લામાં ૨-જી ઈન્ટરનેટ સેવા શરૂ

શ્રીનગર

જમ્મુ કાશ્મીરના પુલવામાં અને શોપિયા જિલ્લાને બાદ કરતાં સમગ્ર કાશ્મીર ખીણમાં ૨-જી મોબાઈલ ઈન્ટરેટ સેવા શરૂ કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીર પ્રશાસને ૧૧ મેના રોજ પુલવામાં અને શોપિયા જિલ્લાને બાદ કરતા ખીણના અન્ય ભાગમાં ડેટા સેવા શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. કાશ્મીરના ૧૦ જિલ્લામાંથી ૮ જિલ્લામાં સોમવારે રાત્રિના સમયે ૨૪ મોબાઈલ ઈન્ટરનેટ સેવા શરૂ કરી દેવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ગત અઠવાડિયે એક અથડામણાં હિઝબુલના કમાન્ડર રિયાઝ નાયકૂને ઠાર મારવામાં આવ્યો હતો. સુરક્ષા બળ અને જમ્મુ કાશ્મીર પોલીસના સંયુક્ત અભિયાને અથડામણને અંજામ આપ્યો હતો. ત્યારબાદ ખીણમાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી હતી.

કર્મચારીને કોરોના પોઝિટિવ આવ્યા બાદ એર ઈન્ડિયાની દિલ્હીની ઓફિસ સીલ

ન્યુ દિલ્હી

સરકારી ઉડ્ડયન કંપની એર ઈન્ડિયાના એક કર્મચારીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ દિલ્હીમાં સ્થિતિ એર ઈન્ડિયાની ઓફિસને સીલ કરવામાં આવી છે. કંપનીએ જણાવ્યું છે કે, ચેરમેન અને સીઈઓ પ્રદીપ સિંહ ખારોલા સહિત તમામ કર્મચારી ઘરેથી કામ કરશે. અધિકારીઓએ જણાવ્યું છે કે, ઓફિસને સેનિટાઈઝ કરવામાં આવી રહી છે.

અગાઉ એર ઈન્ડિયાના પાંચ પાયલટનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જો કે બીજી વખત ટેસ્ટ કરતા રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ, પાંચેય પાયલટનો ફરી વખત ટેસ્ટ કરાવવામાં આવ્યા હતા આ પાંચેય બોઈંગ ૭૮૭ વિમાન ઉડાવે છે.

રિપોર્ટ મુજબ, તેમની ટેસ્ટ ખરાબ હતી. જેને કારણે પાયલટનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જો કે એર ઈન્ડિયા તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. આ તમામ પાયલય કાર્ગો ફ્લાઈટ્સ લઈને ચીન ગયા હતા.

૨૦ લાખ કરોડ
પહેલા પાનાથી ચાલુ

કરીશું, ગુણવત્તા સુધારશું, સપ્લાય ચેઈનને આધુનિક બનાવીશું. જે આપણે કરી શકીએ છીએ અને આપણે એ કરીશું.

● મેં કચ્છમાં ભૂકંપ જોયો છે. ચારે તરફ બધું ધ્વસ્ત હતું. મારી આંખે મેં એ કાટમાળ જોયો છે. એ વખતે કોઈ વિચારી પણ ન્હોતું શકતું કે કચ્છ કદી બેઠું થશે. પણ એ શક્ય બન્યું. આજે કચ્છ સમૃદ્ધિમાં રાચે છે.

● આપણે એ નક્કી કરીએ તો પછી એ શક્ય બને જ છે.

● આત્મનિર્ભર ભારતની ભવ્ય ઈમારત પાંચ પીલર પર ઊભેલી છે.

૧. અર્થવ્યવસ્થા: એક એવી વ્યવસ્થા જે ક્વોન્ટમ જમ્પ આપે.

૨. માળખાગત સુવિધા, જે આધુનિક ભારતની ઓળખ બને.

૩. સિસ્ટમ, જે એકવીશમી સદીના સપનાને સાકાર કરતી ટેક્નોલોજી ડ્રિવન હોય.

૪. ભારતીય લોકતંત્ર, જે દુનિયામાં સૌથી મોટી છે.

૫. ડિમાન્ડ, જે સપ્લાયની સાથે તાલમેલ વધારે વિશેષ આર્થિક પેકેજની જાહેરાત, જે આત્મનિર્ભર ભારતની જરૂરિયાતો પર કામ કરશે

● વિશેષ આર્થિક પેકેજની જાહેરાત, જે આત્મનિર્ભર ભારતની જરૂરિયાતો પર કામ કરશે.

● ૨૦ લાખ કરોડ રૂપિયાના આર્થિક પેકેજની જાહેરાત

● ભારતના જીડીપીના લગભગ ૧૦ ટકા

૨૦૨૦માં ૨૦ લાખ કરોડ રૂપિયાનું પેકેજ આત્મનિર્ભર ભારત અભિયાનને ગતિ આપશે.

● લેન્ડ,લેબર, લિક્વિડીટી અને લો દરેક માટે કામ કરશે

● કુટિર ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ માટે આ પેકેજ સહાયતા પૂરી પાડશે.

● દેશના એ શ્રમિકો, કિસાનો માટે આ પેકેજ છે જે દેશવાસીઓ માટે દિન-રાત પરિશ્રમ કરે છે.

● આવતીકાલથી કેટલાંક દિવસ સુધી નાણામંત્રી દ્વારા આત્મનિર્ભર ભારત અભિયાન સંબંધિત પેકેજની વિશેષ જાણકારી આપવામાં આવશે.

★ કોરોના સંકટે લોકલ માર્કેટ, લોકલ સપ્લાય ચેઈન, લોકલ ઉત્પાદનોનું મહત્વ સમજાયું છે. આપણને લોકલ જ બચાવી રહ્યું છે. સ્થાનિક એ જ આપણો જીવનમંત્ર બનવો જોઈએ.

● આજે જે ગ્લોબલ છે એ દરેક એક તબક્કે લોકલ જ હતા. પરંતુ લોકોનો વિશ્વાસ જીતીને એ ગ્લોબલ બન્યા છે.

● ભારતની લોકલ વ્યવસ્થા માટે આપણે જ વોકલ બનીએ.

● કોરોનાનું નિરાકણ જલદી શક્ય નથી, પરંતુ તેનો અર્થ એવો નથી કે આપણે થાકી જઈએ. માસ્ક પહેરશું, ડિસ્ટન્સિંગનું પાલન કરીશું પણ લક્ષ્યથી ડિસ્ટન્સ નહિ રાખીએ.

● લોકડાઉનનું ચોથું ચરણ નવા રુપરંગનું, નવા નિયમો સાથેનું હશે

● રાજ્યો દ્વારા મળેલા સુચનો મુજબ લોકડાઉન.૪ સંબંધિત માહિતી ૧૮ મે પહેલાં મળી જશે.

● મને વિશ્વાસ છે કે આપણે કોરોનાથી લડીશું અને આગળ વધીશું.

● આત્મનિર્ભરતા આપણને સુખ આપશે અને સશક્ત પણ બનાવશે.

● આત્મનિર્ભર ભારત એ નૂતન ભારતનો નૂતન સંકલ્પ છે.

સુપ્રિમ કોર્ટ
પહેલા પાનાથી ચાલુ

વિચાર કરતાં પણ અમુક કાનૂની સવાલોના મામલાઓને મોટી પીઠ પાસે મોકલવામાં કોઈ પ્રકારનું બંધન નથી.

આ કોર્ટના અધિકાર ક્ષેમિં છે. ચીફ જસ્ટિસ એ સ . એ . બો બ ડે ની અધ્યક્ષતાવાળી નવ સભ્યોની બંધારણીય પીઠે સબરીમાલાના ચુકાદા બાદ પણ ધર્મો અને માન્યતાઓના અધિકારને લઈને અપાયેલા પોતાના નિર્ણય પર વિસ્તૃત તર્ક આપ્યા છે.

શિક્ષણ મંત્રી
પહેલા પાનાથી ચાલુ

મંત્રીપદે રહી શકે નહીં. અને તેમણે તમામ સરકારી પદ ખાલી કરવા પડે. આ સમગ્ર કેસની વિગતોમાં, ગુજરાત વિધાન સભાની ૨૦૧૭માં યોજાયેલી ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ધોળકા બેઠક પરથી માત્ર ૩૨૭ મતોની પાતળી સરસાઈથી જીત્યા હતા. આ મત ગણતરીમાં બેલેટ પેપરની ગણતરી કરવામાં ના આવતા સમગ્ર વિવાદ સર્જાયો હતો. . આ મામલે કોંગ્રેસના ઉમેદવાર અશ્વિન રાઠોડે ફરિયાદ કરી હતી કે બેલેટ પેપરના ૪૨૯ જેટલા મત તેમના તરફી હતા પરંતુ ફરજ પરના ચૂંટણી અધિકારી અને અન્ય સત્તાવાળાઓ દ્વારા તેને ધ્યાને લેવામાં આવ્યા ન હતા. અને ચુડાસમાંને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતા.

ગુજરાત વિધાનસભાની ૨૦૧૭ની ચૂંટણીમાં ભુપેન્દ્રસિંહ ચુડાસમાની જીતને કોંગ્રેસના ઉમેદવાર દ્વારા હાઈકોર્ટમાં પડકારવામાં આવી હતી. બે-અઢી વર્ષની લંબાણ સુનાવણી બાદ ગુજરાત હાઈકોર્ટે આજે વીડિયો કોન્ફરન્સિંગથી ચૂદાકો આપ્યો હતો. ચુકાદો ભુપેન્દ્રસિંહ ચુડાસમાની વિરૂધ્ધમાં આવ્યો હતો અને કોંગ્રેસના ઉમેદવારની તરફેણમાં ચુકાદો આવ્યો હતો. આમ ધોળકા બેઠકની ચૂંટણી રદ કરવામાં આવી છે. . મતની ગણતરીને લઈ કોર્ટે અવલોકન કર્યું હતું. જેમાં કોર્ટે જણાવ્યું હતું કે, ૪૨૯ પોસ્ટલ મત ગેરકાયદે રીતે બાકાત રખાયા હતા.

અશ્વિન રાઠોડે એવો આક્ષેપ કર્યો છે કે, મતગણતરી વખતે ગણતરીમાં બેલેટ પેપરની ગણતરીમાં ગેરરીતિ આચરવામાં આવી છે, આ કારણોસર ચૂંટણી રદ થવી જોઈએ તેમજ પોતાને વિજેતા જાહેર કરાવો જોઈએ એવી માંગણી રાઠોડે કરી હતી. હાઈકોર્ટે ૪૨૯ પોસ્ટલ બેલેટ રદ કરવાનો નિર્ણય ગેરકાયદેસર હોવાનો ચુકાદો આપ્યો છે. પોસ્ટલ બેલેટમાં મળેલા મતમાંથી ૪૨૯ મત રદ થતાં ચુડાસમાને વિજેતા જાહેર કરાયા હતા.

અશ્વિન રાઠોડે એવો આક્ષેપ કર્યો છે કે, મતગણતરી વખતે ગણતરીમાં બેલેટ પેપરની ગણતરીમાં ગેરરીતિ આચરવામાં આવી છે. આ કેસમાં બન્ને પક્ષે સાક્ષીઓની જુબાની લેવામાં આવ્યાં બાદ રિટર્નિંગ ઓફિસર ધવલ જાનીની ટ્રાન્સફર કરવા હાઈકોર્ટે સરકારને આદેશ કર્યો હતો.

શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા આજે ધોળકા વિધાનસભા બેઠક ની ચૂંટણી રદ કરતા ગુજરાત હાઈકોર્ટે આપેલા ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારશે, એમ સરકારના નાયબ સીએમ નીતિન પટેલે જાહેર કરીને જણાવ્યું હતું કે કાયદાકીય અપીલ કરીશું. અભ્યાસ કર્યા બાદ નિર્ણય લેવામાં આવશે. પ્રદેશ અધ્યક્ષ, મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય નેતાગીરી સાથે ચર્ચા અને માર્ગદર્શન લઈ નક્કી કરવામાં આવશે.

દરમ્યાનમાં, ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવે ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ચૂંટણી રદ કરવાના ચૂકાદા બાદ ટ્વિટ કરી હતી. તેમણે ટ્વિટમાં જણાવ્યું હતું કે, ચૂંટણીના #GujaratModelનું પર્દાફાશ થયો. ગુજરાતના કાયદા મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ૨૦૧૭ની ચૂંટણીની જીત ગેરકાયદેસર જાહેર કરવામાં આવી છે. એક મહત્વપૂર્ણ ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે આ નિર્ણય આપ્યો છે.

હાઈકોર્ટનો ચુકાદો જાહેર થયાની ગણતરીની મિનિટોમાં કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલે બે ટ્વિટ કરી હતી. જેમાં એકમાં સત્ય મેવ જયતે અને બીજીમાં, ગુજરાતના કાયદાપ્રધાન ખોટી રીતે ચૂંટાયા હતા. ગુજરાત હાઈકોર્ટે ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ચૂંટણી ગેરકાયદેસર જાહેર. ૨૦૧૭માં તેઓએ ગેરકાયદેસર જીત મેળવી હતી. એમ જણાવ્યું હતું.

ભુપેન્દ્રસિંહ ૩૨૭ મતોની પાતળી સરસાઈથી વિધાનસભાની ચુંટણીમાં ધોળકા બેઠક પર જીત મેળવી હતી. તેની સામે અશ્વિન રાઠોડે એવો આક્ષેપ કર્યો છે કે, મતગણતરી વખતે ગણતરીમાં બેલેટ પેપરની ગણતરીમાં ગેરરીતિ આચરવામાં આવી છે. આ કેસમાં બન્ને પક્ષે સાક્ષીઓની જુબાની લેવામાં આવ્યાં બાદ રિટર્નિંગ ઓફિસર ધવલ જાનીની ટ્રાન્સફર કરવા હાઈકોર્ટે સરકારને આદેશ કર્યો હતો.

અમેરિકા આકરા
પહેલા પાનાથી ચાલુ

હદ સુધી પણ નહીં જપમને કોઈ દિલચસ્પી નથી. અમે સમજૂતી પર હસ્તાક્ષર કર્યા છે. આ અંગે મે પણ સાંભળ્યું છે કે તેઓ તેમના માટે વધુ સારી વેપાર સમજૂતી માટે ટ્રેડ પ્રક્રિયા પર ચર્ચા કરવા માંગે છે.'

રિપોર્ટ પ્રમાણે અમેરિકાના નાણાપ્રધાન સ્ટીવન મ્નુચિને ૪ મેના રોજ ચેતવણી આપી હતી કે જો ચીન વેપાર સમજૂતીનું સન્માન નહીં કરે તો તેણે ગંભીર પરિણામ ભોગવવા પડશે. આ સિવાય ટ્રમ્પે પણ કહ્યું હતું કે ચીને સમજૂતીનું સન્માન નથી કર્યું અને કોરોના વાયરસ મહામારીને જોતા સમજૂતીની જોગવાઈનું પાલન નહીં કર્યું તો તેઓ આને રદ કરી દેશે. આપણે જણાવી દઈએ કે અમેરિકા અને ચીન વચ્ચે જાન્યુઆરીમાં થયેલ આ સમજૂતી હેઠળ બેઈજિંગે ૨૦૨૦-૨૧માં ઓછામાં ઓછા ૨૦૦ અબજ ડોલરથી વધુના અમેરિકી પ્રોડક્ટ અને સર્વિસઝની ખરીદ કરવા સંમતિ દાખવી હતી.

એલએસી
પહેલા પાનાથી ચાલુ

લુચ્ચાઈ કરી રહ્યું છે. અમેરિકા સહિતના દેશો કોરોના વાયરસની મહામારી ફેલાવવા બદલ ચીન પર દોષનો ટોપલો ઢોળી રહ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આક્ષેપ કર્યો હતો કે જો ચીન સમયસર વિશ્વને કોરોના વાયરસની મહામારી અંગે વિશ્વને માહિતગાર કરી શક્યું હોત તો વિશ્વ આ સંકટ સામે લડવા વહેલા તૈયાર થઈ શક્યું હોત. અગાઉ યુએસના રાષ્ટ્રપતિએ ચીન દ્વારા કોરોનાથી મૃત્યુના આંકડા પણ છૂપાવવામાં આવતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

રાજકોટમાં નફાખોરો દ્વારા ટમેટાંના ભાવ ત્રણ ગણા કરતા ગૃહિણીઓમા રોષ

રાજકોટ

રાજકોટના જુના માર્કેટયાર્ડમાં યાર્ડના સત્તાવાળાઓએ કોરોનાનો ચેપ ન પ્રસરે તેવા આશયથી યાર્ડમાં મહારાષ્ટ્ર સહિત પરપ્રાંતથી આવતા ટમેટાંની આવક બંધ કરવાનો નિર્ણય જાહેર કર્યો અને હજુ આજેય પણ ટમેટાંની આવકમાં કોઈ ઘટાડો નથી થયો ત્યાં જ નફાખોરોએ તકનો ગેરલાભ ઉઠાવીને ટમેટાંના ભાવ ત્રણ ગણા વધારી દેતા ગૃહિણીઓમા રોષની લાગણી પ્રસરી છે. બે દિવસ પહેલા જ રૂા.૨૫થી ૩૦ના કિલો લેખે મળતા ટમેટાં આજે તેમજ ગઈકાલે પણ રૂા.૮૦થી ૧૦૦ના કિલો લેખે વેચાવા લાગ્યા છે.

ગઈકાલ સાંજ સુધી તો યાર્ડમાં ટમેટાંની ધૂમ આવક ચાલુ જ રહી હતી.આજે જ માર્કેટયાર્ડમાં ટમેટાંની ૪૫૦ ક્વિન્ટલની નોંધપાત્ર આવક જળવાઈ હતી જ્યારે તરબૂચ અને વટાણાની આવક તો વધી હતી. બીજી તરફ માર્કેટયાર્ડ દ્વારા તરબૂચ, ટમેટાં અને વટાણાની પરપ્રાંતથી થતી આવક બંધ કરવાનો નિર્ણય લીધો છે પરંતુ, તેમાં તર્ક ઓછો જણાય છે. કારણ કે ખુદ સરકારે કોરોનાનો ચેપ પ્રસરતો હોવા છતાં માણસોને મહારાષ્ટ્ર, અમદાવાદ સહિત અન્ય જિલ્લાઓમાંથી આવવાની છૂટ આપી છે અને શ્રમિકો માટે તો ખાસ ટ્રેન દોડાવાઈ રહી છે. ખરેખર તો સ્થાનિકેથી માલની પૂરતી આવક થયા પછી પરપ્રાંતની આવક બંધ કરવી જોઈએ અને તેથી વિશેષ સ્થાનિક કે પરપ્રાંત કે અન્ય જિલ્લામાથી આવતા તમામ વાહનો, ખેડૂતો, વેપારીઓ, વગેરે તમામ સોશ્યલ ડિસ્ટન્સ અને વારંવાર હાથ ધોવા સહિતના નિયમોનું ચૂસ્ત પાલન કરે તે યાર્ડમાં વિશેષ જરૂરી છે.

તંત્રની રહેમ નજર..? ધમધમી રહ્યો છે પાન-માવા-બીડીનો ધંધો

રાજકોટ

અત્યારે આખો દેશ કોરોના સામે ઝઝૂમી રહ્યો છે એવામાં ફાકી – પાનના વ્યસન માટે પંકાયેલા સૌરાષ્ટ્રમાં જાણે ટોબેકો વોર ચાલુ થઈ ગઈ છે. તે એ રીતે કે સેંકડો વ્યસનીઓ તમાકુ-સોપારી વિના પાંગળા બની ગયા છે, અને મોકા પરશત કાળાબજારિયા તત્વોએ એમની લાચારીનો ગેરલાભ લઈને લૂંટવા માંડયા છે. કયાંક અધરાત મધરાતે દુકાનો ખોલાવાય છે, તો કયાંક દુકાનમાંથી દલ્લો લૂંટવો હોય એમ તલબગારો ભીડ લગાવી રહ્યા છે. હદ તો ત્યાં થઈ, જયારે કોંગ્રેસના કોઈ આગેવાને હવે સરકારે પાન-બીડીની હોમ ડીલીવરીની છૂટ આપવી જોઈએ એવી માગણી પણ ઉઠાવી છે! ગોંડલ નગરપાલિકાના વોટર વર્કસ શાખાના ચેરમેન અનિલભાઈ માધડે રાજકોટ જિલ્લા કલેકટર,

જિલ્લા પોલીસ વડાને ફરિયાદ કરી છે કે ગોંડલમાં સોપારી અને પાન-બીડીના વેપારીઓ દ્વારા તંત્રની મીઠી નજર તળે કાળાબજાર કરવામાં આવી રહ્યા છે. જેમાં ફાયર સ્ટેશન વિસ્તાર માંડવી ચોક,ગુંદાળા રોડ, કૈલાશ બાગ કોમ્પલેક્ષ, નાની મોટી બજારમાં ત્રણ ખુણીયાની આસપાસ કેટલાંક અંદર આવેલ કોમ્પલેક્ષમાં બે ત્રણ વેપારીઓ સહિતના વેપારીઓ મધરાત્રે બાહુબલીઓ સાથે મળી પાન તમાકુનો જથ્થો કાઢી આપે છે અને દિવસના તેના ધૂમ કાળાબજાર થઈ રહ્યા છે. જો આ ફરિયાદ ખોટી હોય તો પોતે રાજકારણ અને જાહેર જીવન છોડી દેશે તેમ કહીને ઉમેર્યું છે કે બાહુબલીઓને રાત્રે પોલીસ દ્વારા પ્રોટેક્શન પણ પૂરું પાડવામાં આવી રહ્યું છે. ફરિયાદમાં જણાવયેલા વેપારીઓની આસપાસના તમામ સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ ચેક થવા જોઈએ. ધોરાજીના સ્ટેશન પ્લોટ ખાતે આવેલ આશ બીડી અને તમાકુના હોલસેલર ની દુકાન ખાતે તમાકુ અને બીડી લેવા માટે લોકોની ભીડ એકઠી થઈ હતી, જેનો વીડિયો વાયરલ થતાં ધોરાજી પોલીસે દુકાનદારની પૂછપરછ બાદ વિડીયો ફૂટેજના આધારે તપાસ હાથ ધરતા કુલ ૧૨ શખ્સો દુકાનમાં ઘૂસ્યાનું જણાતા તેમની ઓળખ કરી તમામ ૧૨ આરોપીઓને ધોરાજી પોલીસ સ્ટાફે ઝડપી પાડયા હતા અને તેમની સામે જાહેરમાં બખેડો કરવા બદલ રાયોટિંગનો ગુનો નોંધ્યો હતો.

ગુજરાત સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનનો આક્ષેપ

‘આરોગ્ય સેતુ’ એપ પર વિદેશી કંપનીનું માર્કેટિંગ થતા મેડિકલ સ્ટોરધારકો નારાજ

અમદાવાદ

કોરોના વાયરસ સામે લડી રહેલા ભારત દેશમાં સરકાર દ્વારા તમામ સ્માર્ટ મોબાઈલ ફોન ધારકોને આરોગ્ય સેતુ એપ્લિકેશન ડાઉનલોડ કરવાનો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. કરોડો લોકોએ આ એપ્લિકેશન ડાઉનલોડ પણ કરી દીધી છે અને જરૂરી ડેટા પણ સબમિટ કર્યો છે. હવે ચોક્કસ અધિકારીઓની મેળાપીપણામાં આ એપ્લિકેશન ઉપર આરોગ્ય સેતુ મિત્ર લિંકમાં દવા ક્યાંથી મેળવવી સર્ચ કરવામાં આવે તો ચાર વિદેશી કંપનીઓના નામ દર્શાવાતા હોવાનો ફેડરેશન ઓફ ગુજરાત સ્ટેટ કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશને આક્ષેપ કર્યો છે. આ મુદ્દે એસોસિએશનના પ્રમુખ જશવંત પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લેખિતમાં ફરિયાદ કરી આ લિંક હટાવવા માગ કરી છે. આરોગ્ય સેતુ નામની લિંકમાં વિદેશી કંપનીઓનું હિત જળવાય તેવી ગોઠવણ કરાઈ હોવાનો આક્ષેપ કરતા એસો.ના પ્રમુખે જણાવ્યું કે,

સરકારે કોરોનાના ડેટા એકત્રિત કરવા અને લોકોને કોરોનાની સ્થિતિની માહિતી મળી રહે તે માટે આરોગ્ય સેતુ એપ લોન્ચ કરી છે. કરોડો લોકોએ એપ્લિકેશન પોતાના સ્માર્ટફોનમાં ડાઉનલોડ પણ કરી દીધી છે. હવે જ્યારે કોઈ વ્યક્તિ આ એપ્લિકેશનમાં દવાઓ મેળવવા માટે સર્ચ કરે તો આરોગ્ય સેતુ મિત્ર નામની લિંક દ્વારા તેને ઓનલાઈન દવા માટે Netmed, PharmEasy, Medlife તથા 1mg. નામની વિદેશી કંપનીઓના નામની વિગત આપવામાં આવે છે. હવે મેડિકલ સ્ટોર ધારકો, કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશનની નારાજગી એ મુદ્દે છે કે, જ્યારે આ એપ્લિકેશન લોન્ચ થઈ ત્યારે આ વિદેશી કંપનીઓના નામો સૂચવાશે તેવું જણાવવામાં આવ્યું નહોતું.

સાથે સાથે લોકડાઉનની કપરી પરિસ્થિતિમાં ગુજરાતના ૨૫ હજાર સહિત દેશના લાખો મેડિકલ સ્ટોર ધારકો પોતાના મેડિકલ સ્ટોર ખુલ્લી રાખી લોકોને જરૂરી દવાઓ પૂરી પાડી હતી. એક તરફ ઓનલાઈન મેડિસિનને હજુ સુધી કોઈ મંજૂરી મળી નહીં હોવા છતાં સરકારી એપ્લિકેશન ઉપર જ તેનો પ્રચાર-પ્રસાર કરી દેશના મેડિકલ સ્ટોર ધારકોની આવક પર સીધી તરાંપ મારવાની પ્રવૃત્તિ થઈ રહી છે. તેમણે આ ખેલ પાછળ અધિકારીઓનો હાથ હોવાનો જશવંત પટેલે આક્ષેપ કર્યો છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તાકીદે આ વિદેશી કંપનીઓનો પ્રચાર-પ્રસાર સુરક્ષા સેતુ એપ્લિકેશન પરથી થાય નહીં માટે તેની લિંક દૂર કરવા માટે રજૂઆત કરી છે.વધુમાં તેમનો આક્ષેપ છે કે, આરોગ્ય સેતુ એપ્લિકેશન પર દેશના કરોડો લોકોની આરોગ્યને લગતી વિગતોનો ડેટા છે. જે ઓનલાઈન કંપનીઓને હાથમાં જવાની દહેશત વ્યક્ત કરી છે.

રાજકોટ લોકડાઉનમાં ૧૮૦ કિલોગ્રામ તમાકુ સાથે એક શખ્સની પોલીસે કરી ધરપકડ

રાજકોટ

રાજકોટમાંથી લોકડાઉન દરમિયાન એક ઈસમની ૧૮૦ કિલોગ્રામ તમાકુ સાથે ધરપકડ કરવામાં આવી છે. રાજકોટ સ્પેશિયલ ઓપરેશનલ ગ્રૂપે તેની ધરપકડ કરી રૂપિયા ૯૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. રાજકોટઃ રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપને વધુ એક સફળતા મળી છે. હાલ કોરોના વાઈરસના કારણે સમગ્ર દેશમાં લોકડાઉન છે. ત્યારે લોકડાઉનમાં રાજ્યમાં તમાકુ યુક્ત પદાર્થો વહેંચવાની મનાઈ છે. પરંતુ કેટલાક જિલ્લાઓમાં પોલીસની મીઠી નજર હેઠળ તમાકુ યુક્ત પદાર્થો, બીડી સહિતનું બમણા ભાવે વેચાણ થઈ રહ્યું છે.

લોકડાઉન દરમિયાન રાજકોટના રૈયા રોડ નજીક છોટુનગર શેરી નંબર-૫માં આવેલી પ્રાથમિક શાળા નંબર ૬૦ નજીકથી એસઓજીએ બાતમીના આધારે ઉમેશ ગોપાલ સારંગ નામના ઈસમને તમાકુના ૧૨ કોથળા સાથે ઝડપી પાડ્યો છે. આ કોથળામાંથી કુલ ૧૮૦ કિલોગ્રામ જેટલું તમાકુ મળી આવી છે. જેની કિંમત આશરે રૂપિયા ૯૦ હજાર જેટલી થવા પામી છે.આ અંતર્ગત એસઓજીએ ઈસમને ઝડપી પાડીને ગાંધીગ્રામ પોલીસ મથકને સોંપ્યો હતો. હાલ આ મામલે રાજકોટની ગાંધીગ્રામ પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

લુણાવાડાના અર્બન હેલ્થ સેન્ટર ખાતે મમતા ક્લિનિકનું આયોજન

મહીસાગર

લોકડાઉન દરમિયાન પાંચ વર્ષથી નાની ઉંમરના લુણાવાડાના વિવિધ પેટાકેન્દ્રના રસીકરણમાં બાકી રહેલા બાળકો અને સગર્ભા મહિલાઓ રસિકરણથી વંચિત રહી ન જાય તે માટે આવા લાભાર્થીઓને ટેલીફોનીક જાણ કરી, એપોઈન્ટમેન્ટ આપી લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે એપોઈન્ટમેન્ટ બેઝ મમતા કલિનિકનું આયોજન કરવામા આવ્યું હતું. જેનો લાભર્થીઓએ લાભ લીધો હતો.

મહીસાગર જિલ્લાના લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે એપોઈન્ટમેન્ટ બેઝ મમતા ક્લિનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડાના વિવિધ પેટાકેન્દ્રના રસીકરણમાં બાકી રહેલા ૦થી ૫ વર્ષના બાળકો અને સગર્ભાને ટેલીફોનીક જાણ કરી, એપોઈન્ટમેન્ટ આપી રસીકરણ કરવામાં માટે બોલાવામાં આવ્યા હતા.

જેથી મમતા ક્લિનિકમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાઈ રહે. આજના એપોઈન્ટમેન્ટ બેઝ મમતા ક્લિનિકમાં ૦થી ૫ વર્ષના બાળકોનું રસીકરણ તેમજ બાળકોનું ગ્રોથ મોનીટરીંગ કરવામાં આવેલું હતું. જેમાં ૦થી ૫ વર્ષના બાળકોનું વજન, ઉચાઈ, લંબાઈ, એમ.યુ.એ.સી, કરી ગ્રોથ મોનીટરીંગ કરવામાં આવ્યું હતું.આ ઉપરાંત સગર્ભા મહિલાઓનું હેલ્થ ચેકઅપ તથા રસીકરણ કરવામાં આવ્યું હતું. સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીને કુલ ૩૬ બાળકોનું રસીકરણ, ગ્રોથ મોનીટરીંગ કરવામાં આવ્યું હતું અને ૧૪ સગર્ભાનું રસીકરણ અને એ.એન.સી. ચેકઅપ કરવામાં આવ્યું હતું.

જામનગર અનાજ માર્કેટ સવારે ૭થી ૧૦ વાગ્યા સુધી ખોલવાનો નિર્ણય

શહેરમાં રિટેઈલની દુકાનો સવારે ૭થી ૧૦ વાગ્યા સુધી ખુલી રહેશે

જામનગર

શહેરમાં અનાજ માર્કેટ અંગે પોલીસ વડા શરદ સિંઘલની અધ્યક્ષતામાં બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં અનાજ માર્કેટના હોલસેલ વેપારીઓના પ્રતિનિધિ અને વ્યાપારી મંડળના પ્રતિનિધિઓ સામેલ થયા હતા. બેઠક બાદ જામનગર અનાજ માર્કેટ સવારે ૭થી ૧૦ વાગ્યા સુધી ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં રિટેઈલની દુકાનો સવારે ૭થી ૧૦ વાગ્યા સુધી ખુલી રહેશે અને માત્ર સ્થાનિક લોકો જ પગપાળા જઈને ખરીદી કરી શકશે. ખરીદીના આ સમય દરમિયાન કોઈ પણ પ્રકારના વાહનોને પ્રવેશ માટે પરવાનગી આપવામાં આવશે નહીં.

આ ઉપરાંત હોલસેલના વેપારી ૧૧થી ૨ વાગ્યા સુધી દુકાન ખુલી રાખી શકશે. આ દરમિયાન માત્ર વહીવટી તંત્રના પાસ ધરાવનારા દુકાનદારોને જ પ્રવેશ આપવામાં આવશે. આવા તમામ વ્યાપારીઓએ વાહન બહાર રાખવું પડશે અને ખરીદી થઈ ગયા બાદ સમાન બહાર લઈ જઈને નીકળવાનું રહેશે. આ સમય દરમિયાન બીજા કોઈ વાહનને પ્રવેશ માટે પરવાનગી આપવામાં આવશે નહીં તથા છૂટક વેચનારા પર પણ કાર્યવાહી કરવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારમાંથી ખરીદી કરવા આવનારા દુકાનદારો સોમવાર, બુધવાર અને શુક્રવારે આવી શકશે, જ્યારે શહેરના દુકાનદારો માટે આ લાગૂ નહીં પડે. આ સાથે જ હોલસેલના વેપારીઓએ પોતાનો સામાન અનલોડ સાંજે પથી ૮ના સમયમાં કરવાનો રહેશે. આ ઉપરાંત શહેરના દુકાનદારો એક વાર ખરીદવા જશે, ત્યારે તેમના પાસમાં તારીખની એન્ટ્રી કરવામાં આવશે અને ૭ દિવસ પછી જ એને ફરીથી અલૉવ કરવામાં આવશે.

ફિલિપાઈન્સ અને USથી ૨૭૮ લોકો અમદાવાદ પરત ફર્યા, તમામને કરાશે ક્વોરન્ટીન

અમદાવાદ

હાલ કોરોના વાયરસ ને કારણે આખું વિશ્વ પરેશાન છે. આ દરમિયાન ફક્ત દેશની અંદર જ નહીં પરંતુ વિદેશમાં પણ અનેક લોકો ફસાયા છે. ભારત સરકાર તરફથી એક ખાસ અભિયાન થકી વિદેશમાં ફસાયેલા લોકોને સ્વદેશ પરત લાવવામાં આવી રહ્યા છે. જે અનુસંધાને આજે ફિલિપાઈન્સ માં ફસાયેલા ૧૩૯ વિદ્યાર્થીઓ અને અમેરિકામાં ફસાયેલા ૧૩૯ લોકોને અમદાવાદ ખાતે લાવવામાં આવ્યા હતા. અમદાવાદ ખાતે આજે બે ફ્લાઇટ આવી પહોંચી હતી. અમદાવાદ એરપોર્ટ ખાતે રાત્રે આશરે ત્રણ વાગ્યે ફિલિપાઈન્સના મનાલીથી એક ફ્લાઇટ ૧૩૯ વિદ્યાર્થીઓને લઈને પહોંચી હતી. આ તમામ વિદ્યાર્થીઓને ૧૪ દિવસ માટે ક્વોરન્ટીન કરવામાં આવશે. આ દરમિયાન તેમનામાં કોઈ કોરોના વાયરસના લક્ષણો દેખાયા નથીને તેને તપાસ કરવામાં આવશે. ક્વોરન્ટીન તબક્કો પૂરો કર્યા બાદ આ વિદ્યાર્થીઓ નિયમ પ્રમાણે બહાર નીકળી શકશે. જે વિદ્યાર્થીઓ તથા યાત્રિકો વિદેશથી આવી રહ્યા છે તેમને ૧૪ દિવસ માટે ઇન્સ્ટિટ્યૂશનલ (સંસ્થાગત) ક્વોરન્ટીનમાં રહેવું જરૂરી છે. જો કે, આ માટે તેઓ બે વિકલ્પ પસંદ કરી શકે છે : નિઃશુલ્ક અથવા પેઈડ. ઇન્સ્ટિટ્યૂશનલ (સંસ્થાગત) ક્વોરન્ટીન માટે સરકાર આ યાત્રિકો કે વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક વ્યવસ્થા તો રાજ્યના ૩૧ જિલ્લાઓમાં કરશે જ, પરંતુ જે લોકો પોતાના ખર્ચે કોઈ હોટેલ અથવા અન્ય સ્થળે ઇન્સ્ટિટ્યૂશનલ ક્વોરન્ટીન થવા માંગતા હોય તો તે અંગેનો વિકલ્પ પણ સરકારે ખુલ્લો મુક્યો છે. તમામ જિલ્લાઓને આ અંગેની વ્યવસ્થા કરવા માટે પણ સૂચિત કરી દેવામાં આવ્યા છે. આ માટે યાત્રિકો અને વિદ્યાર્થીઓ તેમને અનુકૂળ જિલ્લો પસંદ કરી શકે છે અને આ અંગે એરપોર્ટ ઉપર એરાઇવલ ઉતર્યા બાદ તુરત જ તેમના પસંદગીના જિલ્લા મથકની નોંધ કરાવી શકે છે. વિદેશથી પરત આવી રહેલા આ યાત્રિકો અને વિદ્યાર્થીઓને તેમના સંબંધિત જિલ્લાઓમાં પહોંચાડવાની બસની વ્યવસ્થા નિઃશુલ્ક રૂપે સરકાર મારફત કરવામાં આવી છે.

તલાલા-ગીરના ખેડૂતોએ ૧૫મી પછી કેસર કેરીની હોમ ડિલીવરી કરવા તૈયારી શરૂ કરી

લઘુત્તમ ૧૦ બોક્સના ઓર્ડર આપવા અને ડિજીટલ પેમેન્ટના આધારે કેરી પહોંચાડાશે

તલાલા

લોકડાઉન વચ્ચે તલાલા-ગીરની કેસર કેરીનો સ્વાદ ૧૫મી મે પછી માણવા મળી શકે એવી વ્યવસ્થા ખુદ ખેડૂતો દ્વારા ગોઠવવામાં આવી રહી છે. દર વર્ષે અમદાવાદ-ગાંધીનગરમાં મોટા પ્રમાણમાં કેસર કેરીનું વેચાણ કરતાં ખેડૂતો હાલ વેચાણ કરવા આવી શક્યા નથી. પરંતુ તેમણે અન્ય વિકલ્પ તરીકે હોમ ડિલિવરી અને ડીજીટલ પેમેન્ટની વ્યવસ્થા ગોઠવી છે. અમદાવાદ-ગાંધીનગરના ૫૦૦૦થી વધુ વધુ ગ્રાહકોએ ગીર-તલાલાના ખેડૂતોનો સંપર્ક સાધીને કેસર કેરીની હોમ ડિલિવરી કરવા રૂપિયા પણ જમા કરાવી દીધા હોવાનું જાણવા મળી રહ્યું છે.

હાલ સંપૂર્ણ લોકડાઉન થઈ જતાં અનેક ખેડૂતોને ગત અઠવાડિયે ડિલીવરી કેન્સલ કરવી પડી હતી અને અડધા રસ્તેથી પરત ફરવાની ફરજ પડી હોવાનું પણ જાણવા મળ્યું છે. હવે ૧૫મી પછી લોકડાઉનમાં રાહત મળતાં ગીરની વાડીથી સ્વાદના શોખિનો સુધી સીધા કેસર કેરી પહોંચાડવાની વ્યવસ્થા ખેડૂતોએ હાથ ધરી છે. સામાન્ય રીતે મેની શરૂઆત સાથે કેસર કેરીનું આગમન થઈ જાય છે. પરંતુ કોરોના વાયરસની મહામારીના પગલે લોકડાઉન હોવાથી ગીર-તલાલાની કેસર કેરી અમદાવાદ પહોંચી નથી. કેસર કેરીના ખેડૂતોએ આ વર્ષે દર વખત જેવું વેચાણ શક્ય નહીં થઈ શકે તેવી સ્પષ્ટતા કરી છે.

ગીર કૃષિ વસંત પ્રોડ્યુસર કં.લિ.ના ખેડૂત તુષારભાઈ ધામલિયાએ જણાવ્યું હતું કે,‘૧૫મી પછી અમે ડિલીવરી કરી શકીએ એવું પ્લાનિંગ છે. ઓથોરિટીએ પણ કેટલીક ચોક્કસ શરતો મૂકીને ડિલીવરીની મંજૂરી આપી છે. જેમાં સૌથી પહેલા તો કેશ ઓન ડિલીવરીના બદલે ડીજીટલ મોડથી જ પેમેન્ટ લેવાનું રહેશે. તે ઉપરાંત ગીર-સોમનાથથી અમદાવાદ કે ગાંધીનગર આવનાર ડ્રાઈવર અને ડિલીવરી બોયને દર સાત દિવસે ફરજિયાત સ્ક્રિનિંગ કરાવવાનું રહેશે. જે વોર્ડ કે શોપ વગેરેમાં ડિલીવરી કરવાની હોય ત્યાં પણ સ્ક્રીનિંગ કરાવવાનું રહેશે. સરકાર તરફથી અમને હાલ આ શરતો સાથેનું પત્ર મળ્યું છે. જેની જાણ અમે સ્થાનિક જિલ્લા કલેકટરને પણ કરી છે અને અમને ઝડપથી ક્લિયરન્સ મળે એવી વિનંતી પણ કરી છે.

અમદાવાદમાં લૉકડાઉનથી સગાઈની તારીખ લંબાતા યુવતીએ છતથી કુદી જીવન ટુંકાવ્યું

વસ્ત્રાલ

લૉકડાઉન ની મુદતમાં વધારો થતાં ઘરમાં રહીને કેટલાય લોકો કંટાળ્યા છે. જોકે, ઘરમાં રહેવું તે જ હાલની પરિસ્થિતિનો યોગ્ય વિકલ્પ છે. અમદાવાદના વસ્ત્રાલ માં એવી ઘટના બની જે જાણીને ભલભલાના રુંવાટા ઊભા થઈ જાય. એક યુવતીની એપ્રિલ મહિનામાં સગાઈ નક્કી થઈ હતી પરંતુ લૉકડાઉન વધતા સગાઈની તારીખો પણ લંબાતી જતી હતી. આ વાતનું મનમાં લાગી આવતા યુવતીએ છત પરથી ઝંપલાવી આપઘાત કર્યો છે.

રામોલ પોલીસે આ બનાવમાં અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. વસ્ત્રાલમાં આવેલા તેજેન્દ્ર ક્રિસ્ટલ બંગલોમાં આપઘાતની ઘટના બની હતી. વાત એમ છે કે અહીં રહેતી ૨૬ વર્ષીય તેજલ ઘનશ્યામભાઈ સોઢા તેના પરિવાર સાથે રહેતી હતી. એક યુવક સાથે પરિવારે સબંધ નક્કી કર્યો હતો અને દીકરી તેજલની સગાઈ પણ નક્કી થઈ હતી. સગાઈ માટે ૨૨ એપ્રિલની તારીખ નક્કી થઈ હતી. પરંતુ લૉકડાઉનને કારણે આ તારીખ લંબાવાઈ હતી. આ જ કારણે તેજલ સખત ડિપ્રેશનમાં આવી ગઈ હતી.

પરિવારે તેને સાંત્વના આપી હતી પણ તેમ છતાં તે તણાવમાં રહેતી હતી. આ તણાવ વચ્ચે અચાનક જ તેજલે આપઘાત કરી લીધો હતો. આપઘાતની ઘટનાને લઈને રામોલ પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં જાણવા મળ્યું કે સગાઈની તારીખ લૉકડાઉનને કારણે આગળ ધકેલાતી હોવાથી તેજલે ડિપ્રેશનમાં આવીને આપઘાત કર્યો છે. હાલ સમગ્ર બાબતે વધુ તપાસ કરવામાં આવી રહી હોવાનું રામોલ પોલીસ સ્ટેશનના પીઆઇ કે. એસ. દવેએ જણાવ્યું છે.

કેશોદના ત્રિલોકપરા વિસ્તારમાં યુવાને કરી આત્મહત્યા, કારણ અકબંધ

જૂનાગઢ

કેશોદમાં આવેલા ત્રિલોકપરા વિસ્તારમાં એક યુવાને આત્મહત્યા કરી હોવાની ઘટના સામે આવી છે. આત્મહત્યાનું કારણ જાણવા મળ્યુ નથી. સ્થાનિકો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર આ યુવાન તાલાલાથી કાપડની ખરીદી કરવા આવ્યો હતો. કેશોદ મામલતદાર અને પોલીસને ઘટનાની જાણ કરવામાં આવતા તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે કેશોદ સિવીલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

કોરોનાના કહેર વચ્ચે કમિશનર વિજય નહેરા પરત આવવાને લઈ ચર્ચાનો દોર

અમદાવાદ

કોરોના વાઈરસના હોટસ્પોટ અમદાવાદમાં કેસો વધતા રાજ્ય સરકારે કોરોના કાબુમાં લેવા જવાબદારી ડો.રાજીવકુમાર ગુપ્તા, પંકજકુમાર અને ઈન્ચાર્જ મ્યુનિસિપલ કમિશનર મુકેશકુમારને સોંપી છે. રાજ્ય સરકાર અમદાવાદ મામલે ખૂબ જ ગંભીર બની અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એક બાદ એક સિનિયર આઈએએસ અધિકારીઓની નિમણૂક કરી રહી છે તો બીજી તરફ પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવતા ૧૪ દિવસ માટે હોમ ક્વોરન્ટીન થયેલા મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાને હવે સરકાર કમિશનર તરીકે પરત લાવશે કે પછી કોરોના કાબુમાં લાવવા કડક નિર્ણય લેનારા મુકેશકુમારને જ કોર્પોરેશનનો હવાલો સોંપી દેવાશે તેના પર ચર્ચા જાગી છે. કડક નિર્ણય લેવામાં મોડા પડેલા કમિશનર નેહરાનું કદ ઘટાડી ચૂંટાયેલી પાંખને પણ લાંબા સમયથી ચાલતા ખટરાગમાં રાહત આપવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે.

મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ અમદાવાદીઓને સુફીયાણી સલાહ આપી પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવ્યાના ૭ દિવસ પૂર્ણ થાય તો ટેસ્ટ કરાવવાનું કહ્યું થતાં પહેલાં જ ૪ દિવસમાં ટેસ્ટ કરાવી લીધો અને ટ્વિટર મારફતે નેગેટિવ હોવાની અને જલ્દીથી પરત આવવાની વાત કહી છે. એકતરફ રાજય સરકાર કોરોનાની સ્થિતિને કાબુમાં લેવા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સિનિયર ૈંછજી અધિકારીઓ મૂકી રહ્યા છે જેથી આગામી દિવસોમાં વિજય નહેરાનું કદ ઘટે તેવી શક્યતા જણાઈ રહી છે. વિજય નહેરા પોતે ઝડપથી પરત આવવા માંગી રહ્યા છે ત્યારે જો નહેરા ક્વોરન્ટીનમાંથી પરત આવશે ત્યારે કમિશનર તરીકે યથાવત રાખશે કે બદલી કરી અન્ય જગ્યાનો હવાલો સોંપી દેવાશે. મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાના હોમ ક્વોરન્ટીન થયા બાદ મુકવામાં આવેલા ઈન્ચાર્જ કમિશનર અને ડો. રાજીવકુમાર ગુપ્તાની કામગીરીથી ચૂંટાયેલી પાંખ ખુશ જણાઈ રહી છે. કમિશનર તરીકે હતા ત્યારે કોરોના મામલે ચૂંટાયેલી પાંખની અવગણના થતી હોય અથવા તેઓ પોતે જ કમિશનરથી દુર રહેતી હતી. પરંતુ હવે રોજ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ચૂંટાયેલી પાંખ અને અધિકારીઓ સંપર્કમાં રહી કામગીરી કરી રહ્યા છે

રાજ્યમાં કોરોના ધરાવતી ૧૦૦માંથી ૩૩ વ્યક્તિ સાજી થઈ ગઈ છે

મહારાષ્ટ્ર-તમિલનાડુ કરતા ગુજરાતમાં કોરોના મૃત્યુદર અડધા કરતાં પણ ઓછો

મહારાષ્ટ્રમાં મૃત્યુદ ૨૩.૭૫%, તામિલનાડુમાં મૃત્યુદર ૦.૬૬% જ્યારે ગુજરાતમાં મૃત્યુદર ૬.૦૧%

ગાંધીનગર

ગુજરાતમાં કોરોનાના કુલ કેસનો આંક ૮૫૪૨ જ્યારે તેનાથી થયેલા મૃત્યુનો આંક ૫૧૩ થઈ ગયો છે. હાલ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, તામિલનાડુ એવા રાજ્યો છે જ્યાં કોરોનાના કુલ કેસનો આંક ૮ હજારને પાર થયેલો છે. આ બંને રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં મૃત્યુદર અડધા કરતાં પણ ઓછો છે. મહારાષ્ટ્રમાં ૨૨૧૭૧ કેસ-૮૩૨ મૃત્યુ સાથે મૃત્યુદર૩.૭૫%, તામિલનાડુમાં ૮૦૦૨ કેસ-૫૩ મૃત્યુ સાથે મૃત્યુદર ૦.૬૬% જ્યારે ગુજરાતમાં મૃત્યુદર ૬.૦૧% છે. કોરોના ભારતમાં કુલ એવા ૧૧ રાજ્યો છે જ્યાં કોરોના કુલ કેસનો આંક ૧ હજારને પાર થયેલો છે.

જે રાજ્યોમાં ૧ હજારથી વધુ કેસ હોય તેમાં પશ્ચિમ બંગાળ ૯.૧૧% સાથે સૌથી વધુ મૃત્યુદર ધરાવે છે. પશ્ચિમ બંગાળમાં ૨૦૬૩ કેસ સામે ૧૯૦ના મૃત્યુ થયા છે અને ત્યાંનો મૃત્યુદર ૯.૧૧% છે. સૌથી વધુ મૃત્યુદરમાં પંજાબ ૮.૯૫% સાથે બીજા સ્થાને છે જ્યાં ૧૮૭૭ કેસ સામે ૩૧ના મૃત્યુ થયેલા છે. ગુજરાતમાં કુલ ૮૫૪૨ કેસ સામે ૫૧૩ મૃત્યુ થયા હોવાથી મૃત્યુદર ૬.૦૧% છે. ૧ હજારથી વધુ કેસ ધરાવતા રાજ્યોમાં વધુ મૃત્યુદર મામલે ગુજરાત ત્રીજા સ્થાને છે. ગુજરાતમાં આ સ્થિતિ પ્રમાણે કહી શકાય કે ૧૦ લાખની વસતીએ સરેરાશ ૧૨૬ વ્યક્તિ કોરોના પોઝિટિવ છે. ગુજરાતમાં હાલ એક્ટિવ કેસનું પ્રમાણ ૬૧.૪૫% છે.

ગુજરાત માટે રાહતની વાત 'રિક્વરી રેટ' છે. હાલમાં ગુજરાતનો રિક્વરી રેટ ૩૨.૫૫ ટકા છે. જેનો મતલબ છે કે કોરોના ધરાવતી ૧૦૦માંથી ૩૩ વ્યક્તિ સાજી થઈ ગઈ છે. કોરોના ૪ થી ૧૦ મે દરમિયાન ગુજરાતમાં કોરોનાના કેસનો દૈનિક વૃદ્ધિ દર ૬ ટકા નોંધાયો છે.ગુજરાતમાં અત્યારસુધી કુલ ૧,૧૬,૪૭૧ના ટેસ્ટ કરવામાં આવ્યા છે. સરેરાશ ૧૦ લાખની વસતીએ ૧૭૧૪ વ્યક્તિના કોરોના ટેસ્ટ કરાયા છે તેમ કહી શકાય.ભારતમાં કોરોનાથી જે કુલ મૃત્યુ નોંધાયા છે તેમાં ગુજરાતનું પ્રમાણ ૨૩.૫૦% છે.

કોર્ટના ચુકાદા બાદ શક્તિસિંહ અને અમિત ચાવડાની પ્રતિક્રિયા

ચુડાસમાને HCથી ફટકાને કોંગ્રેસના નેતાઓએ ગણાવી સત્યની જીત

ગાંધીનગર

ગુજરાત હાઈકોર્ટના ચુકાદાથી ભાજપના વરિષ્ઠ નેતા અને કેબિનેટ મંત્રી ચુડાસમાને મોટો ફટકો પડ્યો હતો. ત્યારબાદ કોંગ્રેસના નેતાઓ ટ્વિટર પર ટ્વિટ કરીને રાજનીતિ ગરમાવી નાંખી હતી. કોર્ટમાં અરજદારે કોર્ટમાં જણાવ્યું હતું કે, ઉમેદવારે રિ કાઉન્ટિંગ પણ આપ્યું નહોતું. ૧૪ મુદ્દા પર કોર્ટે અવલોકન કર્યું હતું. કોર્ટના આદેશ બાદ કોંગ્રેસના નેતા શક્તિસિંહ ગોહિલે ટ્વિટર પર ટ્વીટ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, "સત્યમેવ જયતે",

શક્તિસિંહ ગોહિલ બાદ કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ પોતાનું મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું. અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, આજે હાઈકોર્ટમાં આવેલા નિર્ણય સત્યનો વિજય છે. ભાજપ અત્યાર સુધી પોતાની સત્તાનો દુરુપયોગ કરીને મતગણતરી પ્રક્રિયામાં ગોટાળો કરતું આવ્યું છે. પરંતુ આજે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ ગયું છે. ચાવડાએ જણાવ્યું હતું કે ૨૦૧૭ની ધોળકાની વિધાનસભાની સીટ પર થયેલી ચૂંટણીમાં ૪૨૯ પોસ્ટલ બેલેટ રદ કર્યા હતા. જેનાથી ૩૨૭ મતથી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વિજેતા જાહેર કરાયા હતા. જેથી સામે પક્ષે ઉમેદવારે પોસ્ટલ બેલેટ ખોટી રીતે રદ કર્યાની રજૂઆત કોર્ટમાં કરી હતી.

ચાવડાએ ઉમેર્યું હતું કે, છેલ્લા ૨ વર્ષ દલીલો સાંભળ્યા બાદ એચસીએ આજે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. ભાજપે સત્તાનો દુરુપયોગ કરી ચૂંટણી પ્રક્રિયામાં દરમિયાનગીરી કરી હતી. ત્યારબાદ ભાજપ દ્વારા અશ્વિન રાઠોડ ઉપર પણ કેસ પાછો ખેંચી લેવા માટે લાલચ અને દબાણ થયું હતું. પરંતુ અશ્વિન રાઠોડ મક્કમતાથી લડત લડ્યા હતા, અને આજે પરિણામ બધાની નજર સામે છે. આ નિર્ણય બાદ સરકારે એક વાત શીખવા જેવી છે કે, સરકાર પોતાના માણસોને બચાવવા પ્રયાસ ન કરે. હાલ રાજ્યમાં પરપ્રાંતિયોની હાલત કફોડી છે. ૨૦ હજાર જેટલા શ્રમિકોને કોંગ્રેસે મદદ કરી રહી છે.

ભાજપ પક્ષ અને રૂપાણી સરકાર ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાથે : નિતિન પટેલ

ગાંધીનગર

વર્ષ ૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂટણીમાં રાજ્યના શિક્ષણપ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાની ૩૨૭ મતોથી ઘોળકા વિધાનસભા બેઠક પરથી જીત થઈ હતી. જેમાં કોગ્રેસ પક્ષના ઉમેદવાર અશ્વિન રાઠોડે ચૂડાસમાની જીતને હાઈકોર્ટમાં પડકારી હતી. જેનો આજે મંગળવારે હાઈકોર્ટ દ્વારા વિધાનસભાની ચૂંટણી રદ કરવાનો નિર્ણય આપ્યો છે. ત્યારે રાજ્યના નાયબ મુખ્યપ્રધાન નિતિન પટેલે પ્રતિક્રિયા આપતા જણાવ્યુ હતુ કે ભાજપ પક્ષ અને રૂપાણી સરકાર ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાથે છે. નાયબ મુખ્યપ્રધાને વધુમાં જણાવ્યું હતુ કે અમારો ભાજપ પક્ષ અને અમારી સરકાર ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાથે છે. હાઈકોર્ટના ચુકાદાને અમે અભ્યાસ કરી રહ્યા છે,

જ્યારે પટેલે એવું પણ જણાવ્યું હતુ કે હાઈકોર્ટે ચુંટણી રદ કરી છે તેથી સરકારમાં હવે તેમનુ સ્થાન અને ધારાસભ્ય પદે તેઓ રહેતા નથી. પણ રાષ્ટ્રીય નેતાગીરી અને વકીલોની સલાહ લઈને સારો અને વ્યવહારુ રસ્તો કરીશુ. તેઓ જનસંઘથી અમારી સાથે છે. ચૂંટણીની મતગણતરી થઈ હતી તે વ્યથીત થઈ નહતી તેવા આક્ષેપ કરવામાં આવ્યા હતા. પણ આજે નામદાર હાઈકોર્ટ દ્વારા જે નિર્ણય કરવામાં આવ્યો છે તે અમારા માટે મોટો ઝટકો છે.

આ સાથે જ હવે વકીલો સાથે ચર્ચા કરીને સુપ્રીમ કોર્ટમાં રીટ દાખલ કરવામાં આવશે અને હાઈકોર્ટના ચુકાદા પર સ્ટે લાવવા માટે સુપ્રીપ કોર્ટમાં અપીલ કરીશુ. જ્યારે કોંગ્રેસના ઉમેદવાર અશ્વિન રાઠાડે જણાવ્યું હતુ કે વર્ષ ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં ધોળકા બેઠક પરથી ભુપેન્દ્રસિંહ ચુડાસમા ૩૨૭ મતોથી જીત મેળવી હતી. જે બાબતે હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી હતી. આજે હાઈકોર્ટ દ્વારા જે ચુકાદો આપવામાં આવ્યો છે. તે અમને શિરોમાન્ય છે.

મહેસાણા જીલ્લામાં એક સાથે ૬ કોરોના કેસ નોંધાતા તંત્રમાં ગભરાટ

૬૨ સેમ્પલ માંથી ૬ કોરોના પોઝીટીવ નીકળતા તંત્રમાં વધી ચિંતા

મહેસાણા

સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે ત્યારે મહેસાણામાં વધુ ૬ પોઝિટિવ કેસ નોંધાતા તંત્ર હરકતમાં આવ્યું છે. મહેસાણા જિલ્લામાં પરીક્ષણ માટે ૬૨ સેમ્પલ મોકલવામાં આવ્યા હતાં. ૨ સેમ્પલનું પરિણામ પેન્ડિંગ છે જ્યારે ૬ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. પોઝિટિવ રિપોર્ટના તમામ દર્દીઓને સિવિલમાં દાખલ કરવામાં આવ્યાં છે.

કોરોનાને કારણે મહેસાણા જિલ્લામાં વધુ ૬ પોઝિટિવ કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે. મહેસાણા જિલ્લામાં કુલ ૬૨ લોકોનાં સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યાં હતાં. જેમાં ૬ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો જ્યારે હજુ ત્રણ લોકોનો રિપોર્ટ આવવાનો બાકી છે. નવા નોંધાયેલા કેસોમાં બહુચરાજી ખાતે રહેતા બે લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો જ્યારે અમદાવાદથી આવેલા જમાઈના કોન્ટેક્ટમાં આવેલા પરિવારના ૨ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

વિજાપુરમાં એક કેસ પોઝિટિવ આવ્યો જ્યારે કડીમાં એક કેદીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. મહત્વની વાત છે કે, મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં કોરોનાની એન્ટ્રી થઈ ગઈ છે જેના કારણે તંત્ર હરકતમાં આવ્યું છે. બહુચરાજીમાં નવા બે કેસ નોંધાયા છે. કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં બન્નેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મોડાસામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આરોગ્યકર્મી પોઝિટીવ આવતા ખળભળાટ

મોડાસા

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પ્રકોપ યથાવત છે. ત્યારે અરવલ્લીના મોડાસામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આરોગ્યકર્મીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય કેન્દ્રને બંધ કરવામાં આવ્યું છે. મોડાસાનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આગામી ૭ દિવસ સુધી બંધ રહેશે.મોડાસા આરોગ્ય કેન્દ્રના સ્ટાફને હોમ ક્વોરન્ટીન કરવામાં આવ્યો છે. તો તંત્ર દ્વારા ઓપીડી માટે અલગથી વ્યવસ્થા કરવામાં આવશે.

રાજકોટમાં કોરોના કેસનો આંક ૬૮ પર પહોંચ્યો, રિકવરી રેટ ૭૦ ટકા થયો

૧૦ દર્દીઓને ૧૦ દિવસ પૂરા થયા બાદ તબક્કાવાર ડિસ્ચાર્જ કરી શકાશે

રાજકોટ

શહેર-જિલ્લાનો પોઝિટિવ કેસનો આંક ૬૮ પર પહોંચ્યો છે. જ્યારે ગત રોજ એક સાથે ૧૭ દર્દીઓ સાજા થતા રજા આપવામાં આવી હતી. જેથી રિકવરનો આંક ૪૮ પર પહોંચતા રિકવરીનો રેટ ૭૦ ટકા પર પહોંચ્યો છે. હાલ ૧૯ દર્દીઓ સારવાર હેઠળ છે અને એક દર્દીનું મોત નીપજ્યું છે. ૬૮ કેસ પૈકી ૬૩ કેસ રોજકોટ શહેરમાં નોંધાયા છે. જ્યારે ૫ કેસ જિલ્લામાં નોંધાયેલા છે. કોવિડ સિવિલ હોસ્પિટલના નોડલ ઓફિસર ડો.મહેશ રાઠોડના જણાવ્યા અનુસાર, એકસાથે ૧૭ ડિસ્ચાર્જ થયા તે હોસ્પિટલ માટે તો સારી જ વાત છે પણ દર્દીઓને પણ માનસિક રાહત થઈ છે.

૪ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે જ્યારે ૧૩માં કોઈ લક્ષણો જોવા ન મળતા રજા અપાઈ છે. જે એસિમ્ટોમેટિક દર્દીઓ હતા તેમને નિયમિત વિટામિન સી અને ઝિંકની ટેબ્લેટ અપાય છે આ સિવાય બીજી કોઈ દવા તેમજ હાઈડ્રોક્સિક્લોક્વીનની પણ જરૂર પડી નથી. હજુ એવા ૧૦ દર્દીઓ છે જેને ૧૦ દિવસ પૂરા થયા બાદ તબક્કાવાર ડિસ્ચાર્જ કરી શકાશે.

નિયમ મુજબ આ લોકોને હોમ આઈસોલેશનમાં રહેવાનું હોય છે એટલે કે અલગ રૂમ કે જેમાં બાથરૂમ હોય અને રૂમની બહાર નીકળવાનું હોતું નથી. જંગલેશ્વર જેવા ગીચ વિસ્તાર કે જ્યાં એક જ રૂમમાં પરિવાર રહેતો હોય ત્યાં આ શક્ય ન હોવાથી કલેક્ટરે ૭ દિવસ હોમ આઈસોલેશન ફેસિલિટી ક્વોરન્ટાઈનમાં કરવા નિર્ણય લીધો છે.

કેન્દ્ર સરકારે ૭ ટન આર્યુવેદીક દવાનો જથ્થો ગુજરાતમાં મોકલ્યો

ગાંધીનગર

કેન્દ્ર સરકારની આયુર્વેદ ફાર્મસી પાસેથી ગુજરાત માટે ૭ ટન આયુર્વેદ ઔષધનો જથ્થો ખાસ વિમાન મારફતે ગુજરાતને આપવામાં આવ્યો છે. આ આયુર્વેદ દવાઓ સોમવારે અમદાવાદ આવી પહોંચી હતી. જે આયુર્વેદ દવાઓ ગુજરાત માટે ફાળવવામાં આવી છે, તેમાં ૨,૪૯૦ કિ.ગ્રા. સંશમની વટી, ૧.૪૪૦ કિ.ગ્રામ દશમૂલ કવાથ અને ૧૦ હજાર કિ.ગ્રામ આયુષ-૬૪ કેપ્સ્યુલનો સમાવેશ થાય છે. આ દવાઓ સામાન્યત ૭ દિવસ માટે લેવાની હોય છે તે દ્રષ્ટિએ ૪.૫ લાખથી વધુ લોકોને તેનો લાભ મળી શકવાનો અંદાજ છે.કેન્દ્ર સરકારે ૭ ટન આયુર્વેદ ઔષધનો જથ્થો ગુજરાત મોકલ્યોકોરોનાના દર્દીઓને સારવાર ઉપરાંત તેમનામાં રોગ પ્રતિકાર શક્તિ વધારવાની બાબતને પણ વૈશ્વિક સ્વીકૃતિ મળી છે,

ત્યારે માનવ શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધારનારી આયુર્વેદિક દવાઓનો વપરાશ વધ્યો છે.ગુજરાતમાં આ આયુર્વેદિક દવાઓ સીધી અને ઉકાળા સ્વરૂપે આપવાની પ્રક્રિયા સાર્વત્રિક બનાવાઈ છે, ત્યારે રાજ્યમાં આ આયુર્વેદિક દવાનો જથ્થો જળવાઈ રહે તે માટે વધુ ૭ ટન આયુર્વેદિક દવાઓ ગુજરાતને ઉપલબ્ધ થયો છે.રાજ્યમાં કોરોના સંક્રમણનો વ્યાપ વધતાં આયુર્વેદ ઔષધિઓના ઉપયોગ અને ઊકાળા વિતરણથી નાગરિકોની રોગપ્રતિકારક શક્તિ વધે તે માટે સ્પષ્ટ દિશાનિર્દેશો આપેલા હતા. આ સંદર્ભમાં રાજ્ય સરકારની આયુષ નિયામક તંત્ર દ્વારા ૧.૭૯ કરોડ જેટલા ડોઝ રોગપ્રતિરોધક ઊકાળાના નાગરિકોને આપવામાં આવ્યા છે.

એટલું જ નહીં, સંશમની વટી ગોળીનો લાભ ૧૩.૩૦ લાખ લોકોએ તેમજ આર્સેનિકમ આલબ્મ-૩૦ પોટેન્સિનો ૧ કરોડ ૪ લાખ લોકોએ લાભ મેળવ્યો છે.ગુજરાતે આયુર્વેદના પ્રચાર-પ્રસાર અને ઉપયોગને પ્રાધાન્ય આપ્યું છે અને રાજ્યની જામનગર આયુર્વેદ યુનિવર્સિટીને ભારત સરકારે આયુર્વેદ શોધ-સંશોધન સેન્ટર ઓફ એકસલન્સ તરીકે પણ માન્યતા આપી છે. જેથી રાજ્યમાં વધુને વધુ લોકોમાં આયુર્વેદ દવાઓના ઉપયોગથી રોગપ્રતિકારક શકિત વધશે.

૧૭ મે બાદ લોકડાઉનની સ્થિતિને લઈ સીએમ રૂપાણીની અધ્યક્ષતામાં યોજાઈ બેઠક

લોકડાઉનમાં કેવી છૂટછાટ આપવી અને કેવી સાવચેતી રાખવી તેની જિલ્લાવાર સમીક્ષા

ગાંધીનગર

ગુજરાતમાં લોકડાઉનની અમલવારી વચ્ચે મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ ફરી એક વખત ઉચ્ચ અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠક યોજી હતી. રાજ્યની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સીએમ રૂપાણીએ રાજ્યના તમામ જિલ્લાના કલેક્ટરો, મ્યુનિસિપલ કમિશનરો, જિલ્લા પોલીસ વડા તેમજ રેન્જ આઈજી સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

આ બેઠકમાં નાયબ મુખ્યપ્રધાન નીતિન પટેલ, ગૃહરાજ્યપ્રધાન પ્રદિપસિંહ જાડેજા, સરકારનાં મુખ્ય સચિવ અનિલ મુકિમ તેમજ અગ્ર સચિવ કે. કૈલાશનાથન સહિતના વરિષ્ઠ સચિવો પણ હાજર રહ્યા હતા. ત્યારે બેઠકમાં રાજ્યમાં ૧૭ મે બાદ લોકડાઉનની સ્થિતિમાં કઈ રીતે છૂટછાટ આપી શકાય અને આ દરમ્યાન કેવી તકેદારી અને સાવચેતી રાખવી તેની જિલ્લાવાર સમીક્ષા કરવામાં આવી હતી.

રાજ્ય મંત્રી મંડળ ના વરિષ્ઠ મંત્રીઓ પણ સંબંધિત જિલ્લા મથકે થી આ વીડિયો કોન્ફરન્સ માં સહભાગી થઈ રહ્યા છે. કોવિડ-૧૯ સંક્રમણ નિયંત્રણ-દેખરેખ અને માર્ગદર્શન માટે રાજ્ય સરકારે જિલ્લાઓમાં સોંપેલી જવાબદારી સંભાળતા ઉચ્ચ સચિવો પણ બેઠકમાં જોડાયા.

અમદાવાદમાં વતન જવા માટે પરપ્રાંતિયોની લાગી લાંબી કતારો

ઈસનપુર ચાર રસ્તાથી છેક વટવા કેનાલ સુધી પરપ્રાંતિય શ્રમિકો લાંબી કતાર

અમદાવાદ

કોરોનાના સંકટ વચ્ચે પરપ્રાંતિયોને વતન જવા માટે અધીરા છે. ત્યારે અમદાવાદમાં વસવાટ કરતા પરપ્રાંતિયોએ પણ વતન જવા માટે લાંબી કતારો લગાવીને જોવા મળ્યા. છેલ્લા ઘણા દિવસોથી રાજ્યમાંથી વિશેષ ટ્રેનો અને ઈસનપુર ચાર રસ્તાથી છેક વટવા કેનાલ સુધી પરપ્રાંતિય શ્રમિકો લાંબી કતાર લઈને બેસી ગયા છે. ઈસનપુરથી શ્રમિકોને સાબરમતી રેલવે સ્ટેશન સુધી પહોંચવા માટે બસોની વ્યવસ્થા કરવામાં આવી છે.આજે અંદાજે ૩૪ બસો મારફતે શ્રમિકોને સાબરમતી રેલવે સ્ટેશન પહોંચાડવામા આવશે. ત્યાંથી અયોધ્યા માટેની ટ્રેન મારફતે શ્રમિકો વતન પહોંચવાના છે. અંદાજે ત્રણથી ચાર હજાર જેટલા લોકો પોતાના સામાન સાથે લાંબી કતારો લગાવીને ઉભા છે. અંદાજે સાડા ત્રણ કિલોમીટર વિસ્તારમાં વતન જવા અધિરા બનેલા શ્રમિકો જ દેખાઈ રહ્યા છે. ઈસનપુરમથી ગઈકાલે અમેઠી તરફ જતી ટ્રેન માટે ૩૫ બસોની વ્યવસ્થા થઈ હતી.એક બસમાં સોશિયલ ડિસ્ટન્સિન્ગંસ થે ૨૫ મુસાફરોને રેલવે સ્ટેશન મોકલવાની કામગીરી કરવામાં આવી છે.

એક બસમાં ૨૭થી ૩૦ લોકોને બેસાડવામાં આવશે

અમદાવાદ

લોકડાઉન ૩ આગળ લંબાશે કે નહીં તેની વચ્ચે અમદાવાદવાસીઓ માટે સારા સમાચાર આવ્યા છે. શહેરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એએમટીએસ બસ સર્વિસને લઈનો મોટો નિર્ણય કર્યો છે. ગઈકાલે પીએમ મોદી સાથે મળેલ મુખ્યમંત્રીઓની બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લોકડાઉનન હટાવવાની માગ કરી હતી ત્યારે અમદાવાદ માટે એક સારા સમાચાર સામે આવ્યા છે.

અમદાવાદ શહેરમાં સોમવાર એટલે કે ૧૮ મેથી એએમટીએસની કેટલીક બસો શરૂ કરવામાં આવી શકે છે. આ માટે પ્રશાસને તમામ બસ કોન્ટ્રાક્ટરોને બસો તૈયાર રાખવાની સૂચના આપવામાં આવી છે. જોકે સોમવારથી શરૂ થનાર બસ સર્વિસમાં લોકોએ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવું પડશે. ૧૮મેથી શરૂ થનાર એએમટીએસની બસ સર્વિસમાં એક બસમાં ૨૭થી ૩૦ લોકોને બેસાડવામાં આવશે. ઉપરાંત રેડઝોનમાં હાલમાં એએમટીએસની એક પણ બસ દોડશે નહીં. એક અંદાજ મુજબ શહેરમાં ૭૦૫ પૈકી ૧૦૦ જેટલી બસો દોડાવવામાં આવી શકે છે. જોકે શહેરમાં બસ સર્વિસ શરૂ કરતાં પહેલા એક સર્વે કરવામાં આવશે અને એ સર્વે અનુસાર બસની કેટલી ટ્રીપ રાખવી તે અંગે અંતિમ નિર્ણય કરવામાં આવશે.

કેઈન વેદાંતા કંપની દ્વારા કોરોના સામે લડવા જરૂરી સાધન સામગ્રી અમદાવાદ કલેક્ટરને અર્પણ કરાઈ



બાઈપેપ વેન્ટીલેટર ૪, પી.પી.ઈ કીટ ૨૦૦, એન ૯૫ માસ્ક ૫૦૦, ગ્લોઝ ૪૦૦૦, ક્લોથ માસ્ક ૫૦૦, સેનીટાઈઝર ૧૦૦૦ સહિતની સાધન સામગ્રી કલેક્ટરને આપવામાં આવી

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

અમદાવાદ સહિત દેશભરમાં નોવેલ કોરોના વાયરસના પોઝીટીવ કેસ વધી રહ્યા છે ત્યારે જીલ્લા વહીવટી તંત્ર, જીલ્લા આરોગ્ય વિભાગની સાથે મળીને કોરોના સામે લડવા માટે કેઈન ઓઈલ એન્ડ ગેસ, વેદાંતા લી.ના સંજીવની પ્રોજેક્ટ અંતર્ગત મંગળવારે કલેક્ટર ઓફિસ ખાતે બાઈપેપ વેન્ટીલેટર ૪, પી.પી.ઈ કીટ ૨૦૦, એન ૯૫ માસ્ક ૫૦૦, ગ્લોઝ ૪૦૦૦, ક્લોથ માસ્ક ૫૦૦, સેનીટાઈઝર ૧૦૦૦ સહિતની સાધન સામગ્રી અમદાવાદ કલેક્ટર કે. કે. નિરાલાને આપવામાં આવી હતી. કેઈન ઓઈલ એન્ડ ગેસ અને વેદાંતા લી દ્વારા આપવામાં આવેલ જરૂરી સાધન સામગ્રીને કલેક્ટર કચેરી અમદાવાદ દ્વારા કોરોના સામેની લડાઈ લડતી હોસ્પિટલને ફાળવવામાં આવશે. અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે કેઈન ઓઈલ એન્ડ ગેસ, વેદાંતા લી. વિરમગામના એચ.એસ.ઈ સીનિયર મેનેજર અનંત તાંદલે, સીનિયર મેનેજર સીક્યુરીટી મેજર વિવેક સિંગ, એડમીનીસ્ટ્રેટીવ મેનેજર મુકેશ સિંગ, બળદેવ કૈલા, અમદાવાદના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.સતિષ મકવાણા, વિરમગામના તાલુકા હેલ્થ ઓફિસર ડૉ.વિરલ વાઘેલા, વિરમગામ તાલુકા સુપરવાઈઝર નીલકંઠ વાસુકિયા, આઈડીએસપી ડેટા મેનેજર અંકિત સુથાર ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનિય છે કે,. હવા દ્વારા ચેપી વ્યક્તિના સંપર્કમાં આવવાથી કોરોના વાઈરસનો ચેપ લાગી શકે છે. તાવ, ખાંસી, કફ, વહેતું નાક, ગળાનો દુખાવો, શ્વાસની તકલીફ, શ્વાસ લેવામાં મુશ્કેલી જરૂરી આ બધા કોરોના વાયરસના લક્ષણો છે. જો થોડી સાવચેતી રાખવામાં આવે તો કોરોના વાઈરસના ચેપથી ચોક્કસ બચી શકાય તેમ છે. કોરોના વાયરસથી બચવા માટે વારંવાર સાબુથી હાથ ધોવા, ખાંસી કે છીક ખાતી વખતે રૂમાલથી મોઢા ઢાંકવુ, હાથ મિલાવવા ના બદલે ભારતીય સંસ્કૃતિને અનુરૂપ નમસ્કારનો ઉપયોગ કરવો, જાહેરમાં થૂકવું નહીં અને ખાસ ભીડભાડવાળી જગ્યાઓથી દૂર રહેવું જોઈએ.

મહેમદાવાદ શહેરમાં સંપૂર્ણ સાવચેતી રાખવા છતાં કોરોના પોઝિટિવનો પ્રથમ કેસ



મહેમદાવાદ શહેરમાં કોરોના પોઝિટિવ નો પ્રથમ કેસ આવતા તંત્રમાં દોડધામ

દેશભરમાં કોરોના નો કહેર છવાય ગયો છે દિવસે ને દિવસે કેસ વધી રહ્યા ત્યારે અત્યારસુધી ખેડા જિલ્લા ના મહેમદાવાદ શહેરમાં એક પણ કેસ કોરોનાનો સામે આવ્યો ન હતો ત્યારે હવે મહેમદાવાદ માં કોરોનાની એન્ટ્રી થઈ છે. મહેમદાવાદ માં આસિયાના સોસાયટી માં રહેતા હનિફાબેન ઈસ્માઈલભાઈ વહોરા ઉંમર વર્ષ ૭૧ ને બી. કે. ભટ્ટ ની દવા ચાલુ હતી અને તેમને બે દિવસ થી આઈ. સી. યુ. માં રાખવામાં આવેલ હતા પરંતુ તકલીફ વધતા જ આજરોજ એન. ડી. દેસાઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતા હોસ્પિટલ તરફથી કોરોના નો પોઝિટિવ રિપોર્ટ આવતા જ તાલુકા આરોગ્ય વિભાગ દોડી આવ્યું હતું સાથે પોલીસ ઈન્સ્પેક્ટર એન. ડી. નકુમ સહીત સમગ્ર ટીમ દોડતું થઈ ગયું હતું પોલીસ પ્રસાસન તરફથી કાયદેસરની કાર્યવાહી કરી અને વહોરા સોસાયટી ને સદન્તર લોક કરી દેવામાં આવેલ છે.

લોકડાઉનનું પાલન કરાવતા બે પોલીસકર્મીઓ પર હિંમતનગરમાં જીવલેણ હુમલો

હિંમતનગર

હિંમતનગર નજીકના ઝહીરાબાદ વિસ્તારમાં લોકડાઉન દરમિયાન શક્કર ટેટીનું વેચાણ કરતા શખ્સને પેટ્રોલીંગમાં નીકળેલા હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના બે કોન્સ્ટેબલે સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવી ટેટીનું વેચાણ કરવા કહેતા પરબડાના નવેક શખ્સોએ જાનથી મારવાની ધમકીઓ આપી ઈટ, પથ્થર તેમજ લાકડી વડે બંને પોલીસકર્મી પર જીવલેણ હુમલો કરી ધિંગાણુ મચાવતા નાસભાગ મચી ગઈ હતી. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પોલીસ કોન્સ્ટેબલને તાત્કાલિક સારવાર અર્થે ખસેડાયા હતા. હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં પરબડાના નવ શખ્સો વિરૂધ્ધ ગુનો દર્જ કરી હુમલાખોરોને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. રવિવારે સમી સાંજના પરબડાનો ઈરફાન ઉર્ફે કુંદન ફકીરમહંમદ શેખ અને શાહરૂખ કલાલ પીકઅપ ડાલા ગાડી નં.જીજે.૦૯. વાય.૬૧૮૮ માં લોકો ભેગા થાય તે રીતે શક્કર ટેટીનું વેચાણ કરી રહ્યા હતા.

"પ્રેમની વસંત બારેમાસ" કોલમને અલ્પ વિરામ, પુનઃ મળીને કરીશુ ધમાલ



"પ્રેમની વસંત બારેમાસ" કોલેમની પ્રથમ સ્ટોરી "ઝરૂખામાં તું એવી રીતે બેઠી છું, જાણે હોય રૂપની મહારાણી" લખી ત્યારે સ્વપ્રે પણ ખ્યાલ ન હતો કે વિરમગામવાસીઓ સહિત દેશભરમાંથી આટલા બધા વાંચકોનો અવિરત પ્રેમ મળશે. સતત ૨ વર્ષ સુધી "પ્રેમની વસંત બારેમાસ" કોલમ લખવા માટે મને પ્રોત્સાહીત કરનારા તમામ વાંચકોનો હું નીલકંઠ વાસુકિયા હૃદયથી આભાર માનુ છું. "પ્રેમની વસંત બારેમાસ" કોલમને સ્થાન આપનાર ગુજરાતના ખ્યાતનામ અખબારોના માલીકશ્રી, તંત્રીશ્રી, પત્રકાર મિત્રોના અદ્વિતીય સહકાર તથા પ્રોત્સાહનને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. મને સાથ આપનાર તમામ અખબાર સાથે જોડાયેલા વ્યક્તિઓનો પણ હું સદા ઋણી રહીશ. બુધવારે "પ્રેમની વસંત બારેમાસ" કોલમની ૧૦૪મી સ્ટોરી "કોઈની પાછળ શક્તિ વેડફવાને બદલે લક્ષ્ય પ્રાપ્તિ માટે પરિશ્રમ કરવો જોઈએ" એ પ્રસિદ્ધ થઈ હતી. સતત ૨ વર્ષ સુધી "પ્રેમની વસંત બારેમાસ" લખવાનો આનંદ અનેરો છે પરંતુ વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસ (Covid-19)ના કારણે હું "પ્રેમની વસંત બારેમાસ" કોલમને ન્યાય આપી શકૂ તેમ નથી. મારા સહિત આપણા સૌની પ્રાથમિકતા કોરોના સામે લડવાની છે. હું આરોગ્ય કાર્યકર હોવાથી "પ્રેમની વસંત બારેમાસ" કોલમના બદલે મારી પ્રાથમિકતા કોરોના સામેની લડાઈ છે અને આપણે સૌ સાથે મળીને કોરોના સામે ચોક્કસ મક્કમતાથી લડાઈ લડીશુ. "પ્રેમની વસંત બારેમાસ" કોલમના લખાણથી ઘણી વખત કેટલાક વિઘનસંતોષી લોકોના પેટમાં તેલ પણ રેડાયુ છે પરંતુ પીઠ પાછળ બોલતા કાયર લોકોની હું ક્યારેય પરવાહ કરતો નથી. ઈર્ષાળુ ને આશીર્વાદ અને વિઘ્નસંતોષી લોકોની આત્માને પ્રભુ શાંતિ આપે.

વૈશ્વિક મહામારી નોવેલ કોરોના વાયરસ (Covid-19) સામેના જંગમાંથી સમય મળ્યે પુનઃ ચોક્કસ મળીશુ અને વધુ જોમ ને જુસ્સા સાથે ફરીથી મારી કલમે વાંચકો માટે અવનવી સ્ટોરીઓ લખાશે. પુનઃ આપ સૌ વાંચકોના આશિર્વાદ માટે સાત દરીયા ભરીને આભાર. મારી કલમથી કોઈની લાગણીને ઠેસ પહોંચી હોય તો દરગુજર કરશોજી. બસ અત્યારે તો આપ સૌ ઘરમાં રહો ને સુરક્ષીત રહો. વિશ્વનું કલ્યાણ થાય એ જ પ્રભુને પ્રાર્થના સાથે...

ૐ સર્વે ભવન્તુ સુખિનઃ। સર્વે સન્તુ નિરામયાઃ।
સર્વે ભદ્રાણિ પશ્યન્તુ। મા કશ્ચિદ્ દુઃખ ભાગ્ભવેત્।।
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ।।

૧૭મી મે પછી રાજ્યોની આર્થિક સ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકારનો નિર્ણય

ગુરૂવારથી રાજકોટમાં બંધ પડેલા ઉદ્યોગો ફરી ધમધમતા થશે

૧૦ થી ૧૫ કોરોના કેસ આવશે તો આપેલી છૂટછાટ પાછી ખેંચવામાં આવશે

ગાંધીનગર

ગુજરાતમાં લોકડાઉન પુરી થવાને આરે છે. રાજકોટમાં બંધ પડેલા ઉદ્યોગો ફરી ધમધમતા થાય તે માટે રાજ્ય સરકારે કરી મોટી જાહેરાત કરી છે. હાલ તેને લઈને એક મહત્વપૂર્ણ સમાચાર મળી રહ્યા છે. લોકડાઉન-૩માં ૧૭મી મે પછી રાજ્યોની આર્થિક સ્થિતિને પહોંચી વળવા માટે ગુજરાત સરકારે પણ તેની બ્લુ પ્રિન્ટ તૈયાર કરી લીધી છે. જેમાં અનેક ધંધાઓ ખોલવા માટેના નિયમો પણ બનાવ્યા છે. જેમાં શહેરની તમામ કાપડની દુકાનો ખુલ્લી રાખી શકાશે. લોકડાઉન બાદ પણ શહેરોની અંદર પ્રવેશવાની ચેકપોસ્ટમાં વધુ કડક ચેકીંગ કરાશે. સરકાર રૂપરેખા તો તૈયાર કરી રહી છે પણ જે શહેરમાં બજારો ખુલ્યા બાદ જો ફરી ૧૦ થી ૧૫ કોરોનાનાં પોઝિટિવ કેસ આવશે તો તે વિસ્તારોમાં આપેલી છૂટછાટ પાછી ખેંચવામાં આવશે અને તે વિસ્તારોમાં ફરીવાર લોકડાઉનનો કડક અમલ કરાવાશે.

આજે રંગીલા રાજકોટ શહેર માટે મહત્વની જાહેરાત કરતા સીએમઓના અગ્ર સચિવ અશ્વિની કુમારે જણાવ્યું કે, ૧૪ મેથી રાજકોટમાં ઉદ્યોગોને મંજૂરી આપી દેવાઈ છે. તેથી હવે ૧૪ મેથી રાજકોટમાં ઉદ્યોગો ધમધમતા થઈ જશે. લોકડાઉનમાં ઉદ્યોગોને ફરી જીવંત કરવા રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે. તો રાજકોટમાં કન્ટેન્મેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીઝ ચાલુ થઈ શકશે. આ જાહેરાત સાથે રાજકોટમાં ગુરુવારથી ઉદ્યોગો ફરી ધમધમતા થશે. તેના માટે ઉદ્યોગકારોએ જિલ્લા કલેક્ટર કક્ષાએથી પરવાનગી મેળવવાની રહેશે. રાજકોટમાં ગુરુવારથી ઉદ્યોગો ફરી ધમધમતા થવાની જાહેરાત વચ્ચે ઉદ્યોગકારોને કેટલાક નિયમો બનાવ્યા છે, તેનું પાલન કરવાનું રહેશે. જેમ કે ઉદ્યોગ કે કારખાનામાં માસ્ક, સોશિયલ ડિસ્ટન્સ, કામદારોનો ટાઈમ નક્કી કરવો પડશે. એટલું જ નહીં દરેક કામદારોનું હેલ્થ ચેકઅપ કરવું પડશે. લક્ષણો ચેક કરી, કામદારોનું હેલ્થ ચેકઅપ જરૂરી બનાવવામાં આવ્યું છે. હાલ પરંતુ રાજકોટમાં કન્ટેન્મેન્ટ સિવાયના વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીઝ શરૂ થશે.

સીએમઓના અગ્ર સચિવ અશ્વિની કુમારે પરપ્રાંતિય શ્રમિકો માટે ગુજરાતમાંથી ટ્રેનો વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજયમાં ૫૪૨ ટ્રેન પૈકી ૨૩૩ ટ્રેન ગુજરાતમાંથી રવાના થઈ છે. મહારાષ્ટ્રમાં ૭૯, પંજાબમાં ૬૫, તેલંગાણામાં ૩૦ ટ્રેન, કર્ણાટકમાં ૨૯, રાજસ્થાનમાં ૨૪ ટ્રેન રવાના કરાઈ છે. ૨૩૩ ટ્રેનથી ૨.૮૦લાખ લોકો પોતાના વતન રવાના થયા છે. અમદાવાદની વાત કરીએ, શહેરમાંથી ૫૫,ૅ ૪૫, બિહાર ૬, છત્તીસગઢની ૨ ટ્રેન, સુરતમાંથી ૭૯, વડોદરાથી ૧૭, રાજકોટથી ૧૩ ટ્રેન, મોરબીથી ૭, જામનગરથી ૬ ટ્રેન રવાના કરાઈછે. આજેપણ વધુ ૩૧ ટ્રેન પરપ્રાંતિય શ્રમિકોને લઈને રવાના થશે. જેમાંૅ માટે ૧૯, બિહાર ૪, ઓડિશા ૩, ઉત્તરાખંડ એક ટ્રેન ગોઠવાઈ છે. આજેઅમદાવાદથી ૧૧ ટ્રેનેૅ ૮, બિહારની ૩ ટ્રેનનો સમાવેશ થાય છે. ભાવનગર, ભરૂચ, ગાંધીધામ, ભુજથી પણ ટ્રેન જશે.

રાજકોટમાં કોરોનાના એક સાથે ૧૭ દર્દીઓ કરાયા ડિસ્ચાર્જ

રાજકોટ શહેરનો રિકવરી રેટ ૭૬.૨ ટકા થયો

રાજકોટ

રાજકોટમાં એક સાથે ૧૭ને ડિસ્ચાર્જ કરાયા હોય તેવી પ્રથમ ઘટના બની છે. જેમાં ૪ના રિપોર્ટ નેગેટિવ આવતા તેમજ અન્ય ૧૩ને આઈસીએમઆરની નવી ગાઈડલાઈન મુજબ ૧૦ દિવસ કરતા વધુ દાખલ તેમજ છેલ્લા ૩ દિવસમાં કોઈ લક્ષણો ન દેખાતા ડિસ્ચાર્જ કરાયા છે. જોકે આ ૧૩ને ઘરે મોકલવાના બદલે ફેસિલિટી ક્વોરન્ટાઈન કરાયા છે. રાજકોટ શહેરનો રિકવરી રેટ ૭૬.૨ ટકા થયો છે.

સિવિલમાં એવા ચાર દર્દી હતા જે એક મહિનાથી દાખલ હતા, કોઈ લક્ષણો ન હતા આમ છતાં રિપોર્ટ પોઝિટિવ આવતા રજા મળતી નહતી. તેમણે પણ નવી પોલીસીથી રજા આપી દેવાઈ છે. કોવિડ સિવિલ હોસ્પિટલના નોડલ ઓફિસર ડો.મહેશ રાઠોડના જણાવ્યા અનુસાર 'એકસાથે ૧૭ ડિસ્ચાર્જ થયા તે હોસ્પિટલ માટે તો સારી જ વાત છે પણ દર્દીઓને પણ માનસિક રાહત થઈ છે. ૪ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે જ્યારે ૧૩માં કોઈ લક્ષણો જોવા ન મળતા રજા અપાઈ છે. જે એસિમ્ટોમેટિક દર્દીઓ હતા તેમને નિયમિત વિટામિન સી અને ઝિંકની ટેબ્લેટ અપાય છે આ સિવાય બીજી કોઈ દવા તેમજ હાઈડ્રોક્સિક્લોક્વીનની પણ જરૂર પડી નથી. હજુ એવા ૧૦ દર્દીઓ છે જેને ૧૦ દિવસ પૂરા થયા બાદ તબક્કાવાર ડિસ્ચાર્જ કરી શકાશે. નિયમ મુજબ આ લોકોને હોમ આઈસોલેશનમાં રહેવાનું હોય છે એટલે કે અલગ રૂમ કે જેમાં બાથરૂમ હોય અને રૂમની બહાર નીકળવાનું હોતું નથી. જંગલેશ્વર જેવા ગીચ વિસ્તાર કે જ્યાં એક જ રૂમમાં પરિવાર રહેતો હોય ત્યાં આ શક્ય ન હોવાથી કલેક્ટરે ૭ દિવસ હોમ આઈસોલેશન ફેસિલિટી ક્વોરન્ટાઈનમાં કરવા નિર્ણય લીધો છે.

બનાસકાંઠામાં વધુ ૭ દર્દીઓએ કોરોનાને હરાવ્યો, અપાઈ રજા

બનાસકાંઠા

રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત છે. લોકડાઉન ૩.૦ને પૂર્ણ થવાને ગણતરીનાં દિવસો બાકી રહ્યા છે. ત્યારે ગુજરાતના બનાસકાઠાં જિલ્લામાંથી આ મહામારી વચ્ચે સારા સમાચાર આવ્યાછે. જેમાં બનાસકાંઠામાં વધું ૭ દર્દીઓને કોરોનાને હરાવીને જીત મેળવી છે. તમામ દર્દીઓ બનાસ મેડિકલ કોલેજની કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા.પરંતુ આ તમામ દર્દીઓનો સારવાર બાદ કોરોના રિપોર્ટ નેગેટિવ આવતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ઉલ્લેખનિય છે કે જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૬ જેટલા કોરોનાના દર્દીઓનો રિપોર્ટ નેગેટિવ આવતા તેમને રજા આપવામાં આવી છે.

ગુજરાતમાં કોરોનાના કુલ કેસનો આંક ૮૫૪૨ પર પહોંચ્યો છે. જ્યારે તેનાથી થયેલા મૃત્યુનો આંક ૫૧૩ થઈ ગયો છે. હાલ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, તામિલનાડુ એવા રાજ્યો છે જ્યાં કોરોનાના કુલ કેસનો આંક ૮ હજારને પાર થયેલો છે. જોકે, આ બંને રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં મૃત્યુદર અડધા કરતાં પણ ઓછો છે.

બનાસકાંઠામાં કોરોના કેર જોતા આયુર્વેદિક ઉકાળાનું કરાયું વિતરણ

બનાસકાંઠા

વર્તમાન સમયમાં કોરોના વાઈરસની મહામારી વચ્ચે આજે ડીસાના આરોગ્ય વિભાગે આયુર્વેદ પધ્ધતિથી લોકોની સારવાર કરવાની શરૂઆત કરી છે. કારણ કે, કોરોનાની હજુ સુધી નથી તો કોઈ દવા શોધાઈ કે નથી કોઈ રસી, ત્યારે કોરોનાના સંક્રમણને અટકાવવા માટે આયુર્વેદ અને હોમિયોપેથી સારવાર શરૂ કરી છે.

કોરોના વાઈરસના વધતા કેસોને ટાળવા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયુંઆજે ડીસાની મોડેલ સ્કૂલ પર ડીસાના આરોગ્ય વિભાગના ડો. જિગ્નેશ હરિયાણી, ડો.કૃષ્ણકાન્ત દેલવાડીયા અને ડો. જિનલ પટેલે પહોંચી મોડેલ સ્કૂલમાં સરકારી ક્વોરેન્ટાઈન કરવામાં આવેલા લોકોને સોસિયલ ડિસ્ટન્સ જળવાઈ રહે તે રીતે ઉકાળાનું વિતરણ કર્યું હતું. સાથે જ ડીસાના સરકારી હોમિયોપેથી તબીબ ડો.અંજુમન નાગોરી દ્વારા આપવામાં આવેલી હોમિયોપેથી ટેબલેટનું વિતરણ કરાયું હતું.ડો. જીજ્ઞેશ હરિયાણીએ જણાવ્યુ હતું કે, કોરોનાની બીમારી વચ્ચે ક્વોરેન્ટાઈન કરવામાં આવેલા લોકોની ઈમ્યુનિટી બુસ્ટ થાય તે માટે તેમને આયુર્વેદિક ઉકાળા આપવામાં આવી રહ્યો છે.

જામનગરની જી.જી હોસ્પિટલમાં સામાજિક અંતર સાથે આંતરરાષ્ટ્રીય નર્સિંગ ડેની ઉજવણી

જામનગર : આજે આંતરરાષ્ટ્રીય નર્સિંગ ડે નિમિત્તે જામનગરની જી.જી હોસપીટલ ખાતે ટીએનટીઆઈ લોકલ યુનિટ દ્વારા નર્સિંગ-ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ નંદિની બિહારી અને ડી.એન ટી આઈ લોકલ યુનિટના હોદ્દેદારો અને નર્સિંગ પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. દિપ પ્રાગટ્ય કરી નર્સિંગ વ્યવસાયના પ્રણેતા ફ્લોરેન્સ નાઈટએન્ગલની ૨૦૦મી જન્મજયંતી નિમિત્તે નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન સોશિયલ ડિસ્ટન્સનું સંપૂર્ણ પાલન કરવામાં આવ્યું હતું. હાલ જામનગર જી.જી હોસ્પિટલ હોસ્પિટલના ૬૦ જેટલા નર્સિંગ સ્ટાફ કોવિડ-૧૯ વોર્ડમાં નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવી રહ્યા છે.

મોરબી લોકડાઉનમાં બાતમીના આધારે દરોડો પાડી ૬ શકુનીયોને ઝડપ્યા

મોરબી

હળવદના માથક ગામે વાડીની ઓરડીમાં જુગારધામ ચાલતું હોવાની બાતમીના આધારે મોરબી એલસીબી ટીમે દરોડો પાડીને ત્યાં જુગાર રમી-રમાડતા ૬ જુગારિયાઓને ઝડપી પાડ્યા હતા. જ્યારે એક આરોપી ભાગી જતા તેને ઝડપી લેવા વધુ તપાસ હાથ ધરાઈ છે. મળતી માહિતી, મુજબ મોરબી એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હોય દરમિયાન હળવદ તાલુકાના માથક ગામે રહેતા કાનાભાઈ બલાભાઈ સરૈયા પોતાના વાડીની ઓરડીમાં બહારથી માણસો બોલાવી જુગાર રમી રમાડતા હોવાની એલ.સી.બી. ટીમને બાતમી મળી હતી. જેના આધારે ટીમે દરોડો પાડી જુગાર રમતા આરોપી કાના સરૈયા, અશોક સોરીયા, જયદીપ કાલરીયા, ભગવાનજી પાંચિયા, નીલેશ ગીગોરા અને રાકેશ બૈરાગીને રોકડ રકમ રૂપિયા ૧,૭૬,૬૦૦ અને મોબાઈલ નંગ-૬ કીંમત રૂપિયા ૧૨૦૦૦ સહિત કુલ મુદ્દામાલ રૂપિયા ૧,૮૮,૬૦૦ સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે આરોપી અરજણ પરાડીયા નાસી જતાં તેને ઝડપી પાડવા તપાસ હાથ ધરાઈ છે.



ભરૂચનાં ઝઘડિયા જી.આઈ.ડી.સીની બ્રિટાનીયા કંપની દ્વારા કંપનીના કામદારોને લોક ડાઉન સમયમાં પગાર નહિ ચૂકવાતા કામદારોએ ગેટ બહાર સોશ્યલ ડિસ્ટનસિંગ સાથે વિરોધ પ્રદર્શન કરી એપ્રિલ માસનો પગાર સહિત વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરવા માંગ કરી રહ્યા છે જ્યાં સુધી નિરાકરણ નહિ કરવામાં આવે તો હડતાળને ચાલુ રાખવામાં આવશે એમ જણાવવામાં આવ્યું હતું.

પલસાણામાં તાતીથૈયા ગામમાં પ્લાસ્ટિકના ગોડાઉનમાં આગ

અડધો કલાકની જહેમત બાદ આગ કાબુમાં આવી

સુરત

પલસાણા તાલુકાના તાતીથૈયા ખાતે આવેલ પ્લાસ્ટિકના ગોડાઉનમાં આજે ૧૧.૩૦ કલાકે આગ લાગી હતી. આગે પોતાનું વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આ અંગે જાણ થતાં ફાયર બ્રિગેડ સહિત લાશ્કરોની ટીમ ઘટના સ્થળે ધસી આવી હતી. પાણીનો મારો ચલાવી અડધો કલાકની જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

મળતી માહિતી અનુસાર તાતીથૈયામાં મેઈનરોડ અડીને આવેલ પ્લાસ્ટિકના ગોડાઉનમાં સવારે સાડા અગિયારના સુમારે અગમ્ય કારણોસર આગ લાગતા આગે જોત જોતામાં પોતાનું વિકરાળ રૂપ ધારણ કરી લીધું હતું. આગમાં પ્લાસ્ટિકનો કેટલો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગની જાણ થતાં પલસાણા એનવાર્યો પ્રોટેક્શનના ફાયર બ્રિગેડો સહિત લાશ્કરોની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે ધસી આવી હતી. આગની જાણ થતા કડોદરા પો.સ્ટે.ના પી.આઈ. વળવી પોલીસ સ્ટાફ સાથે ઘટના સ્થળે ધસી આવ્યા હતા. આજુબાજુ પોલીસ બંદોબસ્ત કરી દીધો હતો. આગ ઉપર કાબુ મેળવવા માટે લાશ્કરોએ ભારે પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

સુરતમાં કોરોના વોર્ડમાં ડ્યૂટી કરી ૭ દિવસ બાદ ઘરે પહોંચતા નર્સનું રહીશોએ કર્યું સ્વાગત

સુરત

સિવિલ હોસ્પિટલના કોરોનાના આઈસોલેશન વોર્ડમાં કોરોના પોઝિટિવ દર્દીઓ વચ્ચે ફરજ બજાવી સપ્તાહ બાદ ઘરે નર્સ પહોંચી હતી. ઘરે પહોંચેલી નર્સનું સોસાયટીના રહીશો દ્વારા ફુલો અને થાળીના રણકાર સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. પાલનપોર કેનાલ રોડ પીરામીડ ટાઉનશીપમાં રહેતા તૃમિબેન પંડ્યા નવી સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવે છે.

એક સપ્તાહ અગાઉ તેમને કોરોનાના આઈસોલેશન વોર્ડમાં ફરજ સોંપવામાં આવી હતી. એક સપ્તાહ સુધી સિવિલ હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં તેમણે ફરજ બજાવી હતી અને ત્યાં જ રોકાયા હતા. આ દરમિયાન તેમણે પોતાનો જન્મ દિવસ પણ સાદગીપૂર્ણ રીતે મનાવ્યો હતો. સાત દિવસ સુધી આઈસોલેશન વોર્ડમાં ફરજ બજાવ્યા બાદ તેઓ રવિવારે ઘરે ગયા ત્યારે સોસાયટીના રહીશોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યુ હતું.

ફુલોની વર્ષા અને થાળીના રણકાર સાથે સોસાયટીના રહીશો દ્વારા તેમનું સ્વાગત કરાતા તેમની આંખો ભીની થઈ ગઈ હતી. તૃમીબેનના પતિ પણ લિંબાયત ઝોનમાં સેનેટરી ઈન્સપેક્ટર તરીકે ફરજ બજાવે છે. હાલ પતિ-પત્ની બન્ને પરિવારની ચિંતા કર્યા વિના કોરોના યોદ્ધા તરીકે ફરજ અદા કરી રહ્યા છે.

કુકરમંડાના કેન્સરગ્રસ્ત કોરોના દર્દી સ્વસ્થ થતા હોસ્પિટલથી મુક્ત

તાપી જિલ્લામાં હવે કોરોનાના એક પણ કેસ નથી

વ્યારા

તાપી જિલ્લા માટે કોરોનાને લઈને વધુ એક સારા સમાચાર સામે આવ્યા છે. જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. હર્ષદ પટેલ તરફથી મળેલી વિગતો અનુસાર, તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાનાં ઈટવાઇ ગામના કેન્સરગ્રસ્ત દર્દી, કે જે સારવાર દરમિયાન કોરોના પોઝેટિવ થયા હતા, જેને અમદાવાદની કોવિદ-૧૯ હોલ્ખિટલમાંથી રજા આપવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર કુકરમુંડા તાલુકાનાં ઈટવાઇ ગામના કેન્સરની સારવાર લઇ રહેલા દર્દી શ્રી વિનાયકભાઇ તુકારામભાઇ પાડવી, કે જેઓને અત્રેથી ગત તા.૨૬ ૪ ૨૦૨૦ થી ૩૦ ૪ ૨૦૨૦ સુધી સુરતની સ્મીમેર હોલ્ખિટલ ખાતે કેન્સરની સારવાર અર્થે દાખલ કરાયા હતા, જેમને વધુ સારવારની આવશ્યકતા જણાતા તા.૩૦ ૪ ૨૦૨૦ના રોજ અમદાવાદની બી.જે.મેડિકલ હોલ્ખિટલના કેન્સર વિભાગ ખાતે ખસેડાયા હતા. જ્યાં તા.૧ લી મે ના રોજ તેમનો કોરોના ટેસ્ટ માટે સેમ્પલ લેવાયો હતો, જે સેમ્પલ પોઝેટિવ આવ્યો હતો.

તાપી જિલ્લાના આ દર્દીએ ખૂબ જ મક્કમ મનોબળ સાથે કોરોના નો સામનો કરીને તેને મ્હાત આપવામાં સફળતા મેળવી છે. જેમને તા.૮ ૫ ૨૦૨૦ નો રોજ કોવિદ-૧૯ હોલ્ખિટલમાંથી રજા આપીને, કેન્સરના વોર્ડમાં શિફ્ટ કરાયા છે. આમ, આજની તારીખે તાપી જિલ્લાના તમામે તમામ ત્રણ કોરોના પોઝેટિવ દર્દીઓને કોવિદ-૧૯ હોલ્ખિટલમાંથી રજા મળી જતાં, જીલ્લામાં એક પણ દર્દી કોરોના પોઝેટિવ રહ્યું નથી, જે જિલ્લા વહીવટી તંત્ર માટે ખુબ જ રાહતના સમાચાર છે.

ઉલ્લેખનીય છે કે, તાપી જિલ્લાનો પ્રથમ કેસ વ્યારા તાલુકાનાં માયપુર ખાતે નોંધાયો હતો. જે દર્દી પણ સારા થતાં તેમને ગત તા.૪ ૫ ૨૦૨૦ના રોજ વ્યારાની જનરલ હોલ્ખિટલ ખાતેથી રજા આપવામાં આવી હતી. જ્યારે જિલ્લા બહાર નોંધાયેલા પરંતુ તાપી જિલ્લાના વતની એવા વાલોડ તાલુકાનાં કલમકુઈ ગામના બીજા દર્દીને પણ તા.૮ ૫ ૨૦૨૦ના રોજ સુરત ખાતેથી રજા આપવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર શ્રી આર.જે.હાલાણીએ જિલ્લાના પ્રજાજનોને લોકડાઉન ના તમામ નીતિ નિયમો, અને સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરીને, આગામી દિવસોમાં પણ તાપી જિલ્લો સંપૂર્ણ સ્વસ્થ રહે તે માટે દો ગજ દૂરીનું હમેશા ધ્યાન રાખવા સાથે, ઘર બહાર નીકળતી વખતે હમેશા ફેસ માસ્કનો ઉપયોગ કરવા, અને વારંવાર સાબુથી હાથ ધોઈ, સેનેટાઈઝ કરવાની આદત કેળવવા સૌ પ્રજાજનોને અપીલ કરી છે.

નવસારી જિલ્લામાં અધિકારી નિમણુંક

નવસારી

નોવેલ કોરોના વાયરસ અન્વયે ભારત સરકારશ્રીના વિદેશ મંત્રાલય દ્વારા વિદેશમાં ફસાયેલા લોકો માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જે અન્વયે વિવિધ દેશોમાંથી આવનાર વ્યકિતઓને જિલ્લામાં નિયત કરેલા સ્થળોએ ૧૪ દિવસ કવોરન્ટાઈન કરવામાં આવશે. જે બાબતોની આનુષાંગિક તમામ કામગીરી માટે નોડલ અધિકારીશ્રીની નિમણુંક કરવામાં આવી છે.

નોડલ અધિકારી તરીકે શ્રી અતુલ ધોરાજીયા, હિસાબી અધિકારી અને ઈન્ચાર્જ નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી મો.નં.-૯૯૨૫૧૫૩૭૬૩, તેમજ ડૉ.એમ.જી.પ્રજાપતિ, નાયબ પશુપાલન નિયામકશ્રી, નવસારી મો.નં-૯૮૭૯૯૮૩૦૫૦ અને શ્રી એન.આર.દવે- જિલ્લા રોજગાર અધિકારીશ્રી, નવસારી મો.નં-૯૯૦૪૪૦૦૬૮૦ ની નિમણુંક કરવામાં આવી છે. તેમ અધિક જિલ્લા મજીસ્ટ્રેટ નવસારી દ્વારા જણાવાયું છે.

સુરતમાં લોકડાઉનના ભંગ અંગે વધુ ૨૬૩ લોકોની અટક

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઇ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગત રોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૨૬૩ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૬૧૮ લોકોના વાહનો જમ કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાથી ૦૧ અને સી.સી.ટી.વી કેમેરાની મદદથી ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૩,૩૮૦ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૩૦,૮૫૬ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં ત્રીજા તબક્કાના લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

સુરત શહેર સહિત દક્ષિણ ગુજરાતમાં વાદળ છવાયા

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે સવારથી વાદળછાયુ વાતાવરણ વચ્ચે અસહ્ય ઉકળાટ અને બફારાથી ભારે બેચેની થતા ગરમીથી આંશિક રાહત અનુભવાઇ રહી છે. સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૫.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે સવારે શહેરનું ન્યુનતમ તાપમાન ૨૮.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૫% અને હવાનું દબાણ ૧,૦૦૯.૫ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ દક્ષિણ પશ્ચિમ દિશાથી કલાકના સરેરાશ છ કલાકની ઝડપે પવન ફૂંકાઇ રહ્યો છે. ગતરોજ ની સરખામણીએ આજે વાદળછાયુ વાતાવરણ હોવાથી અસહ્ય ઉકળાટ અને ભારે બફારાનો અનુભવાઇ થઈ રહ્યો છે. મે મહિનાના બીજા સપ્તાહ દરમિયાન તાપમાન નો પારો ઘટતા શહેરીજનોને ઉનાળાની કાળઝાળ ગરમીથી રાહત મળી રહી છે. આગામી બે ત્રણ દિવસ સુધી પવનના લીધે તાપમાનનો પારો સામાન્ય કરતાં નીચે નોંધાઈ તેવી શક્યતા છે. હવામાન વિભાગે વધુમાં જણાવ્યું છે કે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આગામી સપ્તાહથી ગરમીમાં વધારો નોંધાઈ તેવી શક્યતા છે.

લોક ડાઉનમાં સુરત હિરા બુર્સ આયાત-નિકાસ માટે કાર્યરત

આયાત-નિકાસની સમસ્યા હોય તો સુરત હીરા બુર્સનો સંપર્ક કરો

સુરત

સુરત હિરા બુર્સ (એસએચબી) ના કસ્ટમ કચેરીના વેપાર અને ઉદ્યોગની કામગીરી અંગે થોડી મૂંઝવણની સ્થિતિ ઊભી થઈ છે. ૨૫ માર્ચ, ૨૦૨૦થી દેશભરમાં લોકડાઉન થયા પછી પણ, કોવિડ-૧૯ મહામારીને લીધે, સુરત હિરા બુર્સ કસ્ટમ્સ ૨ફ/કટ અને પોલિશ્ડ ડાયમંડના આયાત-નિકાસમાં રોકાયેલા હીરા ઉદ્યોગ ઉદ્યોગના વ્યાપારીઓને વિશ્વાસ આપવા માટે ખુલ્લું અને કાર્યરત છે. સુરત હિરા બુર્સ ખાતેથી કાર્યરત તમામ આયાતકારો, નિકાસકારો, કસ્ટમ્સ બ્રોકર અને અન્ય હિસ્સેદારોની જાણકારી માટે નિર્દેશ છે કે સુરત હીરા બુર્સએ કસ્ટમ્સ ઓફિસ ક્યારેય બંધ કરી નથી અને કેન્દ્ર સરકારે જારી કરેલી માર્ગદર્શિકા મુજબ તમામ કામગીરી કરી રહી છે.

ડાયમંડ અને જ્વેલરીના પાર્સલની આયાત- નિકાસની મંજૂરીઓ હંમેશની જેમ આપવામાં આવે છે, અને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષ એન્ડ કસ્ટમ્સ (સીબીઆઈસી) અને કેન્દ્ર સરકારના એમએચએ વિભાગ દ્વારા દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ સમયાંતરે ક્લીયરન્સની પ્રક્રિયા આગળ વધારવામાં આવશે.

સુરત હીરા બુર્સથી પાર્સલને એક્સપોર્ટ- ઈમ્પોર્ટ કરવામાં કોઈ મુશ્કેલી હોય તો, સુરત હીરા બુર્સ, નાયબ કમિશનર(કસ્ટમ્સ), સુરત ડિવિઝનના સંપર્ક નંબર ૦૨૬૧- ૨૪૮૮૩૦૦ ઉપર અથવા .. પર નો સીધો સંપર્ક કરી શકે છે. જેની નોંધ લેવા સુરત હિરા બુર્સ () ના તમામ આયાતકારો, નિકાસકારો, કસ્ટમ બ્રોકરો અને અન્ય હોદેદારોને કુમાર સંતોષ, (આઈ.આર.એસ.), પ્રિન્સીપલ કમિશનર, અમદાવાદ કસ્ટમ્સની યાદીમાં જણાવાયું છે.

લોક ડાઉનમાં સ્વૈચ્છિક દાતાઓએ ૧૫૧૮ યુનિટથી વધુ રક્તનું દાન

૩૨ મહિલાઓ દ્વારા પણ રક્તદાન કરાયું

સુરત

કોરોના વાયરસની મહામારીને પગલે ભારતભરમાં લોકડાઉનની શરૂઆત થઈ ત્યારે સ્વૈચ્છિક રક્તદાનની પ્રવૃત્તિ ઉપર પણ તેની ગંભીર અસર જોવા મળી હતી. જાહેરમાં રક્તદાન શિબિરોનાં આયોજનો શક્ય નોવાને કારણે ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર બ્લડ ટ્રાન્સફ્યુઝન તરફથી તા. ૨૬ માર્ચ ૨૦૨૦થી બ્લડ કલેકશન મોબાઈળ વાન દ્વારા સ્વૈચ્છિક રક્તદાન સ્વીકારવાની મંજુરી મળી હતી. ૨૮ માર્ચથી ૧૦મે ૨૦૨૦ દરમ્યાન ૪૭ સ્થળોએ બ્લડ કલેકશન મોબાઈલ વાન દ્વારા સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ સરકારની તમામ ગાઈડલાઈન્સનું પાલન કરીને ૧૫૧૮ યુનિટ રક્ત એકત્રિત કર્યું. ૨૨ માર્ચથી ૧૦મે ૨૦૨૦ દરમ્યાન સુરત રક્તદાન કેન્દ્ર ખાતે ૨૩૦ રક્તદાતાઓએ સ્વૈચ્છીક રક્તદાન કર્યું. ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કુલ ૩૪૦૨ યુનિટ રક્તનું વિતરણ કરવામાં આવ્યું. સમગ્ર લોકડાઉન દરમ્યાન કુલ ૩૨ મહિલાઓએ સ્વૈચ્છી રક્તદાન કર્યું.

લોકડાઉન દરમિયાન સુરત શહેરના સ્વૈચ્છીક રક્તદાતાઓ તેમજ શિબિર આયોજકોના સહકારથી રક્તની જરૂરીયાતવાળા થેલેસેમિયા, હિમોફિલિયા, સિકલસેલ એનિમિયા, કેન્સર, ડાયાલીસીસ વિ.ના દર્દીઓને નવજીવન બક્ષવાના ઉમદા કાર્યમાં અમો સફળ રહ્યા છીએ.

નવસારીમાં ચોમાસાની તૈયારી સંદર્ભે કલેકટરે મિટિંગ બોલાવી

વરસાદી પાણીનાં નિકાલનાં વહેણ નાલા-પુલીયાની સફાઈ માટે અગોતરુ આયોજન

નવસારી

નવસારી જિલ્લામાં આગામી ચોમાસા દરમિયાન પુર-વાવાઝોડાની સ્થિતિને પહોંચી વળવા આગોતરા આયોજન માટે આજે જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે બેઠક યોજવામાં આવી હતી.

નવસારી જિલ્લાના તંત્રને સુસજજ કરવા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન મુજબ જિલ્લા વહિવટીતંત્રના તમામ સંલગ્ન વિભાગોને કાળજી લેવા જણાવી જિલ્લા કલેકટર શ્રી આર્દ્રા અગ્રવાલે કહયું કે, નદી કાંઠાના નિચાણવાળા વિસ્તારો નિયત છે પરંતુ ત્યાં વસવાટ થયા હોય નવા બાંધકામો થયા હોય તેનો તલાટી મારફત સરવે કરાવી અદ્યતન વિગતો તૈયાર કરવા જણાવ્યું હતું.

ચોમાસામાં પુરની સ્થિતિમાં પાણીનાં વહેણ, નાળા-પુલીયામાં ઝાડ-કચરો ફસાતા મોટી હોનારત થતી હોય છે. આથી નગરપાલિકા વિસ્તાર સહિત તમામ વિભાગોએ મોન્સુન કામગીરીનાં ભાગરૂપે પાણીનાં વહેણ નાળા-પુલીયાની સફાઇ કરવી અને તેનો અહેવાલ આપવા જિલ્લા કલેકટરશ્રીએ સુચના આપી હતી.

ચોમાસામાં થતી ગંદકી અને તેના લીધે થતા રોગચાળાને અટકાવવા વ્યાપક કાર્યવાહી કરવા અને સ્વચ્છતા રાખવા સંબંધિતોને સુચના આપી જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું કે, સુચના આવે પછી કામગીરી કરવી એવી માનસિકતામાંથી બહાર નિકળી ડિઝાસ્ટરમાં તમામ અધિકારી/કર્મચારીઓ એકટીવ કાર્યરત થાય તે જરૂરી છે.

ચોમાસામાં કોઈપણ સ્થિતિને પહોંચી વળવા જરૂરી સાધનો, તાલીમબધ્ધ મેનપાવર, સમાજીક સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્વયંસેવકો, શેલ્ટર સ્થળો, અસરકારક કોમ્યુનિકેશન સિસ્ટમ, હોડી-બોટ, તરવૈયાઓની યાદી, અવિરત વિજ પુરવઠો જાળવવો, પીવાનાં પાણીની વ્યવસ્થા, ૧ લી જુનથી કંન્ટ્રોલરૂમ કાર્યરત કરવા સહિત ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન મુજબની આગોતરી તૈયારી કરવા જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી ?શસ્તિ પારીક, જિલ્લા પોલીસ અધિક્ષક ડો. ગિરીશ પંડયા, નિવાસી અધિક કલેકટરશ્રી કે.જે.રાઠોડ સહિત જિલ્લાના તમામ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતા

મહેસાણામાં ૬, કચ્છમાં એક અને ભાવનગરમાં ૨ કોરોના કેસ નોંધાતા ખળભળાટ

ગાંધીનગર

ગુજરાતમાં કોરોના કહેર તો દિવસેને દિવસે વધી રહ્યો છે, ત્યારે હવે કોરોનાએ ગાંમડાઓમાં પ્રવેશ કરી લીધો હોય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આજે મહેસાણામાં સનસનીખેજ રીતે કોરોના વાયરસથી સંક્રમિત ૬ કેસ ફરીથી નોંધાતા હડકંપ મચી જવા પામ્યો છે. મહેસાણા જિલ્લામાં કોરોનાના ૬ કેસમાં બહુચરાજીમાં ૩, કડીમાં ૨, વિજાપુરમાં એક કેસ સામે આવ્યો છે. આજે ખાસ વાત તો એવી છે કે આજ સુધી જે જગ્યાએ કોરોનાએ પ્રવેશ કર્યો નહોતો તેવી જગ્યાએ કોરોના વાયરસના કેસ નોંધાયા છે. મહેસાણા જિલ્લાના બહુચરાજીમાં પહેલી વખત કોરોનાના એકસાથે ૩ કેસ નોંધાયા છે, આ સિવાય વિજાપુર તાલુકામાં પણ એક કેસ નોંધાતા ધીરેધીરે કોરોના કહેર ગાંમડાઓ તરફ વધી રહ્યો છે, જે ખરેખર ગુજરાત માટે સૌથી માઠા સમાચાર ગણી શકાય તેમ છે.

સોમવારે મહેસાણા જિલ્લાના અનેક નાના-મોટા તાલુકાઓમાં શંકાસ્પદ ૬૨ દર્દીઓના કોરોના શંકાસ્પદના સેમ્પલ લેવાયા હતા. જે પૈકી ૬ પોઝેટિવ સેમ્પલ આવ્યા છે, જ્યારે ૫૩ નેગેટિવ આવ્યા છે.

આજે કચ્છના ભચાઉમાં કોરોનાનો વધુ એક કેસ સામે આવ્યો છે. ભચાઉના જસડા ગામના શખ્સને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. કોરોના વાયરસના આ કેસ સાથે એક અજીબોગરીબ વાત સામે આવી રહી છે. ભચાઉમાં જે વ્યક્તિને કોરોના પોઝિટીવ આવ્યો છે, તે યુવક પર બે દિવસ અગાઉ ફાયરિંગ થયું હતું. ફાયરિંગ થતા યુવકને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અમદાવાદમાં કોરોનાના સેમ્પલ લેવાતા યુવક પોઝિટિવ નીકળ્યો હતો.

ભાવનગરમાં પણ આજે કોરોનાના વધુ ૨ કેસ નોંધાયા છે. ભાવનગરના સાંઢિયાવાડમાં ઈન્ડિયા હાઉસ સંચિત નિવાસની સામે સંજરી પાર્કમાં એક બાળક સહિત ૨ લોકો કોરોના વાયરસથી સંક્રમિત થયા છે. જે કેસ સામે આવ્યા છે તેમાં ૭ વર્ષનું બાળક અને ૩૩ વર્ષીય પુરુષનો સમાવેશ થાય છે. આ સાથે જ ભાવનગરમાં કોરોનાના કુલ આંક ૯૭ પર પહોંચ્યો છે.



તા.૧૨મે એટલે વિશ્વ નર્સ દિવસ છે. આધુનિક નર્સિંગ ફાઉન્ડર લોરેન્સ નાઈટિંગલની યાદમાં વિશ્વ નર્સ દિવસની ઉજવણી કરવામાં આવે છે. સ્પર્શ માત્રથી દર્દીની પીડા દૂર કરી દેનાર નર્સનું કાર્ય તબીબી ક્ષેત્રે અનન્ય છે. નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં નર્સિંગ સ્ટાફ દ્વારા નર્સ દિવસની ઉજવણી સાથે ફ્લોરેન્સ નાઈટિંગલની તસ્વીરને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

સુરત સિવિલ હોસ્પિટલમાં ઈન્ટરનેશનલ નર્સ ડેની ઉજવણી કરાઈ

સુરત

સમગ્ર વિશ્વમાં દર વર્ષે વિશ્વની પ્રથમ નર્સ ફ્લોરેન્સ નાઈટીંગલના જન્મ દિવસે સમાજમાં તેમના યોગદાનની યાદગીરી માટે દર વર્ષે ૧૨ મેના રોજ ઈન્ટરનેશનલ નર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. જોકે કોરોનાની વૈશ્વિક મહામારીએ ડોક્ટરો જેટલું જ નર્સોનું સમાજમાં મહત્વ હોય છે. સુરત શહેરમાં હાલ ૧૫૦૦ જેટલી નર્સો કોરોના યુદ્ધમાં લડત આપી દર્દીઓને સાજા કરવા દિવસ-રાત એક કરી રહી છે. ત્યારે આજે સુરત સિવિલ હોસ્પિટલમાં ઈન્ટરનેશનલ નર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

નર્સિંગ એસોસિયેશનના જણાવ્યા પ્રમાણે, સામાન્ય રીતે નર્સિંગ સ્ટાફ વિવિધ બીમારી કે ઈજા સહિતના તકલીફ વાળા દર્દીઓને સારા કરવામાં ભારે યોગદાન રહે છે. જોકે, દર્દીને સાર સંભાળ રાખવી, દર્દીને દવા આપી સમયસર ખોરાક આપવો આરોગ્ય શિક્ષણ અને સ્વાસ્થ્ય સચવાય રહે તે માટે દર્દીઓની સેવા ચાકરી કરે છે. આ ઉપરાંત નવી સિવિલ હોસ્પિટલ, સ્મીમેર હોસ્પિટલ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા હેલ્થ સેન્ટરો સહિત કેટલીક ખાનગી હોસ્પિટલોમાં ૧૫૦૦ થી વધુ નર્સો કોરોનાની મહામારી સામે ફ્રન્ટ વોરિયર્સ બનીને ઉભી છે. કોરોના સંક્રમિત દર્દીને સાજો કરવા માટે ખોરાક, દવા અને પાણી સહિતની તમામ કાળજી નર્સ રાખે છે.

દક્ષિણ ગુજરાતમાં તાપી અને ડાંગ જિલ્લા બન્યા કોરોના મુક્ત

તાપી

રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે આ મહામારી વચ્ચે ગુજરાતમાંથી સારા સમાચાર આવ્યા છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં તાપી અને ડાંગ જિલ્લો સોમવારે કોરોના મુક્ત થયા હતા. આ બંને જિલ્લાનો હવે ગ્રીન ઝોનમાં સમાવેશ કરાશે. તાપી જિલ્લાના કોરોનના ત્રીજા અને છેલ્લા કેન્સરગ્રસ્ત દર્દીએ અમદાવાદની કોવિડ-૧૯ હોસ્પિટલમાં કોરોનાને માત આપી છે. જ્યારે ડાંગ જિલ્લામાં પણ ત્રીજા અને અંતિમ દર્દીને રજા આપવામાં આવી છે.

તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકાનાં ઈંટવાઇ ગામના કેન્સરની સારવાર લઈ રહેલા વિનાયક તુકારામભાઈ પાડવીને સુરતની સ્મીમેર હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ વધુ સારવારની આવશ્યકતા જણાતા તા .૩૦ એપ્રિલના રોજ અમદાવાદની બી.જે.મેડિકલ હોસ્પિટલના કેન્સર વિભાગ ખાતે ખસેડાયા હતા. જ્યાં તા.૧ લી મેના રોજ તેનો કોરોનાનો રિપોર્ટ પોઝેટિવ આવ્યો હતો. વિનાયક પાડવીએ ખૂબ જ મક્કમ મનોબળ સાથે કોરોનાનો સામનો કરીને તેને માત આપી છે. તેને તા.૮ના રોજ કોવિડ-૧૯ હોસ્પિટલમાંથી રજા આપી દેવાતા કેન્સરના વોર્ડમાં શિફ્ટ કરાયો છે. આમ તાપી જિલ્લાનો ત્રીજો અને અંતિમ દર્દી કોરોનામાંથી સારો થતાં આખો જિલ્લો કોરાના મુક્ત બન્યો છે.

ડાંગ જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસમાં કોરોનાના ત્રણ કેસ સામે આવ્યા હતા. ત્રણેય યુવતી સુરતથી આવેલી નર્સ હતી. બે યુવતી સારવાર બાદ સારી થતાં રજા આપી દેવામાં આવી હતી. જ્યારે પલ્લવી લાખન સારવાર હેઠળ હતી. તેના પણ તમામ રિપોર્ટ નેગેટીવ આવતા સોમવારે રજા આપવામાં આવતા જિલ્લો કોરોના મુક્ત બન્યો છે. આમ ડાંગ અને તાપી જિલ્લો કોરોના મુક્ત બનતા ગ્રીન ઝોનમાં સમાવેશ કરવામાં આવશે અને લોકડાઉન પછી વધુ છુટછાટ આપવામાં આવશે. તેમ છતાં બંને જિલ્લાના લોકોને જાગૃતતા કેળવી સોશિયલ ડિસ્ટનસિંગ રાખવા, હાથ વારંવાર ધોવા, માસ્કનો ઉપયોગ તકેદારી રાખવા અનુરોધ કરાયો છે.

સુરતમાં બે કોમ વચ્ચે તંગદિલી ફેલાવનાર વીડિયો વાયરલ કરનાર શખ્સ ગિરફતાર

સુરત

કોરોના વાયરસને કારણે એક બાજુ લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે કેટલાક અસામાજીક તત્વો દ્વારા સમાજમાં તંગદિલી ફેલાય તેવા વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાયરલ કરાતા હોય છે. આવા લોકો અને ખાસ કરીને સોશિયલ મીડિયા પર પોલીસ દ્વારા સતત વોચ રાખવામના આવે છે. પોલીસને વિગત મળી હતી કે, શહેરના ભેસ્તાન વિસ્તારમાં એક યુવાન દ્વારા બે કોમના લોકો વચ્ચે ઝગડો થાય તેવો એક વીડિયો બનાવી વાયરલ કરવામાં આવ્યો છે. જેને આધારે પોલીસે આ યુવાની ધરપકડ કરીને તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરમાં કેટલાક અસામાજીક તત્વો દ્વારા સોશિયલ મીડિયામાં ઉશ્કેરણીજનક વીડિયો બનાવી વાયરલ કરવામાં આવે છે.

જેને લઈને સાઈબર સેલ સતત સોશ્યલ મીડિયા વોચ રાખે છે. તેવામાં પોલીસ ને હકીકત મળી હતી કે, બે કોમ વચ્ચે દુશ્મનાવટ ઊભી થાય તેવો ઉશ્કેરણીજનક વીડિયો બનાવનારો યુવક ડિંડોલી વિસ્તારમાં રહે છે. ડિંડોલી પોલીસે આ દિશામાં તપાસ કરી અઝહરૂદ્દીન ઉર્ફે અઝ્ઝુ અનવર સૈયદે આ કરતૂત કરી હોવાનું બહાર આવ્યું હતું. ડિંડોલી પોલીસે ઘરે જઈ અઝહરૂદ્દીનને પકડી પાડયો હતો.

પોલીસને તેનો મોબાઈલ કબજે લઈ તપાસ કરતા મોબાઈલમાં બે કોમ વચ્ચે દુશ્મનાવટ થાય તે પ્રકારની બેફામ વાણી વિલાસ સાથે આરોપી અઝહરૂદ્દીને વીડિયો બનાવ્યો હતો. અઝહરૂદ્દીન આવાસમાં ચાની કેન્ટીન ચલાવે છે. હાલના કટોકટીના માહોલમાં ઉશ્કેરણીજનક વીડિયો બનાવી શહેરનું વાતાવરણ ડહોળાવવાની કોશિશ કરાઈ હતી. ડિંડોલી પોલીસે ગુનો નોંધી અઝહરૂદ્દીન સૈયદની ધરપકડ કરી હતી.

લોક ડાઉનને પગલે ચાર વર્ષ બાદ ઘરે રહેવાની તક સાંપડી

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગઈકાલે સાંજે ૫:૦૦ કલાકે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર) થકી ટેબલ ટેનિસમાં વર્ષ ૨૦૧૮માં એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ તેમજ કોમનવેલ્થ ગેમ્સમાં એક ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરનાર તથા દેશના સન્માનનીય રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે અર્જુન એવોર્ડ મેળવનાર સુરત શહેરના ગૌરવ સમાન શ્રી હર્મિત દેસાઇ સાથે વિશેષ સંવાદનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં તેમણે અથાગ પ્રયાસો સાથેની પોતાની સફળ ગાથા અને અનુભવો વર્ણવી લોકોના મનમાં કોરોના અને લોકડાઉનને કારણે ઉભી થયેલી નેગેટીવિટીને પોઝીટીવિટીમાં તબદીલ કરી નાંખી હતી. જીવનમાં સફળ થવા માટે પોતાના પેશનને ફોલો કરવાની સલાહ તેમણે બધાને આપી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, સુરતના ગૌરવ એવા હર્મિત દેસાઈએ વર્ષ ૨૦૧૮થી ટેબલ ટેનિસમાં ઘણી સિદ્ધીઓ હાંસલ કરી હતી. ચેમ્બર ઘણા સમયથી તેમને મેળવવા માટે પ્રયાસ કરતુ હતુ પણ આજે લોકડાઉનના સમયમાં ચેમ્બર તેમને મેળવી શકયું છે. શ્રી હર્મિત પોતાની સફળ ગાથા અને પોતાના અનુભવો આપણી સાથે શેર કરશે, જેથી કરીને આપણે ફરીથી પોઝીટીવિટી તરફ દોરવાઇ જઈશું.

શ્રી હર્મિત દેસાઈએ જણાવ્યુ હતુ કે, લોકડાઉનને કારણે જ મને અગ્યાર વર્ષ બાદ ઘરે રહેવાની તક મળી છે. જર્મનીમાં મારા અગ્યાર મહિના ટ્રેનીંગમાં જાય છે અને એક જ મહિનો હું સુરતમાં માતાપિતા સહિતના પરિવાર પાસે આવી શકું છું. અત્યારે હું વર્કઆઉટ કરુ છુ અને રોબોટની સાથે ટેબલ ટેનિસની પ્રેકટીસ કરુ છું. સાથે જ મારી બીજી બધી સ્કીલ પણ ડેવલપ કરી રહયો છું. જર્મની ભાષા પણ શીખી રહયો છું.

સુરત લોકડાઉનમાં ડેરી પ્રોડક્ટની આડમાં મહિલા તમાકુનુ કરી રહી છે વેચાણ

સુરત

ગુજરાતમાં કોરોના સંકટમાં અમદાવાદ સહિત રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર અને ગાંધીનગરમાં સક્રડ બંધ છે અને પાન-મસાલાની દુકાનો તો ગ્રીન ઝોનમાં પણ ખોલવાની મનાઈ છે એવામાં સુરતમાં એક મહિલા પોલીસની નાક-નીચે તમાકુ, સિગારેટ, મસાલા, માવા, ફાકીનું ધૂમ વેચાણ કરી રહી છે.

સુરતમાં પાન મસાલાનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. તેનો તાજો પુરાવો સામે આવ્યો છે. સુરતના સરથાણા વિસ્તારનો વીડિયો વાયરલ થયો છે. જેમાં મહિલા પાન-મસાલા વેચી રહી છે. ડેરી પ્રોડક્ટની આડમાં તમાકુનુ વેચાણ કરવામાં આવી રહ્યું છે. સરથાણા પોલીસ હદની વિસ્તારનો આ વીડિયો છે. રોયલ શોપિંગ સેન્ટરમાં આવેલી દુકાનમાં તમાકુ અને પાન મસાલાનું વેચાણ ચાલી રહ્યું છે. અને પોલીસના નાક નીચે જ પ્રતિબંધિત વસ્તુનુ વેચાણ કરી રહ્યા હતા.

તા.૧૪મીથી શાકભાજીનું ફરી વેચાણ શરૂ કરાશે

સુરત

સુરત મહાનગર પાલિકા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરનામા મુજબ તા. ૯.૫.૨૦૨૦ના ૧૨ કલાકથી તા. ૧૪ મેના ૧૨ કલાક સુધી એપીએમસી માર્કેટ, તમામ શાકભાજી માર્કેટ, છુટક શાકભાજી દુકાનો, ફુટની દુકાનો વિગેરે બંધ રાખવા જણાવેલ, પરંતુ ખેડુતો એપીએમસી માર્કેટ આવી શાકભાજી વેચાણ માટેની તૈયારીઓ કરી શકે તે માટે એપીએમસી માર્કેટ, તા. ૧૩.૫.૨૦૨૦ના રોજ બપોરે ૧૨ કલાકે ચાલુ કરવામાં આવશે, પરંતુ શાકભાજીનું વેચાણ તા. ૧૫-૫-૨૦૨૦ના રોજથી જ કરી શકાશે. તેમ સુરત મહાનગર પાલિકાના પીઆરઓ વિભાગની અખબારી યાદીમાં જણાવાયું છે.

નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત અમલ

તા. ૧૦મે ના રોજ ૮૨ વાહનો જપ્ત કરવામાં આવ્યા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. તા.૧૦ મે ના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરી કલમ ૧૮૮ ત્હ્દ કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ હેઠળ ૧૪૨ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૧૫૭ ની અટકાયત કરવામાં આવી છે. તેમજ ધ એપીડેમીક ડીસીઝ એકટ ૨૦૦૫ હેઠળ ૧ ઈસમ સામે એફઆઈઆર કરવામાં આવી છે. જિલ્લામાં ૮૨ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા અને રૂપિયા ૨૫૦૦/- નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. તા.૧૦ મે સુધીમાં કુલ ૮૩૮૧ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૯૩૦૩ વ્યકિતઓની અટક કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.



કીમ જીઆઈડીસીમાં રહેતા પરપ્રાંતીઓ કોરોનાના સંક્રમણથી લોકડાઉનમાં નાની મોટી કંપનીઓ બંધ થઈ જતા કોઈ આવક ન હોવાથી કારીગર વર્ગ પોતાના વતન જવાની માંગ સાથે ટ્રેન બુકીંગ કરતા ટ્રેનો કેન્સલ કરતા અને રોજે રોજ જમવાની અવ્યવસ્થાને કારણે કીમ રેલવે ટ્રેક પર , ૫૦૦ જેટલાં પરપ્રાંતીઓનું ટોળું વતન જવાની માંગ સાથે કીમ રેલ્વે ટ્રેક પર હોબાળો થયો હતો . સોશિયલ ડિસ્ટન્સીંગના ઉલ્લંઘનના ધજાગરા ઉડી ગયા હતા. તાત્કાલિક ઘટના સ્થળે કીમ પોલીસનો કાફલો આવી જતા પોલીસે ટોળાનો હળવો લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી ટોળાને વિખેરીને તાત્કાલિક ધોરણે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

ગામડાને કોરોના મુક્ત રાખવાની જવાબદારી સરપંચ-તલાટીના શીરે

ગામડાઓમાં તકદારી દાખવવી આવશ્યક

વલસાડ

કોરોના વાઇરસના સંક્રમણને અટકાવવા સમગ્ર દેશમાં તા.૨૪મી માર્ચથી લોકડાઉન અમલી બનાવાયું છે. શહેરોમાં તો પોલીસ તૈનાત કરવામાં આવી છે, પરંતુ ગામડાઓમાં લોકડાઉનનો ચુસ્ત અમલ કરાવવા માટે સરપંચોને સત્તાઓ સોંપવામાં આવી છે. જેથી આ લોકડાઉન દરમિયાન કોઈ અજાણ્યો વ્યક્તિ ગામમાં પ્રવેશ ન કરે તે માટે દરેક ગામોમાં તકેદારી રાખવી આવશ્યક છે. અને તેની તમામ જવાબદારી સરપંચ અને તલાટી કમ મંત્રીને શીરે આવી છે.

વલસાડ તાલુકાના ગોરગામના સરપંચ વિનોદભાઈની દીર્ઘદષ્ટિથી લોકડાઉનને સફળ બનાવવા અનોખો પ્લાન તૈયાર કરી અમલમાં મૂક્યો છે. અગાઉ ગામમાં ચોરીઓ થતી અટકાવવા માટે ગામમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવામાં આવ્યા હતા, જે કોરોના મહામારીમાં ખૂબ ઉપયોગી સાબિત થઈ રહયા છે. સરપંચશ્રીએ પંચાયત સભ્યો અને ગામના સક્રિય યુવામિત્રોના સહયોગથી માઈક્રોપ્લાનિંગ કરી ગામમાં પ્રવેશ કરનારા ઉપર દરેક રસ્તા ઉપર સી.સી.ટી.વી.થી નજર રાખવાનું નક્કી કરાયું. આ સી.સી.ટી.વી. કેમેરા ગ્રામ પંચાયતમાં ઈ-ગ્રામ હેઠળ આપવામાં આવેલા ઈન્ટરનેટ કનેકશનના ઉપયોગથી સમગ્ર ગામમાં અને મુખ્ય રસ્તા ઉપર ૨૪×૭ કાર્યરત કર્યા છે. આ સી.સી.ટી.વી.નું સંચાલન સરપંચ વિનોદભાઇ પોતાના મોબાઈલ થકી કરીને સતત વોચ રાખી રહ્યા છે. આ ઉપરાંત ગ્રામજનો પણ તેમાં સહયોગ આપી કોઈપણ અજાણી વ્યક્તિ જણાય તો તુરંત જ સરપંચના મોબાઈલ ઉપર ફોન કરીને જાણ કરી દે છે. તેની પૂછપરછ કરી યોગ્ય કારણ હોય તો જ પ્રવેશ આપવામાં આવે છે.

ગામની દૂધ મંડળીમાં દૂધ ભરવા માટે આવતા પશુપાલકો માટે સેનેટાઈઝારની વ્યવસ્થા કરવા ઉપરાંત દરેકને માસ્ક પણ આપવામાં આવ્યા છે. પાન મસાલા ખાતે થૂંકનાર ઉપર પણ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે છે, જે માટે ગામમાં દરેક સ્થળે બોર્ડ પણ લગાડવામાં આવ્યા છે. ગામના દરેક ઘર રોગમુક્ત બને તે માટે સેનીટાઈઝરનો છંટકાવ પણ કરાયો છે. સરપંચે જાતે લાઉડ સ્પીકરની મદદથી કોરોના વાઇરસના સંક્રમણને રોકવા માટે લોકોને માર્ગદર્શન આપી ઘરે જ રહેવા માટે અપીલ કરી છે. આમ કોરોના વાઇરસને ગામમાં આવતો અટકાવવા માટે સતત કાર્યરત રહી ગોરગામના સરપંચ વિનોદભાઇ સાચા અર્થમાં કોરોના વોરીયર્સ બન્યા છે.

આમ ગામના વિકાસની સાથે સંકટ સમયે ખૂબ જ ઉપયોગી નીવડેલા સી.સી.ટી.વી. કેમેરાએ ગોરગામ ગામને સુરક્ષિત રાખ્યું છે, તેમ કહીએ તો પણ ખોટું નથી.

ઘટના સ્થળે પોલીસે પહોંચી આશ્વાસન આપતાં મામલો થાળે પડ્યો

સુરતના હિરાબાગ નજીક વિસ્તારમાં શ્રમિકો વતન અને ભોજનની માંગને લઈ રસ્તા પર

સુરત

શહેર-જિલ્લામાં પોઝઈટિવ કેસનો આંક ૯૫૫ પર પહોંચ્યો છે. આ સાથે શહેર જિલ્લામાંથી અત્યાર સુધીમાં કુલ ૫૫૩ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થઈ ગયા છે. જ્યારે મૃત્યુઆંક ૩૯ પર પહોંચ્યો છે. સિવિલ હોસ્પિટલમાં હાલ ૨૨૮ કોરોના પોઝિટિવ દર્દીઓ દાખલ છે. જેમાંથી ૨ દર્દીઓ વેન્ટીલેટર પર, ૮ દર્દી બાઈપેપ પર તેમજ ૧૪ દર્દીઓ ઓક્સિજન પર સારવાર લઈ રહ્યા છે. આમ કુલ ૨૪ દર્દીઓની હાલત હાલ ગંભીર છે. દરમિયાન એક રોડ પર હિરાબાગ નજીક આવેલા ધરતીનગર પર શ્રમિકો આજે ફરી રસ્તા પર ઉતરી આવ્યાં હતાં.

પરપ્રાંતિય શ્રમિકોએ વતન જવાની માંગ કરવાની સાથે સાથે ભોજન ન મળતું હોવાની ફરિયાદ કરી હતી. જેથી ઘટના સ્થળે પહોંચેલા પોલીસ કાફલાએ સમજાવટથી કામ લઈને આશ્વાસન આપતાં મામલો થાળે પડ્યો હતો. શહેરમાં સોમવારે કોરોનાના વધુ ૨૨ કેસ પોઝિટિવ નોંધાયા હતા. જ્યારે જિલ્લામાં એક પણ પોઝિટિવ કેસ ન નોંધાતા જિલ્લાના આરોગ્ય વિભાગે રાહતનો દમ લીધો હતો. આ સાથે શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસોની કુલ સંખ્યા ૯૫૫ થઈ ગઈ છે. તેવી જ રીતે સોમવારે શહેર અને જિલ્લામાંથી ૪ મહિનાની બાળકી સહિત વધુ ૨૩ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થતા તેમને રજા આપી દેવામાં આવી છે.

આ સાથે શહેર જિલ્લામાંથી અત્યાર સુધીમાં કુલ ૫૫૩ દર્દીઓ કોરોનાને માત આપી સાજા થઈ ગયા છે. સોમવારે નોંધાયેલા પોઝિટિવ કેસોમાં વધુ ૩ કરીયાણાના દુકાનદાર તેમજ ૨ ફુટ વિક્રેતાઓ તેમજ ખાનગી તબીબ અને સફાઈ કામદાર જેવા કોરોના સામે યુદ્ધ લડી રહેલા ફ્રન્ટલાઈન વોરિયર્સનો પણ સમાવેશ થયો છે. સહારા દરવાજા વિસ્તારમાં રહેતા પરિવારની ૪ મહિનાની બાળકી માહિર રાજુ કુરેશી અને તેની માતા મુસ્કાન(૩૧)તેમજ વરાછા એ.કે. રોડ વિસ્તારમાં રહેતા પરિવારની ૬ વર્ષની પુત્રી આરોહી ભારદ્વાજ સહિત કુલ ૨૩ દર્દીઓએ સોમવારે કોરોનાને માત આપી હતી.

વિશ્વ નર્સિંગ દિવસે રાજપીપળા ખાતે કોરોના બાબતે ખાસ શપથ લઈ ઉજવણી કરાઈ

૧૨ મેં International Nurses Day અન્વયે જનરલ હોસ્પિટલ રાજપીપળાના નર્સિંગ સ્ટાફ દ્વારા આ પર્વની ઉજવણી કરી ત્યારબાદ કોરોના મહામારી મા પોતાનું યોગદાન આપવા માટેની પ્રતિજ્ઞા લેવા મા આવી હતી.



જનરલ હોસ્પિટલ રાજપીપલા ખાતે આંતરાષ્ટ્રીય નર્સીસ ડે ની ઉજવણી કરાઈ : કોરોના મહામારી માં યોગદાન આપવા ખાસ શપથ લેવાયા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

૧૨ મી મે આતરષ્ટ્રિય નર્સીસ ડે તરીકે ઉજવાય છે આ દિવસ આધુનિક નર્સિંગ ના પ્રણેતા ફ્લોરેન્સ નાઇટિંગલ ની યાદ માં ઉજવવામાં આવે છે હાલ કોરોનાની મહામારી માં સમગ્ર વિશ્વ માં કોરોના યોદ્ધા તરીકે ફરજ બજાવતા નર્સિંગ ના ભાઈઓ અને બહેનો કોરોના સામેની લડાઈ માં ખૂબ અગત્ય નો ભાગ ભજવી રહ્યા છે ત્યારે રાજપીપળા સરકારી હોસ્પિટલમાં નર્સીસ સ્ટાફ દ્વારા આંતરરાષ્ટ્રીય નર્સીસ ડે ની અનોખી ઉજવણી કરવામાં આવી હતી નર્સીસ તરીકે ફરજ બજાવતા સ્ટાફે મીણબત્તી સળગાવી આધુનિક નર્સિંગના પ્રણેતા ફ્લોરેન્સ નાઇટિંગલ ની ૨૦૦મી જન્મ જયંતિ નિમિત્તે તેમને યાદ કરી શપથ લીધા હતા

શપથ - ● મારી નર્સ તરીકે ની ફરજ નિષ્ઠા પૂર્વક નિભાવિશ ● હું પબ્લિક હેલ્થ મેઝર્સ નું પાલન કરીશ અને લોકોને તે વિશે જાગૃત કરીશ ● હું ઈન્ફેક્શન પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ના નિયમોનું ચુસ્તપણે પાલન કરીશ ● હું મારા ઘરનાં સભ્યોને તેમજ સમાજના લોકોને ચેપ ફેલાય નહીં તે માટે સરકારી માર્ગદર્શિકા નું પાલન કરીશ ● હું કોવિડ ૧૯ અંતર્ગત વખતો વખત સરકારી માર્ગદર્શિકા થી માહિતગાર રહી તેનું પાલન કરીશ

સુરત લોકડાઉનમાં તનાવથી ત્રસ્ત વેપારીએ કર્યો આપઘાત



સુરત

કોરોના વાઈરસના પગલે લોકડાઉન ચાલી રહ્યું છે. ત્યારે સુરતના સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલા ગૌતમનગરમાં કરિયાણાને વેપારીએ આપઘાત કરી લીધો છે. ખાલી રૂમમાંથી સવારે યુપીવાસી વિષ્ણુદતનો લટકતો મૃતદેહ મળ્યો હતો. વિષ્ણુદતને પોલીસે પકડ્યા બાદ ઘરે આવ્યો ત્યારથી માનસિક તણાવમાં હતો એ દરમિયાન આપઘાત કરી લીધાનું તેમના નજીકનાએ જણાવ્યું છે.

હાલ પોલીસે આપઘાત કરનાર વિષ્ણુના પીએમની કાર્યવાહી હાથ ધરી છે. સચિન જીઆઈડીસીના ગૌતમ નગરમાં રહેતા વિષ્ણુદત્ત ૩૮ વર્ષ યુપીવાસી છે. નજીકના લોકોએ કહ્યું કે, વિષ્ણુ બે દિવસથી માનસિક તણાવમાં જીવતો. ૧૦મી મેના રોજ દુકાન ખોલતી વખતે ૩૮ વર્ષીય વિષ્ણુને પોલીસે દુકાન ખોલવાના આરોપમાં ઝડપી લઈને પોલીસ સ્ટેશન લઈ ગયેલી. બાદમાં માર માર્યો હતો. આખો દિવસ પોલીસ સ્ટેશનમાં રાખ્યો હતો. પોલીસ સ્ટેશનથી ૪ હજાર દંડની રકમ ભરીને આવ્યા બાદ રૂમમાં જ રહેતો. તેને બેઈજ્જતી થયાનું સતત લાગતું અને આ જ તણાવમાં આપઘાત કરી લીધો હોવાનું તેમના નજીકનાએ જણાવ્યું છે. રાત્રે ભોજન કર્યા વગર સુઈ જનાર વિષ્ણુ ૧૧ મી ની સવારે માનસિક તણાવમાં હતો.મેરા ઈટના બેઈજતી કભી નહિ હુવા કહી ફરી રૂમમાં ચાલી ગયો હતો.

સમાજ અમારી કદર કરે છે એજ અમારો પુરસ્કાર: રાજપીપળા ટી.આર.બી.જવાનોનો ઉત્સાહ



ટ્રાફીક જવાનોની કામગીરીને બિરદાવતા ગાયત્રી પરિવાર અને માનવ સેવા સંસ્થા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેર ટ્રાફિક બ્રિગેડ વિભાગ ના પોલીસ અધિકારી કે.એલ ગળચરે એક વાતચીત દરમિયાન જણાવ્યું હતું કે રાજપીપળા ની સેવાભાવી સંસ્થાઓ અને લોકો કે જે સેવાનિષ્ઠ જવાનો પ્રમાણીકતા થી કોરોના ની પરિસ્થિતિ મા ખડેપગે ફરજ બજાવે છે એમની કદર કરેછે અને પ્રોત્સાહીત કરે છે.એજ અમારા જીવનનો અણમોલ પુરસ્કાર છે.ગાયત્રીપરિવાર ટ્રસ્ટ રાજપીપળા ના પ્રમુખ ટ્રસ્ટી ભરત ભાઈ વ્યાસ અને સાંઈ માનવ સેવા ગૃપ ના પ્રમુખ જનકભાઈ મોદી દ્વારા રાજપીપળા શહેર મા ફરજ બજાવતા ટી.આર.બી ના એકાવન ટ્રાફિક જવાનો ની કામગીરી ને વધાવવા માટે રુપિયા ૫૧ નો રોકડ પુરસ્કાર અને અનાજ તથા સાડી ની કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે ગીતા બહેન નામ ના ઈમ્ના સેવા નિષ્ઠ કર્મચારી બહેને જણાવ્યું હતું કે સાહેબ આ ગીફ્ટ ખરેખર જેમને જરુર હોય તેમને આપશો તે પણ અમારી ફરજ નિષ્ઠા છે. જેના પ્રત્યુતર મા સેવાર્થીઓ ઓ એ જણાવ્યું હતું કે બહેન આ સ્મૃતિ ભેંટ છે, આપ સ્વિકારશો તો અમને આપનો આ કપરી કામગીરી ને બિરદાવી રહેલ છે તેનો આનંદ એટલો જ રહેશે.આવાં કપરાં સમયે બીજા ઓ ને મદદરૂપ બનવાની આ બહેન ની આત્મીય લાગણી ને સો સલામ.

દેરક દવાની દુકાનમાં હોમિયોપેથી દવાઓ ફરજીયાત પણે રાખવી પડશે

સુરતમાં હજુ પણ દરરોજ ૪.૫૦ લાખથી વધુ ફૂડ પેકેટનું વિતરણ થાય છે

સુરત

સુરત મહાનગરપાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઇ કાલે તા.૧૧ મેના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, શહેરમાં ગઇકાલે કુલ ૫૨૮ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યાં છે, જયારે કુલ ૩૮ દર્દીના મૃત્યુ નોંધાયા છે. ૫૮.૮ ટકા રિકવરી રેટ થયો છે જે એક ખુબ જ સારો રેટ છે તેની પાછળનું કારણ કેસોની અર્લી આઈડેન્ટીફિકેશન કરવામાં આવે છે. ૪.૨ ટકા રેટ મૃત્યુ દર છે.

પોઝિટીવ કેસો પૈકી સૌથી વધુ સુરતના લિંબાયત ઝોન અને વરાછા માથી કુલ ૬-૬ કેસો મળી આવ્યા છે અને કુલ ૩૪૬ કેસો થયા છે. આ સિવાય લિંબાયતમાં સાડા ચાર લાખ કરતા વધુ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે. મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે આજની સ્થિતિએ ૧૭૧૦ લોકો હોમ ક્વોરેન્ટાઇન અને વિકેન્દ્રિત ક્વોરેન્ટાઇન સેન્ટરમાં ૪૫૪ લોકો છે. સમરસ ખાતે કોવિડ કેર સેન્ટરમાં ૮૧ લોકો છે. લિંબાયતમાં ૦૫ લાખ કરતા વધુ લોકોને હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવ્યું છે. આયુષ મંત્રાલયના સુચન પ્રમાણે દવાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. દરેક દવાની દુકાનમાં આયુષ મંત્રાલય દ્વારા સુચન કરેલી હોમિયોપેથી દવાઓ રાખવાની રહેશે.

હાલની પરિસ્થિતિમાં સ્લમ એરિયામાં સૌથી વધુ ધ્યાન આપવામાં આવે છે કારણ કે ત્યાંથી સૌથી વધુ કેસો સામે આવ્યા છે. સ્લમ એરિયામાં ૪૨ ફિવર ક્લિનિક ચાલુ કરવામાં આવ્યા છે તથા સ્લમ એરિયામાં ૨૭૭ વોશ બેસિનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. કોરોના જાગૃત્તિ માટે ૫૫ પ્રચાર ગાડી મુકવામાં આવી છે. સંવેદના પ્રોઝેક્ટ હેઠળ ખાનગી અને મ્યુન્હિળપલ દ્વારા ૪,૫૪,૦૫૦ ફુડ પેકેટનું આજે વિતરણ કરવામાં આવ્યું છે.

જ્યારે પણ કોઇ વ્યક્તિ બહાર ખરીદી કરવા જાય ત્યારે અને ઘરે આવે ત્યારે હાથ વ્યવસ્થિત ધોવા અને શક્ય હોય તો સામાનને પણ સેનેટાઇઝ કરવા જોઇએ. કોઇ પણ વ્યક્તિ બહાર જાય તો તેણે આ વસ્તુઓનું ધ્યાન રાખવુ જોઇએ. ઇન્ફેક્શન કેવી રીતે રોકવી, દુકાન દારે કેવી રીતે કાળજી રાખવી તેના પ્રચાર પ્રસાર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે જેમાં દરેક લોકોએ ભાગ લેવો જોઇએ.

ચોથા તબક્કાના લોકડાઉનમાં સુરતને છૂટછાટ મળવાની શક્યતા

તા.૧૭'મીએ ત્રીજા તબક્કાનું લોકડાઉન પૂર્ણ થશે

સુરત

ત્રીજો લોકડાઉન પુરૂ થવાને આડે હવે ગણતરીના પાંચ દિવસ બાકી છે. તા.૪થી મેથી ભારતભરમાં લદાયેલા ત્રીજા લોકડાઉનની મુદત તા.૧૭મીના રોજ પૂર્ણ થાય છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના તમામ મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લોકડાઉનમાં વધુ છુટછાટ આપવા માટેની રજૂઆત કરી હતી.

અત્રે નોંધનીય છે કે, ગુજરાતના અમદાવાદ અને સુરત શહેરમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં સતત વધારો નોંધાતો જાય છે. સુરત શહેરમાં લોકડાઉનનો કડક અમલ હોવા છતાં પણ કેસો વધી રહ્યા છે. સુરતમાં ત્રીજા તબક્કાના લોકડાઉનની મુદ્દતપૂર્ણ થયા બાદ રાજ્ય સરકાર કેવા પ્રકારની સુરતને છૂટછાટ આવે છે, તે જોવું રહ્યું હતું.

હાલ સુરત શહેરની કોરોનાગ્રસ્ત વિસ્તારો સહિતના સમગ્ર સુરત શહેરમાં મનપા અને પોલીસ તંત્ર દ્વારા લોકડાઉનનું સંપૂર્ણ પાલન કરાવવામાં આવી રહ્યું છે. આ લોકડાઉન દરમિયાન માત્ર દૂધ અને મેડીકલ તથા અનાજ કરિયાણા અને લોટની ઘંટી ચાલુ રાખવાની જ મંજૂરી આપવામાં આવી છે. પણ સવારે દસ વાગ્યા પછી બંધ કરી દેવામાં આવે છે. કેટલાક વિસ્તારોમાં મેડીકલ સ્ટોરો ચાલુ રાખવામાં આવ્યા છે.

સુરતમાં વોટ્સએપ પર પોલીસને ફરિયાદ મળતા ૨૩ લોકોની કરાઈ ધરપકડ

સુરત

કોરોના વાઈરસનું સક્રમણ અટકાવ તંત્ર દ્વારા લોકડાઉન આપવામાં આવ્યુ છે ત્યારે લોકો લોકડાઉન વચ્ચે પણ સતત એકઠા થઈને ગપાટા મારતા હોય છે ત્યારે આવા લોકો સામે પોલીસ કાર્યવાહી કરતી હોય છે. ત્યારે ગતરોજ અમરોલી-સાયણ રોડની ગોલ્ડન સીટી સ્વીટ હોમ સોસાયટીના ૧૧ અને ગ્લોબલ સીટી સોસાયટીના ૧૨ જણાને પોલીસે વિડીયો અને વ્હોટ્સ અપ ફોટોના આધારે ઝડપી પાડયા હતા. કોરોના વાઈરસનું સંક્રમણ ન વધે તે માટે તંત્ર દ્વારા લોકડાઉન આપવમાં આવ્યું છે ત્યારે હજુ પણ લોકો આ મામલે ગંભીર નહિં હોવાનું સામે આવી રહીયુ છે તેવામાં સુરતમાં સતત કોરોના વાયરસના પોઝિટિવ કેસમાં વધારો થઈ રહ્યો હોવાથી આવશ્યક સેવા ચીજવસ્તુઓ ઉપર પણ ધીમે-ધીમે પ્રતિબંધ મુકવામાં આવી રહ્યો છે.

તેમ છતા પણ કેટલાક લોકો હજી સંક્રમણ માટે ગંભીર બેદરકારી દાખવી ટોળે વળી રહ્યા છે. તેવામાં પોલીસ દ્વારા લોકોની મદદ લઈને આવા લોકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે છે. તેવામાં સુરત ની અમરોલી પોલીસને ગતરોજ લોકો એકત્ર થયાના વિડીયો વોટ્સપ પર સ્થાનિક લોકો દ્વારા મોકલવામાં આવ્યા હતા, જેને લઈને અમરોલી પોલીસે સાયણ રોડ સ્થિત ગ્લોબલ સીટી સ્વીટહોમ સોસાયટીમાં રહેતાચેતન ગીરધર પરમાર,શીરીષ રમેશ રાવલ,જતીન ગોકળ ટાંક,નિકુંજ પુના ચાવડા, સુમીત મનસુખ વાઘેલા,

સંજય બાલુ જેઠવા,અશોક વિરજી ચૌહાણ,વિરેન્દ્ર શ્રીરામધની પ્રજાપતિ,તેજશ પ્રવિણ પંડ્યા,રામપ્રતામ શ્રીકુપુર પ્રજાપતિ, મહેશ બેચર લાઠીયા, પંકજ વિષ્ણુ પાનેકર,રજની બાબુ ટાંક, ડેનીશ હસમુખલાલ મોદી,હિરેન કાંતિ કાચા,ધીરેન હરેશ ચાવડા, અજય ગોપાલ રાઠોડ,મગન જયંતિ ગેડીયા,રજની ભરત ડાભી,મનસુખ શંભુ રાઠોડ,દિલીપ શંભુ રાઠોડ, મહેન્દ્ર બિશ્વનાથ સહાની અને દિનેશ બાબુલાલ પ્રજાપતિને માંડીને ૨૩ લોકોની ધરપકડ કરી તેમના વિરૂધ્ધ એપેડમિક ડિસીઝ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત શહેરમાં નવા ૮ કેસ : ૩૪૦ દર્દીઓ સારવાર હેઠળ

સુરત

સુરત શહેરમાં આજે કોરોના વાયરસના વધુ આઠ દર્દીઓ નોંધાયા હતા. ગઈકાલે સાંજ સુધીમાં સુરત શહેરમાં કોરોના વાયરસના ૮૯૪ દર્દી નોંધાયા હતા. જેમાં આજે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં આઠ દર્દીનો વધારો થતા સુરત શહેરમાં કોરોના પોઝિટિવ દર્દીની કુલ સંખ્યા ૯૦૬ થઈ હતી. સુરત શહેરમાં કોરોના વાયરસનું સંક્રમણ શરૂ થયું, ત્યારથી અત્યાર સુધીમાં ૯૦૬ કોરોના પોઝિટિવ દર્દીઓ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ગઈકાલ સુધીમાં ૩૪ કોરોના પોઝિટિવના મૃત્યુ થઈ ચૂક્યા છે. ગઈકાલ સુધીમાં ૫૨૮ દર્દીઓ સાજા થતા રજા આપી દેવામાં આવી છે. એટલે કે સરકારી હોસ્પિટલના કોરોન્ટાઈનમાં કુલ ૩૪૦ કોરોના વાયરસ પોઝિટિવ દર્દીઓની સારવાર ચાલુ છે. આજે પણ કોરોના પોઝિટિવના ફરીથી લેબ રિપોર્ટ કરવામાં આવી રહ્યા છે. સાંજ સુધીમાં જે દર્દીના કોરોના રિપોર્ટ નેગેટિવ આવશે તેઓને સરકારી કોરોન્ટાઈનમાંથી રજા આપવામાં આવશે. આજે નોંધાયેલા આઠ કોરોના વાયરસ પોઝિટિવ ધરાવતા દર્દીના સંપર્કમાં આવનાર પરિવારજનો સહિતનાને હોમ કોરોન્ટાઈનમાં રહેવા માટે આદેશ કરવામાં આવ્યો છે. સુરત જિલ્લામાં ગઈકાલે એકપણ પોઝિટિવ કેસ નોંધાયો નથી. એટલે કે સુરત જિલ્લામાં કુલ કોરોના પોઝિટિવની સંખ્યા ૫૭ છે. આમ સુરત શહેરની કુલ સંખ્યા ૯૦૬ અને જિલ્લાની ૫૭ સંખ્યા મળી સુરત શહેર જિલ્લામાં કોરોના પોઝિટિવની કુલ સંખ્યા ૯૬૩ ઉપર પહોંચી છે.

લોકડાઉન વચ્ચે સ્પાઇસ જેટમાં સુરતમાં ૫૦૫ ટન ઝીંગાના બીજની આયાત કરાઇ

૨૫મી ફેબ્રુઆરીથી ૮મી મે સુધીમાં ૮૦૦ ટન ઝીંગાના બીજા આવ્યાની નોંધ થઈ છે

સુરત

કોવિડ-૧૯ની મહામારીના નેશનલ લોકાડાઉનમાં સ્પાઇસ જેટ એરલાઇન્સે સ્પાઇસ એક્સપ્રેસથી સુરતમાં ૫૦૫ ટન ઝીંગાના બીજોની આયાત કરી રેકોર્ડ તોડયો છે. સ્પાઇસ જેટ એરલાઇન્સે જણાવ્યું છે કે, ભારત સરકારની મરીન કૃષિ ઉડાન યોજના હેઠળ ખેડૂતોને પ્રોત્સાહ મળવા સાથે તેમને નુકસાન નહીં થાય તે માટે કોવિડ ૧૯ના લોકડાઉનમાં પણ એરકાર્ગો સેવા કાર્યરત રખાય હતી.

દરમિયાન લોકડાઉનમાં ચેન્નાઇ અને વિશાખાપટ્ટનમથી ૫૦૫ ટન ઝીંગાના બીજને સ્પાઇસ એક્પ્રેસથી સુરત એરપોર્ટના કોર્ગો ટર્મિનલ પર ઊતારાયા હતા. આમ સમયરસ ઝીંગાના ઉત્પાદકોને બીજ મળતા પાક લેવામાં સરળતા મળી છે. ૨૫મી ફેબ્રુઆરીથી ૮મી મે સુધીમાં ૮૦૦ ટન ઝીંગાના બીજા આવ્યાની નોંધ થઈ છે. જો કે, કોવિડ-૧૯ના નેશનલ લોકડાઉનમાં ચેન્નાઈથી ૩૬૫ ટન અને વિશાખાપટ્ટનમથી ૧૪૦ ટન ઝીંગાના બીજ સુરતમાં આયાત કરાય છે. સ્પાઇસ જેટ એરલાઇન્સે એવું પણ જણાવ્યું છે કે, સ્પાઇસ એક્સપ્રેસથી સુરતથી દેશના અન્ય શહેરોમાં સેનિટાઇઝર, માસ્ક, દવા સહિતની મેડિકલ અને સર્જિકલ ચીજવસ્તુંઓ પણ પહોંચાડાય છે. રાજ્યમાંથી ૬૩૧ ટન ૬૩૧ ટન મેડીકલ, સર્જિકલ સાધનો, સેનિટાઇઝર્સ, ફેસ માસ્ક, કોરોના વાયરસ રેપિડ કિટ્સ, આઇઆર થર્મોમીટર જેવી ચીજ વસ્તુઓની હેરફેર થઈ છે. દેશ-વિદેશમાં સ્પાઇસ જેટે ૬૬૫૦ ટન મેડીકલ તથા આવશ્યક ચીજવસ્તુની હેરફેર કરી છે.



સરકાર દ્વારા ટ્રેન સેવા ઉપરાંત બસ સેવા શરૂ કરાવામાં આવી હોવા છતાં લોકડાઉનમાં સુરતમાં અટવાઈ પડેલા બેરોજગાર હજારો શ્રમિકોની સમસ્યાનો અંત આવતો જણાતો નથી. ગુજરાત સરકારની એસટી બસમાં આજની તારીખ માટે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત સહિતના પ્રાંતમાં પહોંચવા બુકિંગ કરાવી દીધા બાદ નિર્ધારીત સમયે એસટી બસનું આગમન નહીં અકળાયેલા શ્રમજીવીઓએ કરવા કલેક્ટર કચેરી સમક્ષ ઉમટી પડતા કલેક્ટર કચેરી પર તૈનાત પોલીસે સોશિયલ ડિસ્ટન્સ જાળવવા શ્રમિકોને લાઈનમાં ઉભા રાખી દીધા હતા.

નવો એક પોઝીટીવ કેસ આવ્યો છતાં

રાજપીપળા મુખ્ય મુખ્ય પોસ્ટ ઓફીસમાં સોસીયલ ડિસ્ટન્સિંગના ધજાગરા : અધિકારીઓ જવાબદારી લેવા તૈયાર નથી



મંડપ,પાણી જેવી કોઈજ સુવિધા ન હોવાથી ગ્રાહકો એક બીજાને અડીને ઉભેલા જોવા મળ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના વાઈરસ ની મહામારીમાં પ્રસાશન દ્વારા સમગ્ર દેશમાં લોકડાઉનનું પાલન કરાવવામાં આવી રહ્યું છે.મોટા શહેરો માં કોરોના ના પોઝિટિવ કેસોમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે નર્મદા જિલ્લામાં પણ કોરોના પોઝિટિવ નો નવો એક કેસ આવ્યો છે ત્યારે આ માટે કાળજી રાખવી ખૂબ જરૂરી છે લોકડાઉન માં સોસીયલ સિસ્ટનસિંગ રાખવું પણ ખૂબ જરૂરી બની રહે છે.છતાં રાજપીપળા ની અમુક બેંક પોસ્ટ ઓફીસ માં આ બાબતે કોઈ તકેદારી ન લેવાતી હોવાનું વારંવાર જોવા મળ્યું છે. રાજપીપલા ની મુખ્ય પોસ્ટ ઓફીસ ખાતે સોસીયલ ડિસ્ટનસિંગ ના ધજાગરા જોવા મળ્યા હતા . જેમાં પોસ્ટ ઓફીસમાં આવેલ મહિલાઓ અને અન્ય ગ્રાહકો બે ફિકર થઈ એક બીજાને અડી ને કતારો માં ઉભેલા જોવા મળ્યા હતા એક તરફ સરકાર લોકડાઉન નું કડક પાલન કરવા સૂચનાઓ આપે છે ત્યારે રાજપીપળા ની મુખ્ય પોસ્ટ ઓફીસ માં વારંવાર જોવા મળતી ગંભીર બેદરકારી માટે જવાબદાર કોણ..?

ઉપરાંત પોસ્ટ ના અધિકારીઓ સાથે વાત કરતા તેમની વાત ઉપર થી એમ લાગ્યું કે તેમને આ બાબતનો જાણે કોઈ નિયમ લાગુ પડતો જ નથી ગ્રાહકો આકરી ગરમી ના કારણે એક બીજાને અડીને ઉભા હોય મંડપ કે અન્ય વ્યવસ્થા પણ ત્યાં ઉભી કરવામાં આવી નથી અધિકારી ને પૂછતાં એવી જવાબ મળ્યો કે અમે શુ કરીએ અમારી પાસે આવી કોઈ વ્યવસ્થા નથી લોકો એ સામે ઝાડ નીચે છયડા માં ઉભા રહેવું જોઈએ.

GVK EMRI 108 એમ્બ્યુલન્સ સેવા દ્વારા ઈન્ટરનેશનલ નર્સેસ ડે ની ઉજવણી કરવામાં આવી



***GVK EMRI 108** ઈમરજન્સી સેવા દ્વારા આજરોજ તારીખ ૧૨.૫.૨૦૨૦ ના રોજ. ઝઘડિયા પી.એચ.સી તેમજ ઉમલ્લા સીએસસી ખાતે નર્સેસ ડે ની ઉજવણી કરવામાં આવી હતી હમણાં ચાલી રહેલ કોરોના રૂપી મહામારીમાં ફ્રન્ટલાઈન વોરિયર કહેવાય તેવા સ્ટાફ નર્સ તેમજ ડોક્ટર ને ફૂલ આપી અને ચોકલેટથી મોઢું મીઠું કરાવી સન્માન કરવામાં આવ્યું હતું આ સાથે ૧૦૮ ઈમરજન્સી સેવામાં કાર્યરત ઈરૂ મિત્રોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું આ ઉજવણીના ભાગરૂપે ભરૂચ જિલ્લાના ૧૦૮ ઈમરજન્સી સેવાના સુપરવાઈઝર અશોક મિસ્ત્રી આરોગ્ય સંજીવની ના સુપરવાઈઝર સચિન સુથાર તેમજ ભરૂચ જિલ્લાના ૧૦૮ સેવાના પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકર એ તમામ PHC ના સ્ટાફ નર્સ તેમજ ૧૦૮ ના કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા (ઝઘડિયા નિમેષ ગોસ્વામી)*

નર્મદા માં કોરોના લોકડાઉન ના પગલે બેકાર યુવાનો ચોરીઓના રવાડે ચઢ્યા..?!રાજપીપળા માં કેરીઓની ચોરી



રાજપીપળા સ્મશાન નજીક આવેલી કેરીઓની વાડી માંથી મહામૂલી કેરીઓની ચોરી કરતા નજીકના યુવાનો ઝડપાયા

હાલ કેરી નો પાક બહુ ઓછો હોય બજાર માં કેરીઓ મોંઘી વેચાતા કેરીઓની ચોરી કરી હાથ ખર્ચી કાઢતા યુવાનો બદામ જેવી મોંઘી કેરીઓ ચોરી કરતા ઝડપાયા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના ના કારણે લોકડાઉન ચાલી રહ્યું હોય કામ ધંધા બંધ છે તેવા સમયે હાથ ખર્ચી કે વ્યસનો માટે રૂપિયા ની જરૂર હોય ત્યારે ચોરી ના રવાડે ચઢતા કેટલાક યુવાનો એ રાજપીપળા સ્મશાન નજીક આવેલી કેરીની વાડીઓ માંથી હાલ મહામૂલી ગણાતી બદામ જેવી મોંઘી કેરીઓની ચોરી કરવા પ્લાન બનાવ્યો પરંતુ કેરીઓ ભરી કોથળા માં લઈ જતા રાત્રી રાઉન્ડ નીકળેલા વાડી રાખનાર રણજીતભાઈ કેરિવાળા જોઈ જતા એક યુવાન ઝડપાઈ જતા સ્થાનિકો એ પોલીસ બોલાવી હતી.જ્યારે અન્ય બે યુવાન ભાગી ગયા હતા ત્યારબાદ પોલીસ આવ્યા બાદ ફરિયાદ ની કાર્યવાહી કરવા જતાં સમાધાન થઈ ગયું હોવાથી આ બાબતે અમે કોઈ ફરિયાદ આપી ન હતી તેમ રણજીત ભાઈ કેરીવાળા એ જણાવ્યું હતું.

લો બોલો..હવે DGVCL ના ઓનલાઈન બીલ માં પણ લોચા..?!!

રાજપીપળા દરબાર રોડ પર એક ગ્રાહકને ત્યાં વીજ કંપનીનું ઓનલાઈન બીલ આવ્યું અધધ ૨૨ હજાર રૂપિયા

હાલ લોકડાઉન ના કારણે મીટર રીડર બિલો ફાળવા ન આવે તે માટે વીજ કંપની એ ઓનલાઈન બીલ મુક્યા હોય ગ્રાહકે અધધ બીલ જોતાજ એ ચોંકી ઉઠ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



હાલમાં કોરોના મહામારી વચ્ચે દેશમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે.તેવા માં કેટલાક ઓનલાઈન ટ્રાન્જેક્સન કામ લાગે છે ત્યારે દક્ષિણ ગુજરાત વીજ કંપની દ્વારા પણ લોકડાઉન માં બીલ ફાળવા આવતા મીટર રીડરો જેતે વિસ્તારો માં ન જાય તે માટે દરેક ગ્રાહકો ને ઓનલાઈન બીલ જોઈ ઓનલાઈન પેમેન્ટ કરવા સૂચના આપાઈ છે જેમાં ગ્રાહકો પોતાના મીટર નો ગ્રાહક નંબર નાંખી કેટલું બીલ છે તે જોઈ તેનું પેમેન્ટ કરે ત્યારે રાજપીપળા દરબાર રોડ ઉપર રહેતા એક ગ્રાહકે વીજ કંપની ની લિંક પર પોતાનો ગ્રાહક નંબર નાંખી બીલ ચેક કરતા જ તેમના પગ નીચે થી જમીન સરકી ગઈ હોય તેમ એ ચોંકી ઉઠ્યા કેમ કે દર બે મહિને તેમનું બે ત્રણ હજાર ની આસપાસ નું વીજ બીલ આવતું હોય તે આ મહિને ઓનલાઈન જોતા જ અધધ રૂપિયા ૨૨,૦૦૦/-જેવું આવ્યું..!!

ગ્રાહક આ આંકડો જોઈ ચોંકી ઉઠ્યા ત્યારબાદ લાગતા વળગતા અધિકારીઓ નો સંપર્ક કરી પૂછતાછ કરી પરંતુ રાજપીપળા વીજ કંપનીના એક અધિકારી એ ગ્રાહક નંબર નો મેસેજ કરવા જણાવ્યું છતાં બીજા દિવસે ગ્રાહકે ફોન કરી પૂછ્યું ત્યારે જવાબ એવો મળ્યો કે હજુ મેં જોયું નથી.ત્યારે ગ્રાહકની ઊંઘ હરામ થઈ ગઈ કે લોકડાઉન માં કામ ધંધા ના ઠેકાણા નથી તેવામાં આ દસ ઘણું બીલ અને અધિકારીઓ બિન્દાસ બની આ બાબત ગંભીરતા થી લેતા ન હોય ત્યારે શું થશે...?જોકે રજા પર હોવા છતાં અન્ય એક ઉચ્ચ અધિકારી એ ગ્રાહકને પૂરતો સંતોષ આપી લાગતા વળગતા કર્મચારી નો મો.નં.આપતા આખરે આ ગ્રાહકને સંતોષકારક પરિણામ મળ્યું જેમાં અગાઉ ની જેમ રનિંગ બીલ ભરી આગલા બીલમાં વધઘટ જોવા કર્મચારી એ જણાવતા ગ્રાહક ની તકલીફનો અંત આવ્યો હતો.

નર્મદામાં નવ મહિનાની સગર્ભાને ખેંચ આવતા GVK EMRI 108 માં સમયસર સારવાર મળતા માતા બાળક ને જીવનદાન મળ્યું.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના સાગબારા થી ૨૨ કિલોમીટર દૂર આવેલા ખરડીમહુ ગામનો સુવાવડ નો કેસ ૧૦૮ એમ્બુઅલન્સને મળતા જ એમ્બ્યુલન્સ ના pilot શંકરભાઈ મેઘા અને emt વિદ્યાબેન વસાવા સાગબારા ની ૧૦૮ એમ્બ્યુલન્સ ખરડીમહુ ગયા ખરડીમહુ પોહચી emt વિદ્યાબેન વસાવા દર્દી ની તપાસ કરતા દર્દી કરીના બેન વસાવા ને પ્રથમ પ્રસુતિ હતી. દર્દી ને ખેંચ આવતી હતી, દર્દી ની complicated પરિસ્થિતિ જોતા emt વિદ્યાબેન વસાવા અને pilot શંકરભાઈ મેઘા એ દર્દી કરીનાબેન ને ૧૦૮ એમ્બુઅલન્સ માં લીધા બાદ જરૂરી સારવારમાં ઓક્સિજન IV એક્સેસ અને કોમ્ફર્ટેબલ પોઝિશન આપી ત્યાંથી રવાના થયાં નવ મહિનાની પ્રેગ્નનસી સાથે ખેંચ જેવી કોમ્પ્લિકેશન હોવાથી ૧૦૮ એમ્બુઅલન્સ માં વધુ સારવાર આપવા માટે emt વિદ્યા બેને હેડ ઓફીસ થી ઓનલાઈન રહેતા ફિઝિશિયન ને ફોન કરવા પ્રયત્ન કર્યો પણ ખરડીમહું જેવા અંતરિયાળ માં coverage ન હોવાથી એ સમયે ફિઝિશિયન સાથે વાત ના થઈ તેમ છતાં emt વિદ્યાબેન એ હાર માન્ય વગર જરૂરી સારવાર આપી દર્દી ને મોનીટર કરતા રહ્યા અને જેવા નેટવર્ક માં આવ્યા ત્યાંથી એમને ઓનલાઈન ફીઝીસિયન ડો.મલેક ની સલાહ મુજબ જરૂરી ઈન્જેકશન અને ફ્લુઈડ આપી દર્દી ને સાગબારા CHC પર લઈ ગયા હતા પણ ત્યાં જરૂરી એવા ગાયનેકોલોજિસ્ટ ન હોવાથી ડેડીયાપાડા SDH હોસ્પિટલ ખાતે રીફર કરાયા હતા છતાં પણ કોમ્પિલિકેટેડ કેસ હોવાથી ત્યાંથી પણ સિવિલ હોસ્પિટલ રાજપીપળા ખાતે ખસેડવા માં આવ્યા હતા. દર્દીને ૧૦૮ માં આપેલ સારવાર બાદ ખેંચ આવી ન હતી. મળતી માહિતી મુજબ દર્દી કરીનાબેનને રાજપીપળા થી વડોદરા વધુ સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા અને SSG ખાતે આજે સવારે તેમની નોર્મલ ડિલિવરી થઈ હતી તેમણે બાબાનો જન્મ થયો હતો હાલ માતા અને બાળક બંને સ્વસ્થ હોવાની માહિતી મળી છે.

આમ ૧૦૮ એમ્બ્યુલન્સ માં જે સમયસર સારવાર મળી તેનાથી સગર્ભા માતા અને બાળક બંને નો જીવ બચાવવા માં સફળતા મળી. તેમજ દર્દી સાથે આવેલ સંબંધી ઓએ ૧૦૮ ના emt વિદ્યાબેન તેમજ pilot શંકર ભાઈની કામગીરી ને બિરદાવી હતી.

લોકડાઉનના કારણે વિદેશની ૧૦ સહીત ૧૦૦૦થી વધુ અસ્થીઓનું વિસર્જન પેન્ડીંગ

સુરત

શહેરમાંથી દર મહિને આશરે ૫૦૦ થી વધુ અસ્થિ વિસર્જન માટે હરિદ્વાર, અલાહાબાદ ખાતે મોકલવામાં આવે છે. માત્ર શહેર કે આસપાસના ગામો જ નહી પરંતુ વિદેશમાં રહેતા હિન્દુ પરિવારો પણ પોતાના સ્વજનની અસ્થી હરિદ્વાર ખાતે વિસર્જીત કરવા સુરત એર કુરિયર દ્વારા મોકલાવતા હોય છે અને ત્યાર બાદ આ અસ્થિઓનું ટ્રેન મારફતે હરીદ્વાર, અલાહાબાદ ખાતે વિસર્જન કરવામાં આવે છે. જોકે છેલ્લા ૫૦ દિવસથી ચાલી રહેલા લોકડાઉન વચ્ચે ટ્રેન વ્યવહાર પણ બંધ થઈ જતા વિદેશથી મોકલવામાં આવેલી દસ જેટલી અસ્થિઓ સહિત ૧૦૦૦ થી વધુ અસ્થીઓ વિસર્જન વિના પડી રહી છે.

અશ્વનિકુમાર સ્મશાન ગૃહ ખાતે કેન્ટીન ચલાવવાની સાથે સાથે વિનામૂલ્યે હરીદ્વાર ખાતે અસ્થી વિસર્જનની સેવા આપતા સુભાષ થીયાએ જણાવ્યું હતું કે સુરત શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ વિદેશમાંથી પણ હરિદ્વાર ખાતે અસ્થી વિસર્જન કરવા માટે તેમને ત્યા મોકલવામાં આવે છે. સ્મશાન ગૃહમાં અંતિમ વિધી માટે આવતા સ્વજનો મૃતકની અસ્થિ હરિદ્વાર વિસર્જીત કરવા માટે ત્યાંજ આપી જતા હોય છે. દર મહિને લગભગ ૫૦૦થી વધુ અસ્થિઓ વિસર્જન માટે તેમને ત્યાં આવે છે.

નર્મદા જીલ્લામાં સતત બીજી વખત તમાકુ અને ગુટખા નો મોટો જથ્થો ઝડપાયો : પોલીસે રૂ.૧.૮૦ લાખનો જથ્થો પકડ્યો:વાહન ચાલાક ફરાર



વ્યસનીઓ મોં માંગ્યા ભાવ આપવા તૈયાર હોવાથી, કેટલાંક કાળા બજારીયો એ પણ ગુટખા ની દાણચોરીમા ઝંપલાવ્યું

સરકારી પ્રતિબંધ થી ઉભી થયેલી પ્રચંડ માંગ વેપારીઓ ને વધુ લાભ મેળવવા ગુનો કરવા તરફ પ્રેરે છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સરકાર ને જીસ ચીજ પર પ્રતિબંધ લગાયા, હમને ઉસકી સ્મગલીગ શુરુ કર દી× એક જાણીતી હિન્દી ફિલ્મ નો આ ડાયલોગ અત્યાર ના સમય મા એકદમ બંધ બેસતો આવે છે.હાલ ની સ્થિતિને આધારે સરકાર ના હુકમ થી દરેક જીલ્લા માં જાહેરનામા બહાર પાડીને સમયની સ્થિતી મુજબ લોકો ના આરોગ્ય ની સલામતીને ધ્યાનમા રાખી ને તમાકુ અને તેની બનાવટો ના વેચાણ અને વપરાશ ઉપર હંગામી પ્રતિબંધ લાદવા મા આવ્યો છે.

સરકારી પ્રતિબંધ ને કારણે ઉભી થયેલી અછત અને અછત ને કારણે વધી ગયેલી માંગ ને કારણે તમાકુ અને ગુટખા ચાવવા ની કુટેવ ધરાવતાં બંધાણીઓ મોં માંગ્યા ભાવ આપવા તૈયાર હોવાથી આ પરિસ્થિતિ નો ભરપુર લાભ ઉઠાવી લોકડાઉન મા તગડા પૈસા કમાઈ લેવા માટે વેપારીઓ પણ બુટલેગરો ની જેમ અવનવી તરકીબો અજમાવી તમાકુ અને ગુટખા ની દાણચોરી મા સામેલ થઈ ગયા છે.

ગઈ કાલે બનેલા બનાવ માં નર્મદા જીલ્લા તિલકવાડા ની બુજેઠા ચેકપોસ્ટ ઉપર પોલીસ ટિમ ચેકીંગ મા હતી તે દરમિયાન ડભોઈ તરફ થી આવતી પીકઅપ ગાડી વ્હ ૦૬ છેં ૩૬૫૫ ને અટકાવી ચેકીંગ કરતાં ગાડીનો વાહન ચાલક પેશાબ કરવા જવા ના બહાને નાસી છુટ્યો હતો. ગાડી મા પાછળ બેસન ના પેકેટો નીચે તમાકુ ની થેલી ઓ જણાઈ આવતાં પોલીસે ગણતરી કરતાં અલગ અલગ કટ્ટાઓ મા તમાકુ અને બેસન મળી ને રુ.૧,૮૦ લાખ અને વાહન ની કીમત રુ.બે લાખ મળી કુલ ૩.૮૦ લાખ નો મુદ્દામાલ ઝડપી લેવામાં આવ્યો હતો.જોકે વાહન ચાલાક નાસી છૂટ્યો હતો.પરંતુ વાહન માથી સ્વસ્તિક એગ્રો ઈન્ડસ્ટ્રીઝ વાસદ ના લેટરપેડ ઉપર અબ્દુલ રજાક ટ્રેડર્સ નસવાડી ના નામ નુ બેસન નુ બિલ અને નસવાડી મામલતદાર કચેરી ના પાસ નુ આઈકાર્ડ મળી આવ્યુ છે. જેમા મહેશ ગોપાલભાઈ તડવીનુ નામ લખ્યું છે.જેથી તિલકવાડા પોલીસે મહેશ તડવી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આમોદના આમલી ફળિયાના વૃદ્ધને કોરોના પોઝિટિવ આવતા સારવાર અર્થે ખસેડાયા

ભરૂચ

ભરૂચ જિલ્લાના આમોદના આમલી ફળિયાના વૃદ્ધને કોરોના પોઝિટિવ આવતા સારવાર અર્થે વડોદરાની ગોત્રી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. ભરૂચ જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ફરી વધી રહી છે. સોમવારે એસ.આર.પી.ના બે જવાનોને કોરોના પોઝિટિવ આવ્યા બાદ આમોદના એક વૃદ્ધને પણ કોરોના પોઝિટિવ આવ્યો છે. આમોદના આમલી ફળિયામાં રહેતા ૮૬ વર્ષીય ચતુરભાઈ પરમાર નામના વૃદ્ધ ગોઈટરનાં ઓપરેશન માટે વડોદરાની એક હોસ્પિટલમાં ગયા હતા, જે બાદ તેઓને કોરોનાના લક્ષણ જણાતા તેમનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. જેમાં તેઓને કોરોના પોઝિટિવ હોવાનું બહાર આવ્યું છે.વધુમાં વૃદ્ધને હાલ સારવાર અર્થે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, તો આ તરફ આમોદના આમલી ફળિયા અને આસપાસના વિસ્તારોને કન્ટેઈમેન્ટ એરિયા જાહેર કરવામાં આવ્યો છે.